વિલાસ સુંદરી અને જાદુનો પલંગ

ભાગ બીજો.



વિલાસ સુંદરી

અને

અદ્ભુત જાદુનો પલંગ.

ભાગ બીજો.

લખનાર
પી. પી. યોગી.

છપાવી પ્રકટ કરનાર
સા. સુંદરદાસ પરાગજી બુકસેલર.

શ્રી "કમર" પ્રેસ અબદુલ રહેમાન સ્ટ્રીટ મુંબઈ.

સંવત ૧૯૬૩. સન ૧૯૦૭.

કીમ્મત બાર આના.

"તું ત્રાતાં ભ્રાતા માતા પિતા જગતનો,
પુરાણે પ્રખ્યાતા, સદા શાંતિદાતા ભકતનો."

તું સર્વમાંછે, તારામાં કોઈ નથી; તું સર્વેને જોયછે, તને કોઈ જોતું નથી. તુ સર્વેને ચ્હાયછે. તને કોઈ ચ્હાતું નથી છતાં તું દયાળુ હોઇને, સર્વેને એક દ્રષ્ટિથી જોયછે. તું મ્હાન સર્વજ્ઞ સર્વેશ્વર સકલ જગતનું કલ્યાણ કરનાર સચ્ચિદાનંદ સત્ય સ્વરૂપ, અખંડાનંદ આત્મારામ અવિનાશી-લખનાર-વાંચનાર અને છાપનારનું કલ્યાણ કરો-અસ્તું

વિલાસ સુંદરી

અને

અદ્દભુત જાદુનો પંલગ.

ભાગ બીજો.

કોકિલા.

ગુણનીધિથી વિખુટી પડેલી કોકિલા કાકલુદી સાથે વિચાર કરતી પોતાના ઘરમાં આમથી તેમ ભમવા લાગી અને ઉંડો નશ્વાસ મુકી પોતાના મન સાથ બકવા લાગીકે, "હાય ? હવે શું કરૂં ? કોને કહું ? કયાં જઉં ? કંઈ સુજતું નથી ? આંખે અંધારી આવેછે ? સર્વે દીશાઓ અંધકારથી ઘેરાયલી હોય એવો ભાસ થઈ રહયોછે? ધુલ પડી આ સંસારમાં? ક્ષત્રી કુલમાં ઉત્પન્ન કરી કુંવારીને જનેતા પણ છોડીને જતી રહી. હવે હું કોને શરણે જાઉં ? આધાર વગરની આંધળી કયાં જઈ ભટકું ? મારો પક્ષ કોઈજ નથી, અને ઉલટા મારા સુસ્વરૂપ પર મોહીત થઇ મારૂં હરણ કરવાને પારધી સ્વરૂપ ધારણ કરી રાત દીવસ મારી પુંઠે પડયાછે, ધિકકાર હજો એવા નરપિશાચોપર. આ સમે મારૂં વાલી, બેલી કોઈજ નથી, ઈશ્વરની ગાત વિશ્વથી ન્યારીછે. આંહાહા ? ?

જગદીશ્વર? તું જગતનુ રક્ષણ કરતાં મારૂં ભક્ષણ કાં કરેછે? મને આમ નિરાધાર કેમ કરી નાખી? વળી આવું રૂપ શા સારૂં આપ્યું હું કોને કહું? કોને વરૂં? કોઈ ક્ષત્રી બચ્ચો જણાતો નથી. બ્રાહ્મણ જેવા અને પરાક્રમહિણ રાજ કુંવરો પણ શા ઉપયોગના છે? મને એક દાસીથી પણ હલકી સ્થીતિમાં નાંખીને મહારાણી કરતાં પણ અધમ રૂપ આપનાર ઇશ્વરની અકકલ કેમ ગુમ થઈ ગઇ? ગુણનીધિ ખરેખર એક ગુણ રૂપનો નીધીજછે. વળી તે જીતેદ્રિંય હોય એમ એની મનોવૃતિ કંઇ ભાસ કરાવતી હતી. હા-તે જ્ઞાનીછે, ચતુરછે, શહાણોછે, સમજનારછે, છતાં લંપટ નથી. સર્જ્જનછે. જો તે સર્જ્જન ન હોત, ખાનદાની ન હોત, જો મુર્ખ હોત, અને વિવેકને વીચારનાર ન હોત, તો તે જરૂર મારા સ્વરૂપ પર મોહિત પડી મારા પ્રેમમાં પડત; મારા પ્રત્યેની એની જો દુષ્ટ વાસના હોત તો મને તે દુષ્ટ કાળ મુખાના હાથમાંથી છોડાવી એક શબ્દનો પણ ઉચ્ચાર કર્યા વગર મારા ઘરના ઉંબરા સુધી વળાવી કદ્દી જાત નહીં, અધરથીજ ઉઠાવી ગયો હોત. આમ કેમ બન્યું? આમ કરવાની એની શી મતલબ હશે? એની શી ઇચ્છા હશે? આમાં કાંઇ પણ મામીંક ભેદ હોવો જોઈએ. ગમે તેમ હોય, એનો નિર્ણય કરવાની મારામાં શક્તિ રહી નથી. મારી શકિતને હરી મારા મનમાં સળો પેસાડી મને પરવસુ મુકી ચાલતી પકડીછે. એ શુ થોડી નીર્દયતાં? એ શું થોડી કુરતા? થાય એવો નથી. પણ મારા પ્રારબ્ધજ વિચિત્ર છે. ગૃહદશા અનુકુળ નથી. જેથી આમ થાય છે. અથવા એમ પણ હોય, કે તે મારી ચતુરાઈની પરિક્ષા કરતો હોય, અને તેથી મને કહી ગયો હોય, કે મારો તપાસ કરી લેજે. કરીને કેમ તપાસુ? કયાંથી શોધું? કોના

મારફત ગોતું? અને શું અકકલ દોડાવું? અકકલ પણ કશું કામ દેતી નથી. ચતુરાઈ છંટાઈ ગઈ છે. બુદ્ધ બગડી રહી છે. જુવાની ઝાંખી પડી છે, મદ્ ઝરી જાય છે. પેટ વાત કહેવા કે દાઝ કાઢવાને કોઈ રહ્યું નથી. સ્નેહીઓની પડતી અને શત્રુઓની ચઢતી દેખાય છે. પ્રાણ મુંઝાય છે પણ જતો નથી. અહાહા!!! શો દૈવ યોગ છે.

"નર નથી કોઈ સૃષ્ટિમાં, શૂરો કે સુજાણ;
હોય કોઈ ખૂણે ખાંચરે, તો તેનું શું પ્રમાણ.
સાત્ર ગાત્ર હીણ થયાં, ગયાં સૌ રૂપ રંગ;
સારસ સમ સુ રૂપને, લેવા ચ્હાય કુવિહંગ.
નર બલહીણ નાર વધી, ગધી ઘોડાથી બળવાન,
ગુણવાન ગુણનીધિ ખરો, તજી ગયો છે હાલ."

જેથી સર્વે વાતે સુંદર મારે સારૂ શ્રી હરિએ ગુણનીધિ રૂપી રાજા નીમીજ રાખ્યો હોવો જોઈએ. જેથી હું પણ દ્રઢ નિશ્ચયપૂર્વક પ્રતિજ્ઞા કરૂં છું કે, વરૂં તો તેનેજ? તેનેજ મારા તનમન હરણ કર્યાં છે, અને પૂર્વના યોગ વગર તેમ બનવું સંભવેજ નહીં. ગમે ત્યાં તે અથડાતો રઝળતો હશે? ત્યાંથી તેને શોધી કાઢીશ. તેને માટે પ્રાણ અર્પીશ? તેને માટે ફકીરી લઈશ? તેને માટે આ દેહનો ભોગ આપીશ? પણ ગુણનીધી વગર બીજાનો તો સ્પર્શ કરનારજ નથી?

આમ ગુણનીધિના પવિત્ર પ્રેમમાં તલ્લીન બનેલી કોકિલા વીચાર રૂપી સાગરની લ્હેરોમાં ઝોકાં ખાઈ રહી છે

એટલામાં તેની પાછળ બે પુરૂષો આવીને તેણીની ઉપર મંત્રેલું પાણી છાંટયું. તેથી તે બેભાન બનીને તેની પાછળ ચાલવા લાગી.

આ બંને પુરૂષો કોકિલાને રણમલના રંગવિલાસમાં લઈ જઈ, એક પલંગપર સુવાડી દઈ; અલોપ થઈ ગયા.

પ્રિય વાંચક? હવે આ રંગ વિલાસમાં શું શું ચમત્કાર બને છે. તે તું જો.

અષાડ માસની વીજલીના પ્રકાશ સરખી કોકિલા ચમકી રહી છે, અને તેણીનાં તેજના અંબારથી રણમલનો રંગવિલાસ ઝળહલી રહયો હતો. કુસુમની શૈયામાં શયન કરનાર સુંદરી નિંદ્રામાંને નિંદ્રામાં આમતેમ આલોટતી હતી, આળસ મરડતી હતી, આંખો ચોળતી હતી, અને પોતાના કમળ સરખા બે હાથો આમતેમ ફેરવવા લાગી. પણ હાથમા પુષ્પોના ગુચ્છ સિવાય કંઈ આવ્યું નહીં. એટલે ઉંઘમાં ને ઉંઘમાં તે બોલવા લાગી કેઃ—

"પ્રેમ પ્રેમ સૌ કોઈ રાચે, પ્રેમ રીત ન જાણે કોય,
પ્રેમી પતંગ દીપક જોઈ, નિતનિત પ્રાણ ખોય;
સાચી પ્રીત સેવાલની, જલ સાથે સુકાય;
સાચી પ્રીત સરિતાની, સમુદ્ર સાથે સમાય.
પ્રેમ પાષાણ તોડી, બનાવે કનક નીત,
તે કનકને પ્રાણ અર્પે, એ પ્રેમની રીત.
પ્રેમ તણી બલિહારી છે, પ્રેમ તણાં ચઢે તાન.
પ્રેમ તણી મોરલીએ, ભુલી જાય મૃગ ભાન."

એટલી ટુક બોલીને પાછી બેઠી થઈ. હસવા લાગી. શરીર પરના તમામ વસ્ત્રો કાઢી નાંખ્યાં અને પલંગની બાજુમાં ગોઠવેલા કોચપર મુકવામાં આવેલી છાબમાં પડેલા પુલોથી ગુંથેલાં વસ્ત્રો ધારણ કરી આવો રસીઆ શીદને રીસાઈ જાઓ છો? એટલુ બોલી પાછી પલંગપર સુઈ ગઈ. અને ઉંઘમાંને ઉંઘમાં પાછી ઝંખવા લાગી. અહો નાથ ? ઓરા આવો, છેટા છેટા શું ભાગો છો ? આપને આજથી હું વરી ચુકી છું ? આપને આજથી આ તનમન અર્પી ચુકી છું ? આપને આજથી મારા શીરતાજ ઠેરાવી ચુકી છું ? હવે શીદને શરમ રાખો છો ? હવે શીદને મૌન્ય ધારણ કરી ઉભા છો ? જરા હસો ? અને હસાવો ? આલીંગન આપી છાતી સાથે દાબી કેમ શયન કરતા નથી ? શું વિલાસ રંગ રમવો ગમતો નથી ? અહો વીરભદ્ર તમે સૂતા છો કે જાગો છો ? તમને બહુ પરિશ્રમ પડયો છે તેથી બોલતા નહિ હો નહીં વારૂં ? અને તેથી મગજની નબલાઈથી ઘેન તો ચઢયું નથી ? વળી કયાં ગયા ? એકલી મુકી કયાં ગુમ થઈ ગયા ? નાના એતો ગયા, મારૂં કોમલાંગ તજી ગયા. મારી મધુર નજરને ચુકાવી ગયા. મારી મીઠી વાણીના પ્રવાહનો ઝરો ઝીલ્યા વગર ચાલી નીકળી ગયા. અહો મનોહર મૂર્ત્તી આજ અત્યારે કયાં અલોપ થઈ ગઈ? શું મારાથી રીસાઈ ગયા છો ? શું મારાથી આપનુ બરાબર સન્માન થયું નથી ? શું મારાથી આપનું કંઈ અપમાન થઈ ગયું છે ? કે શું હું આપને ગમી નહીં ? શું મારા કરતાં અધિક સુખદાયક થઈને સુખનો લાવો લેવરાવનાર કોઈ સ્વરૂપવંતીના પ્રેમમાં બંધાયલ હોવાથી મને ત્યાગી છે ?

શું આમ કરવું આપને ઘટિત લાગ્યું? હા! હા! નકિક તમને મારો પ્રેમ તથા આદરભાવ ઓછો પડયો હશે, તેથીજ તમે આમ કર્યું? શું મને એક હલકી ચાલની સ્ત્રીની યોગ્યતાથી એ હલકી ગણી કે શું? મારામાં જોઇએ તેવા સદગુણો ન દીઠાથી મને તરછોડી દીધી? જો એમજ હતું, તો મારો અપરાધ મારા આગળજ પ્રદર્શીત કરી મને ઘટિત શિક્ષા કરવી હતી, મદન વ્યથાથી વ્યથિત થયેલી હું અકલામણથી અવલા વિચારો બાંધી અમથી અમથી બડબડું છું. કોણ જાણે હું ભાનમાં છું, કે બે ભાનમાં છું, પણ મારી કલ્પના નિરાધારછે. મારા પતિ એવા છેજ નહીં. તે તો આ મારા કામ મંદિરમાં સંતાઈ જઈ મારી ચિકિત્સા જોતા હશે. પોતાપરના પ્યારની પારક્ષા માટે મારી કસોટી કરતા હશે? એમ બોલતી મધુર સુવા ગાઢનીંદ્રાને આધીન થઈ ઉંઘવા લાગી.

ચમત્કાર પહેલો.

એટલામાં આ રમણ્ય મનમોહક રંગવિલાસની ખુલ્લી રહેલી બારીઓમાંથી અતિ સુંદર ચાર યોગણીઓ દાખલ થઈ કોકિલાના પલંગના ચારે પાયે ચારે જણ ગોઠવાઈ જઈ અનુક્રમે મધુર સ્વરે કહેવા લાગીઓ કેઃ—

ભદ્રાણી—અહો? પતિરૂપી યજ્ઞ કુંડમાં પ્રાણાહુત દેનાર શુદ્ધ સાધવી સાવધ થા. તારો પતિ ગુણનીધિ, જેની તું હમણાં ઝંખણા ઝ,ખી રહી છે તેને, તે કળાધર જાદુગરની પ્રિય

પ્રેમદા કલાસુરી નામની જાદુગરણે, કાળા પર્વતની એક ગુફામાં કેદ કર્યો છે.

રૂદ્રાણી–જાગૃત થા, જાગૃત થા, તું તારા કોમળ મનને નકામો પરિશ્રમ ન આપ. તારા મનનો માનીતો અહીં નથી. પણ મોતનાં પંજામાં પડી સબડયા કરે છે. જતી વખતે તારા પ્રાણેશ્વરે તને શું કહ્યું હતું, તે તને યાદ છે. સ્મરણ કર. ઉઠ. તારા તન મન ધનરૂપી શસ્ત્રોને સજીને સ્વશત્રુની સંભાળ લેવાને સજ્જ થા.

ત્રીકાળી–સુભગા ! તારા જેવી શિયલ યુકત સતીના સત્ય મુકાવવા અને તારા ઉદય થનારા સુખના સૂર્યને અસ્ત કરવા ત્રણ નરાપશાચો આ ભુવનમાં દાખલ થયા છે. તેનો પરાભવ કરવા તત્પર થા. તે પાપીઓ સમજતા નથી કે સતીઓનો સ્પર્શ તો શું, પણ પ્રત્યક્ષ દર્શનથીજ દહન થઈ રાખ રૂપ બની જઈશું. હે ચંડાળો? તમારો પ્રલય થવા બેઠો છે; તમારૂં ધાર્યુ તો થવાનું નથીજ! પણ મને લાગે છે કે હવે તંમે જલદીથી આ પવિત્ર પૃથ્વીને તજીને ઘોર નર્કના નળની ટોટી વચ્ચે રબ્બરને ઠેકાણે જડાઈ સ્થીત થશો.

વાઘ્નેશ્વરી–જેને તું ચ્હાય છે, જેનું તું રટણ કરી રહી છે. જેને તું અહીઆં છે એવું સમજી તેને પ્રેમાલીંગન આપવા તત્પર થઈ છે. તે અહીઆં નથી, પણ મહા મુસીબતમાં પડી મહાદુઃખ ભોગવે છે. તું પ્રેમઘેલી બની તારા સુખનો નાશ કરવા કાં તત્પર થઈ છે? તારૂં ડાહાપણ કયાં ગયું? તારી અકકલ કેમ બ્હેર મારી ગઈ? બેઠી થા. જરા જો. આ ભવન કોનું છે? આ પલંગ કોનો છે? આ ભવનમાં બીજા કોણ છે?

તેને ઓળખ? સ્વપ્નાવસ્થાને આધીન થયેલી હે કોકિલા સત્વર સર્વેનો ત્યાગ કર. સાવધ થા. આ તારી ઝંખણા અને કલ્પના મૃગ જલ જેવી છે.

કોકિલા પાછી ચોંકી ઉઠીને બોલી કે, "અહો પ્રિયકર! શું શું તમે બોલો છો? અલ્યા દિપક તારા તેજનો પ્રકાશ કર, ઝાંખો શીદને બળે છે. શું તને પણ ઈર્ષા થઈ છે કે? મને સન્મુખ જઈ આલીંગન લેવા દે, હાસ્ય કરાવવા દે, નહિ હસશે તો જશે કયાં? હું બોલાવીશ તો બોલશે? મારા રમાડયા રમશે; મારા જમાડયા જમશે; અને તાંબુલાદિક મારા ચવરાવ્યા ચાવશે. ત્યાં સુધી સુવા બેસવા દઈશ નહીં. અહો? પ્રાણેશ્વર ઉઠો, હવે હદ વળી ,ગઈ, ધીરજ રહેતી નથી, મન વળતું નથી. મારી મદન વ્યથાને નિવારો, મારા તનમાં ઉઠેલી અગ્નિને બુઝાવો, અસ્થિરતાને સમાવો, મારી મનોકામના તૃપ્ત કરો. નહીં કરો? નહીં સમજો? બસ નમેરી થઈ બેસી રહેશો? પણ જો જો હો? વારા ફરતી વારો ચાલ્યો આવે છે; પછી પસ્તાવું પડશે, પગે પાણી ઉતરશે. સ્વયં પ્રકાશથી તિમિરનો નાશ કરી ચોરને ભયભિત કરનાર અલ્યા દીપક, નષ્ટ થઈ જા. તારા તેજથી મારા મનનો ચોર ભયથી શરમીંદો થાય છે. શું તું દ્વેષી છે? પર સુખપર તને ઈર્ષા આવે છે? શું તું પોતા સમાન વિયોગી સઘળાઓને થવા ઈચ્છે છે? અને તેથી તું તારે માટે શ્રેયકર માને છે? ના, ના, એમ અપકારી થવાથી તારૂં શ્રેય નહીં થાય. ઉપકારમાં શ્રેય સમાયલું છે; હું તારા જેવી નિર્દય, નિષ્ઠુર નથી. તું તારા પ્રેમમાં પડેલા હજારો પતંગોને બાળી મુકે છે, તેમ હું કરનાર નથી.

હુ મારા પ્રાણમય પતંગને પોતાના પ્રાણની સાથે સજ્જડ કરી જતનથી જાળવી રાખીશ.' આમ બોલી પાછી નિદ્રાધિન થઈ ગઈ.

આ જોઈ રૂદ્રાણીએ ત્રીકાલીને કહ્યું કે, "સખી! આતે કેવું સ્વપ્નું? આટલું આટલું કહેવા છતાં તે સ્વપ્નામાંથી જાગૃત કેમ થતી નથી?

ત્રીકાલી–સખી! એ સ્વપ્નામાં નથી? પણ જાદુરૂપી કિલ્લામાં ઘેરાઈ જવાથી તે બે ભાન બની ગઈ છે. તેથી આંખ ઉંચી કરી શકતી નથી. પણ સમજે છે બધું?

ભદ્રાણી–ત્યારે શું તે જાદુરૂપી કીલ્લાને તોડી, કોકિલાને સાવધ કરવાની તારામાં શકિત નથી?

ત્રીકાલી–બેહેન! શકિત તો ઘણી છે. પણ તે શકિતને અજમાવવાને થોડીક પલની ખોટી છે. જે બને તે સાવધ થઈને જોયા કર.

વિઘ્નેશ્વરી–બહેન! ત્રીકાલી કહે છે તે સત્ય છે. આપણા કર્ત્તા ત્રીકાલી સર્વે સમજે છે. માટે તારે જરા પણ ભય રાખવો નહીં. જ્યાં સુધી જાદુરૂપી કીલ્લાને તોડી કોકિલાને ત્રીકાલી સાવધ બનાવે નહીં ત્યાં સુધી આપણે આ જાદુના કીલ્લાની આસપાસ કોઈને પણ આવવા દેવું નહીં;

આ ચિત્તવેધક રંગ ભુવનમાં જાદુરૂપી કિલ્લામાં ઘેરાયલી કોકિલાના રક્ષણાર્થે આવેલી ચારે શકિતએ પોતાનું સ્વરૂપ બંદલાવી કોકિલાની ચારે તરફ ફરવા લાગી. આ જોઈ રણમલ ભુતનાથ અને કામનાથ દીગમુંઢ બની ગયા.

રણમલ–ભુતનાથ આ શું છે?

ભુતનાથ–આ વિચિત્ર પ્રકારનો ભેદ ભરેલો ખેલ છે?

રણમલ–ભુતનાથ? આ ભેદ ભરેલા ખેલને જાણવાની તારામાં કંઈ બુદ્ધિ છે?

ભુતનાથ–આ અલૌકિક ખેલની આગળ મારી બુદ્ધિ એક તરણા સરખી છે?

રણમલ–તો પછી આ કોકિલાને તું કેમ વશ કરી શકીશ?

ભુતનાથ–હાલ તો હું શું? મારો ગુરૂ આવે તો પણ કોકિલાને સ્પર્શ કરી શકે એમ નથી પણ બાયલો બની હીંમત તો હારીશ નહીં. બનનાર હશે તે બનશે? પણ યત્ન તો કરીશ.

કામનાથ–તું ખરો મૂર્ખનો સરદાર છે? સારા નરસાનો વિચાર કરવાની તારામાં જરા પણ શકિત નથી. તારી ઉદ્ધતતાઇનો આ બધો દોષ છે? તારા ગુમાનની આ બધી તકસીર છે. તું વાર્યો વરે એમ નથી પણ હાર્યોવરે એમ છે. મેં તને બહુ સમજાવ્યો, પણ તું સમજ્યો નહીં. લે હવે તારી ભુલનો ભોગ આપ. તારા કરતાં સરસ જાદુ જાણનાર કોઈ ખેલાડીનો આ ખેલ છે. તેમાં તારૂં અને રણમલનું કશું વળનાર નથી. જો કોકિલાને અહીં સુધી ન લાવતા અધવચથી ઉઠાવી ગયા હોત તો આવો કટ્ટાકટીનો વખત જોવો પડત? હવે શું જોય છે? ત્રણેનું આવી બન્યું એમ સમજ? શકિત હોય તો અજમાવ, નહીં તો નવ ગજના નમસ્કાર કર. તારૂં પાણી રહેનાર

નથી? તે જાણી જોઇને મોત માંગી લીધુ છે.

રણમલ–કામનાથ? ખચ્ચિત ભુતનાથે ફસાવ્યા છે? આવીજ પ્રકારના ઘોટાલામાં નાંખી, ગુણનીધીને હાથે કરણ-સીંહનો નાશ કરાવ્યો છે. હવે સોચ કરવો નિર્થક છે, બનનાર હશે તે બનશે?

ભુતનાથ–અલ્યા બાયલા રણમલ તારે માટે આવું ઘોર કર્મ કરવાને કમ્મર બાંધી છે તેનો તું આવો બદલો વાળવાને તત્પર થયો છે? શું તારો બંધુ મારા ઘોટાળાથી કે તારા હીચ-કારાપણાથી માર્યો ગયો છે? તારામાં શકતી નહોતી, તો પછી પારકી સ્ત્રીઓનું હરણ કરવાને હામ ભીંડવી નહોતી?

કામનાથ–કેમ ભુતનાથ? તારૂં ચિત્ત ઠેકાણે છે કે નહીં? આ વખત મેણાં તુણાં મારી ગુમાવવાનો છે કે કાર્ય સિદ્ધ કરવાનો છે?

ભુતનાથ–હું સારી પેઠે સમજું છું કે, તું સ્વાર્થનો સગો છે, એને લડાવી પોતાનો હેતું પાર પાડવામાં તું પહેલા નંબરનો ઠગારો છે? પણ વખત આવે વાત?

રણમલ–ભાઈ ભુતનાથ બધુએ જવા દે. કામ કર્યા પછી તારે જે કાંઈ કહેવું હોય ત કહેજે.

ભુતનાથ–કંઇ "ઉતાવળે આંબા પાકે?" "ધીરજના ફળ મીઠાં છે." "ખમે ત ખાટે." અધિરાઈથી અકલાઇ ઉઠવાનું કામ નથી. મહા વિકટ સમય છે. આ સમય સાચવી લેવામાં ઘણુંજ ડાહાપણુની જરૂર છે. આ કંઇ જેવી તેવી

રમતની વાત નથી. માથાં જાય તેવો ખેલ છે. "માથું મેલશે તેજ માલ કાઢશે?" આ ખેલનો કોઈ નાયક હોવો જોઈયે. તે સિવાય બીજાથી આવી શકિતનો પ્રયોગ અજમાવાયજ નહીં. હાય! રણમલ! કોકલા મેળવવી મુશ્કેલ છે. કોકિલાની આશા છોડી દે. કોકિલાના દર્શન થવા હવે દુર્લભ છે. કોકિલાને બચાવનાર કોઇ અદભુત જાદુગર મળ્યો છે. તેના જાદુ આગળ મારૂં જાદુ કશી ગણત્રીમાં નથી. પણ ગભરાઇશ નહીં, હીંમત તજી મરણ તોલ બનીશ નહીં. મારાથી બનશે તેટલું કરવાનોં હું પાછી પાની ભરીશ નહીં.

કામનાથ—બસ બધુ જવા દે. પ્રાણ બચાવવાની તજવીજ કર. મને હવે બચવાની જરા પણ આશા નથી: ઝાહનમમા ગઈ કોકિલા, કોકિલા, કોકિલા, તારે માટે અનેક યુવાને ઝુરી ઝુરી મરે છે, તેની તરફ જો. એકદમ નિર્દય બનમાં. તુ શા માટે દુઃખી થઈ બીજાને દુઃખી કરે છે. એ નથી માનવાની એ નથી પોતાનો ટેક છોડવાની; એમ મારી પૂરી ખાત્રી થઈ છે. માટે ભુતનાથ જવા દે. ઘર ભેગો થવા દે. જો તું નહીં માનીશ તો માથા અહીંયાજ દડવાના છે. પછી તારી મરજી.

ભુતનાથ—બસ બકવાદ કરવો મુકી દે. આવું આવું બોલી મારા પગ ભાંગી નાખમાં, ચુપ ઉભો રહે. જોઈ છે આ તરવાર. કમ્મર કસી મારા કાર્યમાં મદદ કર. કોકિલા કયાં જવાની છે એતો મારા હાથમાં છે. મારા પંજામાં છે. બહુ દિવસે બહુ પ્રયાસે હાથમાં આવી છે, તેને હું મુકી દઇશ; તેને હું સુખે ઝંપવા દઇશ. નહીં. નહીં. રણમલ તારો ચાકર. તારી ઉમેદ પાર પાડવાને પાછો હઠે એમ નથી. એક વખત આ કોકિલા

સાથે તારા રંગ મ્હેલમાં તારી મનકામના તૃપ્ત ન કરાવું તો મારૂં નામ ભુતનાથ નહી? આ માયીક શકિતનો નાશ કરવા માટે મારો પ્રયોગ અજમાવવા સારૂ જલનો લોટો લેવા અંદરના દીવાનખાનામાં જઈ આવું ત્યાં સુધી તમે અડગ થઈ ઉભા રહેજો. એટલું કહી ભુતનાથ બીજા દીવાનખાનામાં દાખલ થયો. તે જોઈને આ ચારે માયીક શકિતએ કામનાથ અને રણમલને સપાટા સાથે પકડી પલંગના પાયા સાથે સજ્જડ કરીને મુશ્કે ટાઇટ કરી દીધા. અને કહ્યું કે, "અહો કોકિલાના અભિલાષી હવે જુઓ છો શું? કોકિલાને દાસી બનાવવી છે કે કોકિલાની તરવારનો સ્પર્શ કરવો છે? આમાંથી જોઇએ તે માંગો. તે આપવાને અમે તત્પર છૈયે."

એટલામાં જલનો લોટો લઇ પાછો ભુતનાથ વિલાસભુવનમાં આવી કામનાથ અને રણમલને જોવા જાય છે એટલામાં તે ચારે જણીઓ આવીને, ઝટ કરી તેના હાથનો લોટો છીનવી લઇને કહ્યુ કે, 'વાહરે તારી ચતુરાઈ? જો, આ તારા નરઅધમ અને પારકી બાળાઓને દુઃખ દેનાર સાથીને તો અમારી સુકુમારી નીર્દોષ બાલાના પલંગના પાયા સાથે જડી દીધા છે; અરે, એ અમારા ગુલામને નમસ્કાર કર, એનાં ચર્ણ સેવ. નહિ તો તારી પણ એવીજ ગતી થશે. અરે નીચ, અધમ કરણી કરનાર દુષ્ટા ચરણી! સતિ બાળાઓને પીડારૂપ થઇ પડેલા પાપી, હજી તને અમારો ચમત્કાર બતાવ્યો નથી. નહિંતો તારા પ્રાણ ક્યારના કાઢી લીધા હોત. પણ તારામાં શકતી કેટલી છે તે જોવા સારૂંજ તને એટલી વાર બચવા દીધો છે.

આવો ચમત્કાર જોઇ ભુતનાથના હોંસ કોડ ઉડી ગયા, આંખો ઉંડી ઉતરી ગઇ, ચ્હેરો ફીકો પડી ગયો, હાથ પગ ટાઢા બોર જેવા થઇ ગયા. મનમાં કંપ છુટયો અને બધી રીતે જોતા હર્ષસનેપાતના દરદી જેવા આકારમાં સ્તબ્ધ બની ગયો. આ વખતે તે ભયભિત શોક સાગરમાં ડુબી ગયો, શું કરવું? કયાં જવું? કઇ સુંઝે નહીં. પાણ રક્ષાના પ્રપંચ માટે આમ તેમ ફરવા લાગો. અરે હાય? રણમલ અને કામનાથ, તમારા ને મારા ભાગ્યનો સૂર્ય અસ્ત થઇ ગયો, એ સઘળું મારી ગફલતીનુંજ કારણ છે. નહીં તો આટલી અવદશા સુધી પહોંચવું પડત નહીં. ઠીક, બનનાર ભવિષ્ય મિથ્યા થતું નથી. ભાવી યોગથી થનાર હતું, તે થયું. એ ફાટેલા આભને થીગડુ મારવાની મને હજી તાકાત છે.” એમ બોલતો તે પાછો ધ્રુજવા લાગો. ત્રીકાલીનું બિહામણું સ્વરૂપ નિહાલતાંજ તે બાવરો બની આડો અવળો ફરવા લાગો. તેની આંખે અંધારી આવવાથી, તે આમ તેમ ડોલવા લાગો. અને તેથી તેને ભયની કંપારી છુટવાથી એકદમ ધરણીપર ઢળી પડી. કહેવા લાગો કે, “હાય? હાથના કર્યાં હૈયે વાગ્યા? હાય? વાવ્યું તેવું લણ્યું? હાય? કરણીના ફળ ચાખ્યા? મેં ન્હોતું ધાર્યુંકે બકરૂ કાઢતા ઉંઠ પેસસે? મેં ન્હોતુ ધાર્યુ કે શેરને માથે સવાશેર મળશે? મેં આવું ઘોર કર્મ આદરતા પહેલા એવી આશા રાખી ન્હોતી કે, ઇશ્વિરની ગેબી ગોળીનો માર પડશે? આ શું બન્યું? એક ક્ષણમાં કેટલો બધો ફેરફાર? ખરેખર, કર્મ ફુટી ગયું? નસીબ પલટાઈ ગયું? સુધરેલી બાજી બગડી ગઇ?

ક્ષણીક સુખની ઇચ્છા માટે, ક્ષણીકના વૈભવ માટે, ક્ષણીકની આશા માટે, ક્ષણીકના લોભ માટે. માનખો ધુળમાં રોળી નાંખી આત્મ ભોગ આપવો પડશે? મારા પાપની શીક્ષા મને મળી ચુકી છે, મારા કર્યા કર્મનો બદલો મને મળી ચુકયો છે. ઇશ્વર તારે શરણે છું.' એટલું બોલી તે બેશુદ્ધ બની ગયો. આ જોઇ ત્રીકાળીએ કહ્યું કે, "એ તારા અધમ કાર્યને ફેરવી તેને જાળમાં સપડાવનાર તારૂં પાપ છે? તારા પાપનું બલિદાન દેવાને આ કોકિલાના પલંગના ત્રીજા પાયાને શરણે થા." એટલું કહી ત્રીકાળીએ તરત ભુતનાથને ઘસડી કોકિલાના પલંગના ત્રીજા પાયાની સાથે બાંધી દીધો.

પછી ત્રીકાળીએ કોકિલાને કહ્યું કે, 'હે સાધવી, તું હવણાં અચેત છે; તેથી તારી ચેતન શકિત આકર્ષાઈ ગઈ છે. તે શકિત તને પુનઃ પ્રાપ્ત થાઓ. છતાં તું અમારા દીવ્ય સ્વરૂપનાં દર્શન કરી શકીશ નહીં. માટે અમારા દર્શનની અભિલાષા ન રાખતાં, હું જે કાંઈ કહું તે સાંભળવામાં તારા ચિત્તને પ્રે૨.

કાળની પેઠે તારી પાછળ ભમી રહેલા, તારા માત પીતા ભ્રાતઓને રીબાવી રીબાવીને મારી નાંખનારા, આ તારા જન્મના કટ્ટા વૈરીઓને પકડી તારે તાબે કર્યાં છે; તેને કાંઈ પણ શબ્દ પુછ્યા વગર, આ મ્હેલ સહિત બાલી ભસ્મ કરી નાંખજે.

જો કે આ તારા જન્મ વૈરીઓનો નાશ થતાં પણ, તારા દુઃખનો અંત આવ્યો છે, એમ સમજી હર્ષાતુર બનીશમાં; હજી તારે માથે દુઃખરૂપી મ્હોટાં વાદળો ટમટમી રહેલા છે, તે વાદળોને વિખેરી નાંખવા માટે તને અનિવાર કષ્ટ વેઠવું પડશે. છતાં ડગીશમાં, મેરૂની પેઠે અડગ રહેજે. તારી ઉપર આવનારા

સંકટના સમયમાંથી તને શકિતઓ બચાવશે. તને સન્માર્ગ બતાવી તારૂં કલ્યાણ કરશે?

જેનું તું હમણાં ચિંતવન કરી રહી છે, જેને માટે તું સર્વસ્વ ખોહી મહા દુઃખની જાત્રા કરે છે, તે પ્રતિમાં પણ મહા કષ્ટ ભોગવી રહી છે, તે પણ તારૂં સ્મર્ણ કરી રહી છે. જેમ સંસારથી દુઃખી થયેલો માણસ, સંસાર સાગર તરવાને રાત્ર દિવસ ઈશ્વરની માળા ફેરવે છે, તેમ તારો ગુણનીધિ વ્યાધિમાંથી મુકત થવા માટે તારા નામની માળા ઝપી રહયો છે. ગુણનિધિ ગુણરૂપનો ખરો નિધિ છે, અને તે નીધિને પ્રાપ્ત કરવામાંજ તારા ભાગ્યનો ઉદય છે.

ગુણનીધિએ મહા સંકટ સેવીને જે દેવતાઈ વસ્તુઓ પ્રાપ્ત કરી હતી, તે વડે, કળાધર જાદુગરની કળાશુરી નામની પ્રિયાંગનાને વશ કરી, વૈમાનમાં બેસી કળાધરને જીતવા માટે સમુદ્ર માર્ગેથી જતાં હતાં. તેવામાં કળાશુરીએ કપટ બુદ્ધિથી વમાનને ભાંગી નાંખ્યું. તે વૈમાન સહિત ગુણનીધિ રમા અને કળાશુરી એ ત્રણે જણ સમુદ્રમાં પડયાં.

સમુદ્રમાં પડયા પછી, કળાશુરીએ પોતાનું વૈર વાળવાને નવું સ્વરૂપ ધારણ કરી મોહજાળ પાથરી ગુણનીધિની સાથે મહા યુદ્ધ કરવા માંડયું. યુદ્ધ કરતાં કરતાં આ ત્રણે જણ, તે સમુદ્રમાં આવેલાં એક વિશાલ કાળા પર્વતની ગુફામાં પેઠા. આ વિસ્તાર વગરની અંધકાર ગુફામાં પેસતાને ગુણનીધિની કળા ક્ષીણ પડી ગઈ, તેના હાથમાંની ચમત્કારીક વસ્તુઓ અલોપ થઈ ગઈ, તેથી ગુણનિધિ અકળાઈ જઈ બેભાન બની નિસ્તેજ થઈ પડયો. આવી દશાની આળીએ પહોંચેલા ગુણ-

નીધિને જોઈ, કળાશુરીએ પોતાની મોહજાળમાં ગુણનીધીને લપેટો નાંખી પોતાને વશ કરી લીધો. પણ કરે શું ? ગુફાની બહાર નિકળવાનો માર્ગ તેને મળ્યો નહીં ? તેથી કળાશુરી પણ લાચાર બની ગઈ. પોતાનો શત્રુ પોતાના હાથમાંથી છટકવા ન પામે; તેટલા સારૂં કળાશુરી વીજળીના વેગની પેઠે ગુફાની અંદરનો માંર્ગ શોધવા લાગી. જેમ જેમ તે ગુફાની અંદર શોધવા લાગી, તેમ તેમ તેને કશી શોધ ન મળતા પણ ઉલટી તે ગુફાની અંદર આવેલી આડી અવળી ન્હાની ન્હાની ગુફામાં પેસી ગઈ. તેથી તેની કળા પણ ક્ષીણ પડી જવાથી તે પણ યાકુલ વ્યાકુલ બની મૂર્છાગત થઈ ગુફામાં પડી.

હવે આ ત્રણેનું ભવિષ તારા હાથપર લટકેલું છે, આ ત્રણેનું જીવન તારી બુધ્ધ બળ ઉપર આધાર રાખી અટકેલું છે, હું કહું છું કે, તારા શિવાય એ ત્રણેનો બીજો કોઈ પણ પ્રાણ બચાવી શકે એમ નથી. એ તું નકકી જાણજે.

પછી ત્રીકાળીએ પોતાની ત્રણે સખિઓને કહ્યું કે, ‘હવે ક્ષણભર ન થોભતા, કોકિલાના હાથમાં ચાર કંકણો પહેરાવી માર્ગે પડો. જે વડે કોકિલા તરત સાવધ થઇ પોતાનું કાર્ય કરવાને તત્પર થશે.

ત્રીકાળીના કહેવાથી ચારે શકતીઓ સાથે મળીને ચારે કંકણો કોકિલાના હાથમાં પહેરાવી દઇ તરત અલોપ થઈ ગઈઓ.

કોકિલાના શરીરને, દૈવી શકિતનો સ્પર્શ થતાજ, કોકિલા આળસ મરડી પલંગપર બેઠી થઈ. કંઈ પણ વિચાર ન કરતાં પલંગપરથી ઉતરી આ રંગ વિલાસ ભવનમાં ફરવા લાગી.

ફરતાં ફરતાં તેની નજરે કેટલોએક રાજવિર પોશાક, અને નવીન જાતના હથ્યારો પડયાં, તે તરત તેણે ઉપાડી લઈ; પુરૂષ વેશ ધારણ કરી ઉભી. અને મન સાથે વાતો કરવા લાગી કે, "આ જગતમાં મારાં જેવી ભાગ્યહિણ અને દુઃખીઆરી બીજી કોણ હશે? જગતના અનુપમ સુખોનો અનુભવ કરાવવા માટે નહીં, પણ જગતના દુઃખરૂપી ડુંગરો સાથે દાબી દેવા માટેજ ઈશ્વરે મને સરજી છે? નહિ, નહિ, એમ મારાથી કેમ કહેવાય? કર્તા બુદ્ધિ છે, આત્મા તેનો શાક્ષી છે. તો પછી મારાથી ઈશ્વરનો દોષ કેમ કઢાય? ઈશ્વર તો નિર્દોષ છે. હુંજ દોષીત છું. મારા પૂર્વના સંસ્કારની વિધિ વિચિત્ર છે. તેનો જેને પૂર્ણ અનુભવ થયો હોય તેજ જાણી શકે છે, જે જે દુઃખો વેઠું છું, અને હજી વેઠીશ; તે બધા પૂર્વના સંસ્કારનો યોગજ સમજવો. પૂર્વના સંસ્કાર વગર દૈવ શકિત મને સહાય કેમ થાત? પૂર્વના સંસ્કાર વગર મારા પ્રાણ દાતારની ખરી શોધ કોણ બતાવત? પૂર્વના સંસ્કાર વિના કાંઈ પણ પ્રાપ્ત થતું નથી. પૂર્વના સંસ્કાર વડેજ મારૂં પ્રારબ્ધ જાગશે? જેની સાથે હજી રૂણાનુબંધનો કંઇ પણ સંબંધ થયેલો જોવામાં આવતો નથી, તે રૂણાનુ બંધનો સંબંધ પૂર્વનો સંસ્કાર હશે તોજ થશે? એમ કહેવામાં હું જરા પણ ખોટી નથી. આતો મનની ભ્રમણા છે, આતો મનની, મમતા છે. આતો મનનો મોહ છે. મમતા અને મોહ માટે આટલું આટલું કષ્ટ વેઠવું પડે છે. છતાં કર્મ સંજોગ વગર કાંઇ પણ મન ઈચ્છા, મન તૃષ્ણા તૃપ્ત થતી નથી.

દવયોગ, કર્મયોગ, ધર્મયોગ અને પાપયોગની ગતી અકળીત છે, તે કોઇએ જાણી નથી; ને કોઈ પણ પ્રાણી જાણી શકશે નહીં? પાણીના રેંટની પેઠે પ્રાણી માત્રનું કર્મ ચક્ર ફરી તેને તેના સારાં નરસાં કર્મોનું અવલોકન કરાવે છે. છતાં પ્રાણી માત્ર સારા સારનો વિચાર ન કરતાં, સત્યનો ત્યાગ કરી, અસત્ય ગ્રહણ કરી અધમ વૃત્તિથી વર્તે છે. તો પછી કર્મને શો દોષ દેવો? અને ઈશ્વરની અવગણુના કેમ કરવી? સત્ય છે કે,

'જળ સ્થળ અને વૃક્ષો ફરે, તથા પહાડ પર્વતો ફરે;
શશી રવી અને તારા ફરે, પણ કર્યાં કર્મો ન ફરે.
'થઇ ન થઈ, જોઇ, ન જોઈ, રહી જોવાની બાકી;
શું ભોગવ્યું, શું ભોગવીશું, ચઢયા સંસારની ચાકી;
સંચિત કર્મ જે પુર્વના, તે તણી રેખ પડી વાંકી;
ટાળી તે ટળશે નહીં, જે વિધીએ હાથે આંકી.

આહાહા! ખલકના ખાવિંદની ખુબીનો ખેલ મોહમાયામાં લુબ્ધ બનેલા માણસને કેવી પ્રકારે જાગૃત કરે છે? કેવી રીતે તેની દશાનું તેને ભાન કરાવે છે? એ પ્રત્યક્ષ પ્રમાણનો દાખલો જોઈ મારા મનની ખાત્રી થઈ છે કે, 'સત્યનેજ, સચ્ચિદાનંદ સ્વરૂપ સહાય કરે છે? સત્યવાદીજ તરે છે, સત્યવાનનોજ જય છે. અસત્ય વર્તનાર કદી પણ ઈશ્વર સ્વરૂપ જાણી શકતો નથી. અને ભવોભવ તેજ સ્થિતને પ્રાપ્ત થાય છે.

અત્યાર સુધી તો હું એમ વિચાર કરતી હતી કે, ગુણનીધિ મહાવૈભવો ભોગવી પરમ સુખની લહાણો લેતો હશે? અને તે ન્યુન ન્યુન રંગ રાગમાં ગુલતાન બની રતિ રસ લુટતો હશે? તેવા રંગમાં મસ્ત બનેલા ગુણનીધને મારૂં સ્મર્ણ કેમ

થાય? પણ આ મારી મનને ભમાવનારી કલ્પનાને એક ક્ષણમાં દૈવી શકિતએ છેણુંવેણું કરી નાંખી મારા મનની ખાત્રી કરી આપી છે કે, ' ગુણનીધિ તને ભુલી ગયો નથી, ગુણનીધિએ તને ક્ષણવાર પણ વિસારી મેલી નથી? પણ મારા ભાગ્યહિણને માટેજ તે મહાદુઃખ ભોગવે છે. મારા કરતાં અધિક ભાગ્યહિણ ગુણનીધિ છે? મારા કરતાં અધિક દુઃખ ગુણનીધિ વેઠે છે? હું દુઃખી છું છતાં સ્વતંત્ર છું, ગુણનીધિ દુઃખી છે, છતાંપર તંત્ર છે. એ દુઃખ કેમ સહન થઈ શકે? એક સબલ નિર્બલના કપટ રૂપી સાણસામાં સપડાઈ જઈ અનિવાર કષ્ટ ભોગવે એ શું થોડી ચિંત્તા ઉત્પન્ન કરાવનારી વાંત છે? અરેરે. હું કોને કેહેવા જઉં? મારા મનને કેમ મનાવું? મનાવનાર પણ જન્મનો દુખી છે; તેણે પણ અત્યાર સુધીમાં યત્કિંચિંત સુખ ભોગવ્યું હોય એમ મને લાગતું નથી ખરેખર ગુણનીધિ તારા અને મારા કર્મો એક સરખી ગતીએ પૂરી રહેલા છે. જો આમ નહોત તો ઉભયમાંથી એકતો અવશ્ય સુખી હોત. અહો? ગુણનીધિ તારે અને મારે પૂર્ણપણે રૂણાનુબંધ હશે તોજ બંનેને હાથે બંનેનું શ્રેય થશે? તોજ બંનેનો મેલાપ થશે? તોજ બંને એક સ્થળે બેસી સુખ દુઃખની વાતો કરશે? તોજ સાથે બેશી પ્રેમ ક્રિડા રમીશું? હાલ તો તું કયાં? ને હું કયાં? તારીને મારી વચ્ચે આસમાન જમીન જેટલો ફરક છે. પણ તું જેવો નિડર છે, જેવો તું બુદ્ધિશાળી છે, તેવો તું હમેશ રહેજે. ક્ષણભર પણ દુઃખ જોઈ આંખમાંથી આસું પાડે એવી તું મૂર્તી નથી. મારામાં મારાપણું હશે? મારા લોહીમાં લોહી હશે. ત્યાં સુધી તને

શોધીશ? તારા શત્રુઓને જોઈશ? તનેજ આ દેહ અર્પી ચુકી છું. તારા માટેજ આ વેષ ધારણ કરેલો છે? અને તારા માટે જ આ જગતને સબવત ગણી, જગતના અનુપ સુખનો ભોગ આપ્યો છે. અને હજી આપીશ. દૈવી શકિતની વાણી પૂળો. એ દૈવી શકિતની સહાયથી મારા દુઃખનો સત્વર અંત આવશે. ધીરજના ફળ મીઠાં છે. ધીરજ એજ મનની શાંતિ છે, શાંતિ એજ મનના દુઃખની ઔષધી છે. અને શાંતિજ સુખનું સત્ય સ્વરૂપ છે. માટે શાંતિથી વર્તવામાંજ લાભ છે." આમ વિચાર કરતી કોકિલા મહેલની નીચે આવી, મ્હેલને સળગાવી દીધો. અને રણમલની ઘોડીપર સ્વાર થઈ નગર બહાર નિકળી.

એટલામાં ઉદયાચલ પર્વતના પાછળથી ચક્રાકાર સૂર્ય મંડળ આકાશ મંડળમાં ઉંચે ચઢી આવતાં પોતાના તેજસ્વી કીરણો પસારી આ પૃથ્વીની દુનિયાના પ્રજા મંડળને ઘેરી લેનાર અંધકારને હાંકી કાઢવા પોતાની સોનેરી પ્રભાનો પ્રકાશ આપવા લાગ્યો. તેમજ ચોર લંપટ વગેરે નિશાચરોને ઉદાસી ઉત્પન્ન કરાવતો પોતાના તેજસ્વી બિંબને ઉદ્યમી અને કાર્ય કર પ્રજામાં પોતાની જય ધ્વની પસાર કરવા લાગ્યો, હરણીઓના નેત્ર અને કમળની પાંખડીઓ પ્રકાશિત થઈ ખીલવા લાગી. પશુ પક્ષી આદિક પ્રાણીઓ પોતપોતાના પ્રિય, પતી પુત્રોના વિયોગના દુઃખ દુર થવાથી અત્યંત આનંદીત થયા અને પોતપોતાના નેત્રો ઉઘડવાથી આનંદ શબ્દોનો ઉચ્ચાર કરવા લાગ્યા. પડદાની હુરીઓની પેઠે લાંબા તાણેલા ઘુંઘટના બારીક વસ્ત્રોમાં હરણીના જેવાં ઝળકતા નેત્રોવાળી અને વાદળમાં ઢંકાયલા ચંદ્રના જેવા મુખવાળી સાધારણ વર્ગની

સ્ત્રીઓ, યૌવન મદનાં છાકમાં છકી જઈ, મદોન્મત્ત હાથણીનાં જેમ ઝાંઝરોનાં ઝણકારાથી અને મન કલ્લોલના દોરથી ભદ્રા નદીના કીનારા તરફ તાંબા પીતલના માથે બેડા લઈ આવતી જતી દેખાવા લાગી. અને શીતકાળનાં નદી તરફથી આવતાં ઠંડાગાર જેવા પવનથી તાહાઢની અસહનીયતાથી “ શીવ શીવ ” શબ્દોનો ઉચ્ચાર કરતાં બ્રાહ્મણો સ્નાનાદિક શાચ કર્મ કરવા નદી તરપ્ જવાને દોડધામ કરતા દેખાવા લાગ્યા. એટલુંજ નહીં પણ હંસ અને પરમ હંસો (સન્યાસીઓ) જલમાં સ્નાન કરી જય નારાયણ જય નારાયણ કરતાં નદી તરફ આવતાં જણાયાં.

આવા સમયે તે ચતુર બાળા પોતાની ઘોડીને ઠુમઠુમ નચાવતી શહેરની બાહેર નિકળી ધીમે ધીમે આગળ કુચ કરતી કરતી પોતાના નગરની સીમા વટાવી એક ગાઢા અરણ્યમાં દાખલ થઈ. પ્રાણ ઘાતક પ્રાણીઓના ઘોર ગંભિર નાદથી ગાજી રહેલા અરણ્યના વિકટ માર્ગ કાપતી કાપતી આગળ વધવા લાગી. તેણીના મસ્તક મંડળ ઉપર સૂર્યની સ્વારી આવી પહોંચતા સુધીમાં તેણીને એક પણ સારી દીશા ન સુઝવાથી તે જરા પણ ન ડગતા, દ્રઢ, થઇ મનને સંકોચીને, એક શૂરાને દિપાવે એવી ચાલાકીથી, પોતાના તરવારવડે વચમાં નડતી કાંટાની ઝાડીનું છેદન ભેદન કરતી, ઘોડીને ધન્યવાદ દેતી, પ્રેમથી તેને ચુંબન લેતી. વાહ માણકી વાહ? આજ તે ઠીક બજાવી છે. રંગ છે તારી જાતીને એવા મંઝુલ સ્વર ઉચારતી ઉચારતી તે વિરબાળા મધ્યહાન થતાં એક મહાન સરોવરની આગળ આવી પહોંચી.

આ મહાન સરોવરને શોભાવી રહેલા વિવિધ પ્રકારના વૃક્ષોની ઘટાદાર વેલીઓની અનુપમ લીલા નિહાળી વિકટ અરણ્યની વેઠેલી વિકટ વેદનાથી તે વિર બાલાનું કર્માઇ ગયલું મન પ્રફુલ્લિત થયું. બે ઘડીનું શાન્તી સુખ ભોગવવા માટે પોતાની ઘોડી ઉપરથી નીચે ઉતરી, ઘોડીપરનો સાજ ઉતારી લઈ, ઘોડીની પરસેવાથી ભીંજાઈ ગયેલી પીઠને લુછી સરોવરની તટે જઈ, તેણીને પાણી પાઈ, ચારો ચરવાને છુટી મુકી દીધી. અને પોતે જરા આડે પડખે પડી થાકી ગયલા શરીરને આરામ આપવા લાગી. ચાલી રહેલા મંદમંદ વાયુના વેગથી ચોમેર પસરી રહેલી વિવિધ પ્રકારના પુષ્પોની સુગંધીમય વાસનાથી તલ્લીન બનેલી મુગ્ધા નીદ્રા દેવીને વશ થઈ ગઈ.

પરાધિનતાને વશ થયેલી પોતાની પ્રિય સખીને જોઈ "માણકી" પોતાનો ચારો પડતો મુકી તેણીના રક્ષણાર્થે તેણીની આસપાસ ફરવા લાગી. અને તેણીના મધુર મુખની ઉપર ખીલી રહેલી સુરખ લાલીનો સુરસ ચાખવાને ટમટમી રહેલા ભ્રમરાઓને પોતાના પુછડાના બાલના ઝપાટાથી ઉરાડવા લાગી.

સૂર્ય સમુદ્રનું આલીંગન કરતો હતો, તેના લાલ કીરણો સમુદ્રમાંથી જલનાં રજકણો ખેંચતાં વક્રીભાવન પામીને મેઘધનુષ્યાકાર પ્રકાશી રહેલ છે. ચારે કોર સંધ્યા પ્રકાશથી સુંદરતા છાંઈ રહી છે. પંખી પોતપોતાના માળા શોધવા ધાંધલયુકત કલોલ કરી રહ્યાં છે. ધેનુપાળ ધણ સાથે ધૂળીમાં ધમકારા બંધ ટચકારા સાથે ધેનુઓને દોડાવતા આવે છે

કેટલાક ગોવાલો મુરલી વગાડી તથા કેટલાક ગાતાં રમતાં પોતાના ઘર તરફ આનંદમાં ધસ્યા આવે છે. દિવસથી, ધૂળીથી જેનાં પાનો ભૂરા બની ગયાં છે, એવા વૃક્ષો મંદમંદ પવનની મદદથી સાયંકાળે પોતાપરની ધૂળને ખંખેરી રહ્યાં છે. નદીના ખળખળતાં પાણીના ઘોષ તથા સમુદ્રની ગર્જનાથી ઘોઘાટ મચી રહયો છે. એવા સાયંકાળના આનંદમય સમયમાં મહારાજા સૂરસેન સૂરભેર મારૂતને મરોડી હરણી પાછળ શિકાર સારૂ છૂટી નીકળ્યો છે. પોતાનાં પ્રાણના બચાવ સારૂં ગભરાઈ પળાતી મૃગલી એકદમ તે દૃષ્ટિ સામેથી અલોપ થઇ ગઈ. કયાં ગઇ? એમ ધારીને રાજા આજુ બાજુ નિહાળવા લાગ્યો. દિવસ આખાના શ્રમથી થાકેલા પંથીનો પેઠે એક પુરૂષ સાયંકાળની સુંદર હવામાં નિદ્રાવશ પડેલ જોવામાં આવ્યો. આશ્ચર્યથી સૂરસેન આગળ વધી જૂવે છે તો, સુનારની બાજુમાં શિકારરૂપ હરણી પણ પડી રહી દેખાઈ. સુઈ રહેલા પુરૂષને ધારી ધારીને જોતાં તે પુરૂષ વેશમાં કોઈ સ્ત્રી સૂતી હોય એમ જાણવામાં આવ્યું. જરા ચમકીને પાછા હઠતાં રાજાએ તેના અવયયવો તરફ પોતાનું લક્ષ ખેંચ્યું. સુંદર મુખારવિંદપર પડેલાં પરિશ્રમનાં બિંદુ કમળપરનાં જલ બીંદુ સમ સુશોભિત દેખાતાં હતાં. સઘળા સંજોગોથી તેણી સ્ત્રીજ છે, એવી ખાત્રી થતાં, તેણી કોણ? કોણની? અને શા સારૂં અહીં પડી છે? વગેરે વિચારોમાં લીન થયેલો રાજા તેણીની અનૂપમ છબીપર મોહ પામેલો સૂરસેન મન સાથે બોલી ઉઠયો જે:–

"કમળા સમ કુલિન કાંતા, શાંતિથી સુખે સૂતી છે;
દેખતે દારિદ્ર જાય, સૂરસેન નિહાળી સુખી છે.
ચંદ્રવદન મૃગ નયની, શયની શિતળ થઈ સૂવે;
નિરખી મુખ કમળ પ્રેમે, ધસી આવી કામ આપ જૂવે.
શશિ શરમાય સુરૂપથી, પ્રુપૂથી કરમાય કમળ;
ઝુકથી શરમાય હાથીઓ, મુખ મોતી સમ નિરમળ.
રૂપે રામા રંભાથી અધિક, મંજૂલ કોમળ ખૂબ;
સૂરસેન સ્વમન થકી, સ્વયં કરવા ધારે હુબ.
મન માની મહિલા ખરી, કરવી કેમજ હાથ;
કોણ જાણે કો તણી તે, જાણે જગતનો નાથ.

હા ! ! ઈશ્વર !!! શું અનૂપમ રૂપ છે? સાક્ષાત્ અત્યુત્તમ, નોત્તમ રતિનું બીજું સ્વરૂપજ છે. અથવા તો તેણી પોતેજ છે. નારાયણ જાણે પણ, આ કમળવદનીને એક વખત જાગૃત કરવીજ યોગ્ય છે."

એમ કહી તેણીને જગાડવા નજીક જતાં, પાસે બાંધેલી સુનારની અશ્વિની આડી અવળી ફરવા લાગી. પોતાનો ઘોડો દૂર બાંધેલો, અને નીચે ઉભી, ઘોડીની આડાઈથી આમ તેમ ફરી, સૂતેલીને સ્પર્શ કરવા આતુર થયેલા રાજાને, ઓચીંતી ઝડપ નાંખી ગરદનથી પકડીને ઘોડી દૂર ખસડી ગઈ.

ઘોડીથી ઘસડાતાં સૂરસેનને જોઈને અકસ્માત ચોંકી ઉઠેલી સુંદરી કોકિલા કલ્પના સાગરમાં વધુ વધુ ઘુમવા લાગી. તેણી તોરમાં બોલી ઉઠી કે, "હા ! ! દૈવ, હા દૈવ ! ! ! વળી શી બલા જાગી. ઘોડી સાથે આ કોણ પુરૂષ બળ બાંધીને ઘોડીને બાથ ભીડી રહયો છે." એમ બોલતાં તેણીએ ઘોડીને

બોલાવી કે, "મારી પ્યારી અશ્વની તું કોને રોકે છે?" પોતાની સખિના ઉપલા શબ્દો સાંભળી ઘોડી સૂરસેનને છોડીને અળગી થઈ ગઈ.

અશ્વિનીથી અળગો પડી સૂરસેન કોકિલા સન્મુખ આવ્યો. તેને જોઇને કોકિલાએ પુછયું કે, "તું કોણ? કયાંથી અને કેમ આવ્યો છે?"

સૂરસેન—હું આ પ્રદેશનો મહિપતિ, મૃગ્યા રમતાં મૃગલી ગુમાવીને મૃગાક્ષીને પ્રાપ્ત થયો છું? ઈશ્વર કૃપાથી હું પોતાને ધન્ય માનું છું.

કોકિલા—હે ભૂપતિ!! ધન્યા ધન્યનું આમાં કશું કારણ નથી.

સૂરસેન—કેમ?

કોકિલા—કેમ રૂપી કારણના પ્રશ્નની પણ કશી જરૂર નથી.

સૂરસેન—વાંક ચાતુરીમાં ચપળ કામિની, ખરેખર તું કોઈ મ્હોટાં ઘરમાં ઉત્પન્ન થયેલાં અમૂલ્ય રત્નરૂપ મહારત્ન છે, અને મારા પૂર્વ દત્તનાં પૂર્ણભાગ્યથી મને પ્રાપ્ત થઇ છો. બિન વારસી માલનો માલિક રાજા છે, અને તે ધર્મશાસ્ત્રને અનુસરીને છે.

કોકિલા—કબુલ છે. ધર્મશાસ્રનું ઉલ્લંઘન કોઇ કરી શકે તેમ નથી. પરંતુ આપે જણાવેલો કાયદો ફકત બીન વારસી સારૂંજ છે.

સુરસેન—વારસદાર માલ રેઢા રસ્તે પડયો ન હોય.

કોકિલા—બેશક!! માલિક કોઈ કારણસર વા તો બીજાના કારણથી કાર્યાર્થે કયાંય ગયો હોય, અને પાછળથી બિન

વારસી ગણીને રાજા તેને ઉઠાવવા ચાહે; તો પછી નીતિ ભંગનો દોષ રાજાપર, કે માલ ધણીપર રહે.

સુરસેન–ના લાયક ઈસમ પાસે લાયક વસ્તુ ટકી શકે નહીં. ઈત્તર બળવાનો છીનવી લે. જેથી નબલાના માલનો કબજો પણ રાજાએજ રાખવો જોઈએ એવો જીર્ણ કાયદો છે.

કોકિલા–નબળો હોય તેનો, સબળાનોતો નહિં ને?

સુરસેન–સબળાની ચીજો ગેર સ્થિતિમાં રઝળી શકેજ નહીં?

કોકિલા–યાત્રાળું લોકો પ્રવાસનાં કારણથી તેવાં દેખાય પણ તેવા હોય નહિં.

સુરસેન–સબળા હોઈને પણ શું કરે?

કોકિલા–કરે શું? આ વખતમાં રૈયતને કંઈ ન થાય તો પછી રાજાજીને તો કહેવાયજ કેમ?

સુરસેન–સુંદર ખાનપાન, વસ્ત્ર, વસ્તુ, મહેલ, ખજીના, સત્તા, ન્યાય, ધર્મ કર્મ અને દંડાદિકમાં ઉત્તમ વસ્તુ તથા અધિકારના ભોકતા અધિપતિ નૃપતિજ છે.

કોકિલા–સિવાય કોઇ કેમ નથી? જેના નસિબની જે વસ્તુ છે, તેનો ભોકતા તેજ છે.

સુરસેન–પારબ્ધવાન ભોકતાના કબજામાંથી ખડી પડેલી વસ્તુ ભૂપતિને માટે ભેટ થાય છે.

કોકિલા–કબુલ, પરંતુ તે માલિકી માટે નહીં, માલિક મળતાં સુધી રક્ષણ કરવા સારૂંજ ફકત સોંપવી એવો રીવાજ છે.

સુરસેન–ધન્ય. એક પાસે સોંપેલી, સપડાએલી, જડેલી, મળેલી, કે ગીરવી મુકેલી ચીજ મૂકનારને કબજેથી સંભાળનારને કબજે ગયા પછી તેને વાપરવા હરકત નથી.

કોકિલા–એ નિયમતો જડ ચીજને માટે લાગુ પડેછે.

સુરસેન–સ્થાવર, જંગમ સૌને માટે.

કોકિલા–જંગમમાં પણ ચૈતન્ય વસ્તુ વરજીત છે.

સુરસેન–કદી નહીં! શું, ગાઇ, ભેસ, બકરી, બેલ, ઘોડા ઉંટ, અને હાથી વગેરે ચીજો વાપર્યા વગર કોઈ રાખી શકે? અને રહે પણ ખરી?

કોકિલ–અવાચ્ય પ્રાણી અને વાચા યુક્ત પ્રાણીઓની હકકની નીતિમાં બહુ તફાવત છે. મનુષ્યો સવાચ્ય છે. અને તેથી તેઓ સ્વતંત્રતાનો હક ધરાવે છે

સુરસેન–પણ, સ્ત્રીઓને વાસતે સવતંત્રતા છેજ નહીં.

કોકિલા–જેમ સ્ત્રીઓ સવતંત્ર નથી, તેમજ દરેકને તાબે થવાનો હકક પણ ધરાવતી નથી.

સુરસેન–તોપણ રાજાઓને તાબે થવાનો, નરનારી ઉભય પ્રજાને સરખી ફરજ છે.

કોકિલા–રાજાઓએ બિન વારસામાં આવેલી પરસ્રીનું,

પુત્રી, બેન અને માતુ પ્રમાણે રક્ષણ કરવું એવી શ્રી મનુ ભગવાનની આજ્ઞા છે.

સુરસેન–યોગ્ય છે, પરંતુ પરસ્રીને માટે, કાંઈ તારા જેવી કુંવારી કુમારિકાઓ સારૂં નહીં. તેવીઓતો રાજાની મરજી હોય, તો રાણીજ થવા લાયક છે? સમજ્યા તમે.

કોકિલા–સમજી. આપના જેવા સર્જન રાજન ઉઠીને પાપ દૃષ્ટીથી પરસ્રી લંપટ જેવુ વદવું ઉચિત્ત નથી. કાંઈ તરૂણી વગર પતિની હોતી નથી. પણ ગરજીને જ્ઞાન ન હોય એ નિયમ પ્રમાણે આપની; સથીતિ થઇ છે.

સુરસેન–ગમે તેમ હો. પણ હું કે જે, એક મ્હોટા પ્રદેશનો મહારાણો છું, તે મારી ઇચ્છા પ્રમાણે કદી પણ કર્યા વગર રહેનાર નથી. એ તું નકકી માનજે.

કોકિલા–માની ચુકીજ છું છે. પરંતુ તેમજ હું પણ એક પ્રબળ નરસિંહની આધ્યમાં આધ્યમાંની તે શકિત સિંહણ રૂપ છે, તે હે ભુપ! સુતરાઈથી તારા હાથમાં આવનાર નથી

સુરસેન–મહા પ્રબળ વનરાજ ગમે તેવો સિંહ હોય, તોપણ તેનો તાત્કાળિક શિકાર કરનાર સુરસેન નારી જાતિ સિંહણથી કદી જાય તેમ નથી.

કોકિલા–સામ સામો મુકાબલો થવાથી જણાઇ આવશે.

સુરસેન–શાનો મૂકાબલો.

કોકિલા–"અસી" દેવીનો.

સુરસેન–અસી કસીને તો ઉભેલોજ છું.

કોકિલા–કસવાથી કાંઇ થશે નહીં. પણ ચસકાવવી જોઇશે.

સુરસેન–કોનાપર.

કોકિલા–પોતાની અગાધ આશાપર.

સુરસેન–મારી આશા અમર છે. નિરાશાને અગાઉથી જ છેદી મૂકી છે.

કોકિલા–કંથ વિનાની કામિની, વગર યુધ્ધે હસ્તગત નાહ થાય.

સુરસેન—યુદ્ધ ? ચંદ્ર કૌમુદીનું યુદ્ધ ? આશક માશુકનું યુદ્ધ ? રાજા રૈયતનું યુદ્ધ? પતિ પત્નિનું યુદ્ધ ? કે નર નારીનું યુધ્ધ? શું સંભવે ? કશું નહિ. અઘટિત કદી ન થાય.

કોકિલા—અઘટિત કંઈ નથી. પ્રથમથીજ ચાલતી પૃથા છે, સાક્ષાત આધ્ય શકિતને વશ કરવા શુંડ મુશંડને તેણીને સાથે લડવું પડયું હતું. તેમજ ભોમાસુર, બાણાસુર, રાવણ, સહસ્રાઅરજુન, કીચક વગેરેનું થયું છે. પ્રેમીલાને તાબે કરતાં અરજુનને તેણીની સાથે યુધ્ધ કરવું પડયું હતું. એ રાજનીત કેમ વિસરી જાઓ છો.

સુરસેન—એવી અગાધ શકિતવાળી તું સતિ નથી.

કોકિલા—કેમ જાણ્યું? થા તયાર.

એમ કહી, હવે બચવાનો બીજો રસતો રહયો નથી. એમ માની કોકિલા કટાર તથા શમશેર સમારી સિધ્ધ થઈ તેણીની તૈયારી નિહાળીને સંખેદાશ્ચર્યથી સુરસેનને પણ સિધ્ધ થવું પડયું. હાથમાં હથિયાર સાહીને સામ સામાં ઉભય ઉભાં રહ્યાં. તેણીના હઠથી લડયા વગર ચાલશે નહીં, એમ ધારી સુરસેન બોલ્યો કે, ‘હે સુંદરી, તારી ટેક પર હું ખેદાશ્ચર્ય પામ્યો છું. વિર હઠ પ્રમાણે હું તને તજનાર નથી. તેમ મારે હાથે સ્ત્રી હત્યા કરનાર નથી. જેથી તારા બળ જેટલું તુંજ લડી લે.” કોકિલાએ આવેશમાં આવીને કહ્યું કે, “રણભૂમિમાં ઉભા રહીને કાયરની પેઠે કાલાવાલાથી, કે કારણથી કાલું કાલું કહીને કાર્ય સાધુ નહીં કહેવાય ?” એમ કહી કોકિલાએ તેનાપર તરવારનો વાર કર્યો. તેને યુકિતથી બચાવી સુરસેને સામો ઘા કર્યો. યુકિતથી તેના ઘાને બચાવી કોકિ-

લાએ તેનીપર કટાર ફેંકયો. અધરને અધર તેને ઉડાવી દઇને સુરસેને સામો ઘા ફેંકયો. કોકિલાએ તેને છટકાવી દીધો. કંટાળેલી કોકિલાએ હવે કાળથી કારમો વાર કર્યો. તે એવા જોસથી બેઠો કે સુરસેનની છાતી ફાટી લોહી વહી નીકળ્યું. અત્યાર સુધી કોમળ યુદ્ધ કરનાર સુરસેનને કારી ઘાથી કલેશ થયો. અને તેણે તેવાજ જોશથી ભાલો ફેંકયો. કોકિલાએ કંઠ બચાવ્યો. તેથી ભાલો માથાના અંબોડામાં પેશી ગયો. ઝટકાથી તેને ખસેડીને કોકિલાએ એક સાંગ સુરસેનપર ફેંકી. આમ સામસામાં હથિયાર ઉડવાથી, તેની અથડા અથડીથી, મ્હોટાં શબ્દ થવા લાગ્યા. ઉભયના હથિયારોનાં ઘસારાથી અગ્નિ ઝરવા લાગ્યો, વિજળી રૂપ તે અગ્નિ ઝાડ, વનસ્પતિ, ઘાસને લાગવાથી 'વડવા નળ' રૂપ પામી મોટા વિસ્તારમાં પ્રદિપ્ત થયો. જેથી વન પશુ તથા પક્ષી ભયંકર કોલાહલ કરતાં આમ તેમ નહાસવા લાગ્યાં, પોતાના પ્રાણ બચાવવા કયે રસ્તે જવું, તે કંઈ સૂઝે નહીં. ઉભય યોદ્ધાના મહાયુદ્ધના ધમકા-રાથી ધુળિ ઉડીને આકાશ છવાઈ રહ્યું હતું. ધુળ અને ધુંવાડીની અંધી તથા લડાઇના પરિશ્રમથી અંધ થયેલા બેઉ નૂતન યુદ્ધા, મદોન્મ-ત ગજ અને સિંહણીની પેઠે સોભતા હતાં. સૂર્ય સમુદ્રમાં જઈ સાયંકાળનો સમય થઈ ચુકો હતો. સંધ્યા ખીલી, ફેલાએલી રતાશ 'વડવાનળ' ની રતાશ સાથે મળી જઈ રમણ કરવા લાગવાથી સાક્ષાત શકિતના ક્રિડા સ્થાન સ્મશાન ભૂમિ જેવો દેખાવ થઈ રહયો હતો. એવા સમયમાં ઘોર યુદ્ધ કરનાર યોદ્ધા સાથે લડવાના થાકથી લડથેલી

કોમળ કોકિલા કાયર થઇને લડતાં લડતાં વિચારમાં પડી. એક ધ્યાન થઈ ઉભી. તેમજ શુરો સુરસેન મૂર્છિત જેવો સ્તબ્ધ થઈ બેશુદ્ધિથી ઉભો રહયો.

ચમત્કાર બીજો.

સર્વ વ્યાપક શકિત તેણીને હિમાયતી રૂપે માતુ પેઠે રક્ષણ કરવા તત્પર થઈ, અને કોકિલાના મસ્તકપર હાથ મુકી વદીકે, 'પ્રીય વત્સલ! ડરીશ નહીં."

નરદેવ રૂપે પુરૂષાકારથી પોતાની પાછળ ઉભેલી આદ્યની વાણી શ્રવણ કરીને, સાનંદાશ્ચર્યથી, મંજુલ સ્વરે મનમોહના કોકિલા હાથ જોડીને બોલી કે, "નમસ્તે, નમસ્તે ચિદાનંદ મૂર્તિ આપ કયા કાર્યાર્થે પધાર્યા છો? અડચણ ન હોય, તો દાસીને જણાવશો."

શકિત–હે વત્સલ? હું કોણ છું? કયાંથી આવ્યો છું? અને કયાં જઈશ? તે મને પુછીશમાં? પણ હું દુષ્ટોનું દહન અને સજ્જનોનું રક્ષણ ક-ર્તા છું. સર્વ દેવ દાનવનો અધિષ્ટા છું; ઉલાહક પાલક, એવા મારા ગુણ છે. અને તે કીટથી કુંજર, મનુષ્યથી દેવ તથા સર્વ પ્રાણીઓનો તો શું? પરંતુ ભુત માત્રને લાગું છે. તેથી 'અંતર સાત્વિક, બાહિર તામસા' એવા રંગની તું સાધવી તેનાં સાધન રૂપી ધ્યાનપર સાધ્ય વસ્તુ જે હું, તને આપત્તિમાંથી મુકત કરવા તત્કાળ પ્રાપ્ત થઈછું.

કોકિલા–(આશ્ચર્યથી) શું, આપ મારી મદદે પધાર્યા છો?

શકિત–એમ તો ખરૂં?

કોકિલા–શુ શત્રુથી લડશો?

શકિત–ના, પણ અમારી શકિત તમારામાં મુકશું.

કોકિલા–એ શકિતનું મારે શુ પ્રયોજન છે?

શકિત–શત્રુના નાશને સારૂં.

કોકિલા–શત્રુ કોણ?

શકિત–તારી સામે ઉભેલો.

કોકિલા–એ બળિ મહારાજન, શું હણવાને પાત્ર છે?

શકિત–કેમ નહિ, પોતાપર ચઢી આવેલો શત્રુ રાજા હોય, જેથી તેને મારવો નહીં, એવો કંઈ નિયમ નથી.

કોકિલા–રાજય હ-ર્તાને હણવો.

શકિત–શિયળ હ-ર્તાને નહીં?

કોકિલા–શિયળ સારૂં દર વખતે અઘોર હત્યાઓજ કરવી પડશે કે શું? હજુ તો હું હવણેજ ત્રણને હણીને હાલી આવું છું. તેટલામાં વળી હત્યા તૈયારજ છે? હે ઈશ્વર આશો ગજબ?

શકિત–ગજબમાં અજબ થઈ બેસી રહેવામાં માલ નથી. કાવચના છોડની પેઠે ધન, ધામ, ધર્માદિકને છિનવવાને આવતાં પોતાના શત્રુને ઉગતાં ઉખેડી નાંખવો જોઈએ.

કોકિલા–હજારોને મારવા, પણ હજારોના પાલનારને તો મારવો નહિજ? એવો શાસ્ત્રાર્થ છે તે?

શક્તિ–આતતાઈને મારવાની શાસ્ત્રની મનાઇ નથી.

કોકિલા–પૂર્વ જન્મના સંસ્કારથી સુરૂપા થઈ સુકુળમાં જન્મવાથી અયોગ્ય ઘોર હત્યાઓ કરવાથી પુર્નજન્મમાં શું ભોગવીસ?

શક્તિ–કશું નહીં, જેનાપર મારી કૃપા છે, તેને સર્વ સિદ્ધ છે.

કોકિલા–પાપક-ર્તાનેજ ભોગવવું પડે છે, એમ પુરૂષોનો મ-ત છે.

શક્તિ–સત્ય છે. પરંતુ કારણથી કરેલાં કાર્યને દોષ નથી વગેરે ખુલાસા ધર્મ શાસ્ત્રમાં આપેલા છે.

કોકિલા–પ્રાણાંત સુધી મારવાની હીમ્મત પુરૂષો ધરાવે છે. સ્ત્રીઓ કેમ ધરાવે?

શક્તિ–તે બાબત પુરૂષોજ હક ધરાવે છે, અને સ્ત્રીઓ નહીં, એવો કંઇ લેખ નથી.

કોકિલા–કુદરતનો નિયમ તેમ ચલાવે છે.

શક્તિ–વહેમ માત્ર છે. આજ પર્યંત હજારો દુષ્ટ દૈત્ય, દાનવ અને રાક્ષસોને કયાં પુરૂષે હણ્યા છે?

કોકિલા–તે હણનારી આદ્ય શક્તિ પોતે હતી.

શક્તિ–અને તું કોણ છે? સર્વ સ્ત્રીઓ શક્તિ રૂપ અને સર્વ પુરૂષો પરમાત્મા રૂપ છે.

કોકિલા–તે સિદ્ધ કેમ થાય?

શક્તિ–આસ્થા, દ્રઢતા અને હિમ્મતથી.

કોકિલા–પાપ પુણ્યનો શો વિચાર?

શકિત–કશુ નહિ, સર્વે ધર્મો છોડી એક મારૂંજ શરણુ રાખી મારી આજ્ઞા પ્રમાણે કરવાથી હું તને સઘળા પાપથી મુકાવીશ.

કોકિલાશું કરૂં? યોગ્ય હોય તે કહો?

શકિત–પુરૂષનો પોષાક ઉતારીને સ્ત્રી વેષ ધારણ કર અને તે દુષ્ટની જીવતાં છાતી ચીરીને કલેજું ખેંચી કાઢ. જેનાથી તારૂં સર્વ કાર્ય સિધ્ધ થશે.

કોકિલા–એટલું બધું ભયંકર કામ?

શકિત–એટલેથી કયાં પતવાનું છે? તે કલેજું તારી ઘોડીને ખવરાવીશ ત્યારેજ તું ફતેહ પામીશ?

કોકિલા–તેનું કારણ?

શકિત–કારણ ઘણું ગંભિર છે.

કોકિલા–હરકત ન હોય તો જણાવશો.

શકિત–ત્યારે સ્વસ્થ ચિત્તે સાંભળ.

"વૃંદાનુ વ્રત ચુકાવી જાલંધરને માર્યા પછી જગદીશ્વર જંપી ગયા હતા. અને હું તેમના પગનું મર્દન કરતી હતી. તે વખતે હવા રૂપે રહેલો જાલંધર મારા ઉપર ઝડપ નાંખવા આવ્યો હતો. પરંતુ પરમાત્માની દ્રષ્ટિથી તે હવામાં ઉડી ગયો. હજારો વર્ષો સુધી મારી ઇચ્છાથી ફરતાં તે આ જન્મમાં આવ્યો છે. અને મારા આવેશવાળી તને જોઇને તારી પુંઠે પડયો છે. તેથી તેનાં કાળજાનો નાશ થયા વગર તેનો સમૂળો નાશ નહિ થશે. અને તેમ થયા વગર તારૂં કાર્ય પણ સિધ્ધ નહિ થશે. હજુ મહા સમુદ્ર વચ્ચે આવલા કારમીક કાળા

પડાડ ઘણો દૂર વિકટ અને ઘણાં વિઘ્નોથી ભરપુર છે. તેમાનું આ બીજું વિકટ વિઘ્ન છે. પહેલાં ભુતનાંથ વગેરેના વિઘ્ન-માંથી પણ મેં તને મહા મુસીબતે બચાવી છે. તે તું જાણે છે. દરેક કામનાં કારણરૂપ તું અને કર્તા રૂપ હુંજ છું. જેથી તું દોષ રહિતજ છે. અને હું કારણથી દેવકાર્ય કર્તા છું. જેથી નિડરપણે મારા ધ્યાનથી તું તારૂં બાણ સજ કર. તેના ફળ મારી અગાધ શકિતથી તને પ્રાપ્ત થશે" એટલું કહી શકિત અંતરધ્યાન થઈ ગઈ.

કોકિલાએ તરત પુરૂષ વેશ બદલી સ્ત્રી વેશ ધારણ કરી શકિતનું ધ્યાન ધરી ખુબ આવેશમાં આવીને સુરસેનની છાતીમાં ખંજર મારી છાતી ચીરી નાંખી. જેથી કલેજા નિકળી નીચે ઢગલો થઈ પડયા. તેવોજ સુરસેન ચિતોપાટ પુથ્વી-પર પડયો, તેના પડતાં પડતાં તરવાની અણીથી કોકિલાએ કાળજા ખેંચી ઘોડીનાં મોઢાં આગળ નાખી દીધા કે ઝડપથી ઘોડી ભક્ષ કરવા લાગી. જેમ જેમ ઘોડી કાળજુ ગળતી ગઈ. તેમ તેમ સુરસેનનો પ્રાણ શરીર ચક્રથી જુદો પડવા લાગ્યો. અને છેવટ તે મરણ પામ્યો.

સુરસેનને સદાની સુખ સૈયામાં સુવાડીને સતિ સુંદરી કોકિલા અશ્વનીપર સ્વાર થઈ બુધ્ધિ સાગરની મનો લહેરમાં ચાલતી થઈ. જતે જતે વિચાર ઘુમરીમાં ઘુમવા લાગી. કે હા દેવ!! શો ચમત્કાર? આજ પર્યંત હું શી દશામાં છું? તેની કશી શુધ્ધિજ નથી. હા!!! દીવાની જુવાની ખરેખરી તું ગાંડી છો. અરે!!! જયારથી તેં મારા

તનમાં પ્રવેશ કરવા માંડયો છે. ત્યારથી તારો આવેશ દુઃખ રૂપજ થતો આવ્યો છે. પ્રથમ ભ્રમર બાદ રાજકુંવરો અને છેવટ સામાન્ય માણસો પણ પુઠ પકડી લે છે. હા, જુવાની! વિચિત્ર રે વિચિત્ર!!! તું તો વળી ઘોર કર્મ કરાવે છે. અરે!! સજ્જનો પણ, કામથી અંધ થયેલા કામાંધ મહાપુરૂષોની ઘાતો ઘડવી તથા કરવી પણ પડે છે. હાં, નાથ!!!

'છે તે દુષ્ટ જુવાની, દીવાની રંગ રસે ભરી;
કરી ખુવારી બુધ્ધિની, શિરપર બહુ કરે અરી.
મન બનીને બાવરૂં, બ્હેકી બ્હેકીને ફરે;
મન માનતો મળવા ફરી, હરી કષ્ટ આટલું કાં કરે,

શું કરૂં? કયાં જાઉં? કોને કહું? અને કેમ વિચરૂં! કશું સુઝતું નથી.

ગુણનીધી, ગુણનો ભંડાર, બળનો પહાડ, અકકલનો સરદાર, શૂરાનો સરદાર અને સ્વરૂપનો સાગર મારો મોહો-રદાર બન્યો છે. મને કયારે; અને કયાં મળશે? કોણ જાણે હજી શું થશે? કેટલે ઠેકાણે પ્રાણાંતનો વખત આવશે?

અને એક પાપી પ્રાણને સારૂં કેટલાકોનો પ્રાણાંત કરવો પડશે? ત્યારે ગુણનીધિનાં દર્શન મળશે. એ કામમાં દયાળુ, ગુણ ગ્રાહી, સદા રક્ષક, ગરીબ નિવાજ અને પરો-પકારી, જે બાઈ અદશ્ય રહી, તથા વળી એકલી મનેજ દશ્ય થઈ સાહ્ય કરે છે. તેણી કોણ હશે? શકિત તરીકે તેણી મને ઓળખાવે છે. એટલું નહિ; પણ વખતે મારા શરિરમાં સારો આવેશ આપીને મને સશકત પણ કરે છે. જેથી

ખચિત શ્રી પરમત્માની તેણી કોઈ અગાધ શકિતજ હોવી જોઇયે. નારાયણ જાણે શું છે. પણ કાંઈ અદભુત્ છે ખરૂં

અહાહા!!! હે ફાની દુનિઆ!! તારાં તોફાનની હદ નથી. જેથી મહાત્માઓ તને તોફાની દુરંગી અને મિથ્યાં ગણીને ત્યાગે છે. ઘણી સુજ્ઞાન અને સત્સંગી સુરંગાઓ પણ તારો ત્યાગ કરીને અભ્દુતાણી વેરાગણો તથા જોગણો બની ગયેલ જોઇ છે. પણ લાચારીથી મારાથી તેમ બનાતુ નથી. હા, ઈશ્વિર!!! ઉ-તમ કુળમાં અને સુરેખ સ્રી રૂપમાં જન્મીને જગતમાં આમ દુઃખજ ભોગવવાં એ કેટલુ દુઃખમયછે? જગત નિયંતાને શોભે તેવું નથી. પણ પ્રત્યક્ષ વગર શરમ પણ નથી. અને તે પ્રત્યક્ષ થવાનો સભવ પણ નથી; કલ્પના માત્ર છે. પણ શકિતરૂપે દર્શન પણ છે: હરિ જાણે શું છે. ઘાણું કરીને પુરૂષો સ્રીરૂપે પણ માતુ ભાવથી ભજે છે. અને સ્રીઓ પુરૂષરૂપે પણ પતિરૂપે કામની ઈચ્છાથી ભજે છે. હમેશાં નારી જાતિ કામ પુતળી, સકામ ભકિતવાળી માયાને ઈચ્છનારી છતાં તેણીને ન જાણનારી તેનાં રૂપ (માયારૂપ) છે. જેથી મોક્ષના પદથી ભ્રષ્ટ થયેલી છે. એક પતિ સેવાને આધારેજ. તેનાં તારણનો ઉપાય હાથ લાગે તેમ છે. પતિથી ઈશ્વિરને પણ હિણો માનવો વ્યાજબી છે. કારણ કે; જેમ સ્રીઓ માયારૂપ છે. તેમજ પુરૂષો પરમાત્મારૂપ છે. તેમાં પણ પોતાનો પતિજ પરમેશ્વર રૂપ છે. એમ વિદ્વાનો અને સુજ્ઞ સતિઓએ માન્યું છે. જેથી જેમ એ સર્વેશ્વર સર્વ શાકતમાન

શ્રીમાન સુખદાતાએ જે ધાર્યું હોય, તે યથાસ્થિત છે. એમ વિચાર કરતી કરતી મૂર્છિતની પેઠે ધ્યાનસ્થ થઈ ઘોડીપર સ્તબ્ધ બેશી રહી. અને હયની આગળ માર્ગે ક્રમણ કરવા લાગી.

ચતુર્માસના મસ્ત મારૂતના સપાટા સાથે મારૂત વેગી અશ્વીની એકદમ સપાટા બંધ ચાલતી થઈ. સૂર્ય સમુદ્રમાં પહોંચ્યો. પંખીઓ માળામાં સ્થિત થયાં. નક્ષત્રો સ્પષ્ટ દેખાવા લાગ્યાં. ચંદ્ર પ્રકાશ પૃથ્વીપર પ્રસરવા લાગ્યો. હિંસારી પ્રાણીઓ કલોલ કરવા લાગ્યાં. સિંહવરૂની ભયંકર ગર્જનાઓ સંભળાવા લાગી. ચાંદણી છતાં જ્યાં માર્ગ ન શુઝે એવી ઝુંડ ઝાડીમાંથી ઘોડી પ્રસાર થતાં પણ કોકિલા કશું જાણતી ન હતી; બેશુદ્ધ ચિન્તવૃત્તિ રહેવાથી તેણી ભયાનંદથી વિરકત હતી. એવીને એવી સ્થીન્તિમાં ઘોર વનને રસ્તે હયની હોંસભેર હણહણાતી માર્ગ ક્રમણ કરતી ચાલી જાય છે. ચાલતે ચાલતે રાત વ્યતિત થઈને પોહ ફાટી, પંખી માળા છોડી કલોલ કરવા લાગ્યાં. હિંસારી પ્રાણી રાતના થાકથી શાંન્ત થયાં. શિકારીઓના ટોળા નાના પ્રકારનાં હથિઆર તથા જાળો લઇને ફરવા લાગ્યા. વટેમાર્ગુ, મુસાફરો, ફકીરો, સાધુઓ તથા રાનટી મજુર લોકો આવતા જતા દેખાવા લાગ્યાં. તેટલાંમાં ગાયોનાં ટોળાં તથા ગોવાળીઆઓ નજરે પડયાં. દેવળના, ઘંટ સંભળાયા વિદ્યાર્થીઓની કવિતાના મધુર શબ્દો કાને અથડાવા લાગ્યા. અરૂણોદયની ચોમેર લાલી ફેલાણી અને નારાયણના શુદ્ધ કિરણોના

દર્શન થયા. એવા સુંદર સવારના સમયમાં "શ્રીવામ" નામના એક રમણીક નગરને પહોંચેલી અશ્વિની શહેરના દરવાની તરફ ધસતી ચાલી.

ચારે કોર ચઉટા, દરેક ચઉટામાં ચોમેર હારમાં સોળ સોળ સરખી દુકાનોની હાર ગોઠવાઇ રહેલી છે. દરેક ચઉટામાં વચલા ચોકની અંદર એક ધાતુની બનાવેલી સ્ત્રી ઝારીથી જલ પાઈ રહી છે. તો બીજી બાજુથી ધાતુનો બનાવેલો પુરૂષ પોતાના વિક્રાળ મુખને રસ્તે લોકોના સમાચારના લખોટા ગબગબ ગળતો પેટમાં પહોંચાડે છે. જ્યાં ત્યાં પુટકલ ફેરીઆ કાંદા, બટેટાં, કોથમીર, મરચાં, આદુ, લીંબુ, કેરી, અંજીર વગેરે પદાર્થો વેચનારા પોકારી રહ્યા છે. દર્શન જનાર સદગૃહસ્થોની ગાડીઓનો ઠાઠ જામ્યો છે. ભીખારીઓની ભીખવાસી ધાંધલ ઉડી રહી છે. શાક ભાજી ખરીદનારા હાથમાં ઝોળી લઈને ફરી રહ્યા છે. ભીસ્તીઓ પાણીની પખાલો ભરીને છાંટી રહ્યાં છે. રીજમીંટોમાં રણશીંગાં વાગી રહ્યાં છે. મધ્ય ચવટાપર આવેલા રાજ મહેલમાં રામજણીઓનો નાચ રંગ ચાલી રહયો છે. એવા આનંદી રમણિક શહેરમાં સવારના થંડા પ્રહરમાં સુશિલા કોકિલા નગર મધ્યના રાજ મહેલ આગળ આવી ઉભી રહી..

પ્રિય વાંચક!! ધ્યાન દે. પોતાના પ્રશ્નોનો પ્રત્યુ-તર દઈ પોતાને જલદી સ્વીકારનાર નર ચતુરની રાહ જોતી, શ્રીધામ પતિની બાળા કુંવરી "શ્રીદેવી" મહેલની અટારીપર બેઠી બેઠી વાટ રમુજ નિહાળતી હતી. તેણી પુરૂષ વેષમાં કોકિ-

લાને જોઈને સાનંદાશ્ચર્ય પામી પોતાના મન સાથે બોલી જે 'હે ઈશ્વર!!! સુંદર, તરૂણ, નવયૌવન આ રાજકુમાર મને મેળવવામાં મદદ કર; સત્વર તેને સવાલોના પ્રત્યુ-તર સમજાવવાને તેણી તેમ વિચાર કરે છે. અને અહીં કોકલા આગળ વધે છે. તેને અટકાવી ઉપરનુ પાટીયું વાંચવાની અગત્ય દેખાડતાં, ત્યાં અટકેલા કેટલાક રાજકુંવરને દેખાડતાં ત્યાંજ થોભી રહેવા દરવાણીએ કોકિલાને ફરજ પાડી.

કોકિલા—હું તે સવાલોનો નિર્ણય કરવા આવ્યો નથી? તોપછી મને શા માટે રોકી રાખવાની હઠ પકડો છો?

અધિકારી—ગમે તે રાજવંશી ગમે તે કારણસર શ્રી ધામમાં પ્રવેશ કરે, તો તેણે આ લેખનો ખુલાસો કરવોજ જોઈએ? જ્યાં સુધી આ લેખનો ખુલાસો કરે નહીં ત્યાંસુધી બીજાની પેઠે તમને પણ અંહીથી જવા દેવામાં આવશે નહીં.

અધિકારી અને કોકિલા વચ્ચે આ સંબંધી બહુ તકરાર રૂપી જંગ મચી રહ્યું. તે જોઇ, શ્રીદેવી મ્હેલની નીચે ઉતરી આવી મધુર સ્વરે કહ્યું કે. "અહો? વટેમાર્ગુ, તકરાર ચલાવી વખત ગુમાવી અરસ પરસમાં વધારે ઝેર રેડવું, એ શુ સદ-ગ્રહસ્થનું કર્તવ્ય છે? જો તમારાથી આ સવાલોનો જવાબ આપી શકાતો હોય તો આપો, નહિ તો બીજાઓની પેઠે ગુપચુપ ઉભા રહો, એટલું કહી શ્રી દેવી પાછી ચાલી ગઈ.

મૃગાનેણીના આ વાકયો સાંભળતા કોકિલા નીચું જોઈ ગઈ. અને તે માટે મનમાં બહુ વીચાર કર્યા પછી દરવાજાપર લખેલા લેખ વાંચવા લાગી.

સવાલ ૧–ગુપ્તાંગ ઢાંકે વળી, સુપ્તાંગ નીવારે ટાઢ;
સાધન સુંદર સ્ત્રી તણું, ચતુર નર શોધી કાઢ.
સવાલ ૨–શોભા સુંદર શિરની, ચમક વર્ધક હોય;
સુંદરાર્થે સુવાસિકને, લાવી આપે કોય.
સવાલ ૩–અંગરંગ રમી રહયો, કસી રહયો સર્વાંગ;
છાતીપર ચોંટી રહયો, ન ઇચ્છે જોવા જાંઘ.
સવાલ ૪–શિરમાં સૌથી શ્રેષ્ટ જે, છેવટ કરે છે વાસ;
વસે પાછલા ભાગમાં, આગળ આપે સુવાસ.
સવાલ ૫–રમતાં રસ અધિકો વધે, જુસ્સો બક્ષે ખુબ;
હારે ઉપજે જેબ મણી, રમવા તણી તે હુબ.
સવાલ ૬–બેસતાં આનંદ ઉપજે, ઉઠતાં આંચકો ખાય;
સુતાં સુખડાં સાંભરે, હૈયે હરખ નવ માય.
સવાલ ૭–ખાતાં પીતાં બેસતાં, કરતાં કંઈ પણ કામ;
ક્ષણ એક ન વિસરાય જે, બતાવો તેનું નામ.

કોકિલાએ તરત ઉપર લખેલા સાત સવાલો વાંચી જરા વિચાર કર્યા બાદ તેનો તડોતડ નિચે મુજબ જવાબ આપવા લાગી. આ જોઈ તમામ લોકો દીગમુંઢ બની ગયા.

જવાબ ૧–આનંદ ઉપજે અતિ ઘણો, દેતાં પ્રથમ જવાબ;
સાળુ સુંદર સુંદરા તણો જે સ્ત્રીઓનો નવાબ.
જવાબ ૨–તલમાંથી તે ઉપજી, મશાલામા મસલાય;
માનુની મસ્તક કારણે, તેલ સુવાસિક થાય.

જવાબ ૩—ચાતક ચેતવનાર ચતુરને, ચોંપથી છુપાવી જાય.
છાતી તણો ચોર જે, અવર કશું નવ ચ્હાય.
નારી જાતિના નામનો, નરજાતિથી બોલાય;
કંચુકી, કાંચલી, કાપડું, નામે **કમખો** કહેવાય.

જવાબ ૪—માથું ગુંથ્યું પ્રેમદા, પ્રેમે ધરી ઉલ્હાસ;
વેણીગુંથી વાળની, પુલ **વેણીની** છે આશ.

જવાબ ૫—ચોરસ ચરસ ચમડાં ઘણો, રમતાં વધતો જાય;
નવરી બેઠી છે નાર તે, **પતિ**સંગ રમવા ચ્હાય,

જવાબ ૬—ઝુલે ઝુલાપર પડી, પવિત્ર પદ્મીણી નાર;
હીંડાળા ખાટે હીંચતી, હીંચોળે છે ભરથાર.

'જવાબ ૭—ચિત્ત ચોર ચકોર નિજતણો, પ્રીતિ તણો ભંડાર;
હૈડેથી વિસરે નહિ, ભામિનીને **ભરથાર.**

આ સાત સવાલોનો પોતાની ખાત્રી પુર્વક ખુલાસો થયેલો જાણી શ્રીદેવી તરત નીચે ઉતરી. ઘણા દિવસથી દુઃખ સહન કરતાં રાજવંશી કુંવરોને પોતાના બંધનમાંથી મુકત કર્યા. અને કોકિલાનો કર ગ્રહી પોતાના મહેલમાં લઈ ગઈ.

પોતાના સવાલનો જવાબ આપનાર સાથે પાણી ગ્રહણ કરવાનો તેણીએ પોતાની પવિત્રાનો પવિત્ર દ્રઢ નિશ્ચય કર્યો હતો. તેથી તેણીએ તુરત પોતાના પ્રશ્ન પુરક પ્રિયકરને પવિત્ર વિચારો પ્રદર્શીત કરવાની ઉતાવળ કરી પડી. તેણીનાં હાવભાવ અને કટાક્ષની કોરથી તથા બીજા કેટલાક આંતર્બાહિક ભાવથી તેણીના મનોભાવિક અભિપ્રાયને કોકિલા તરત સમજી ગઈ. અને તેણીને કહ્યું કે, 'પ્રેમને ઇચ્છનારી, પ્રેમ

પરિક્ષમા, પ્રેમના નેમવાળી, પ્રેમ પાત્ર, પ્રેમ પુર્ણા, પ્રેમાગ્ના, પ્રેમી, પ્રેમા, પ્રેમદા!! તું તારા મન સાથે સોચીજો!! સામાન્ય સાત પ્રશ્નનોથી હાથ કરવા ધારેલી વસ્તુ કેટલું વજન ઓચ્છું વધતું ધરાવે છે, તે જાણવું જરૂરનું છે. બાદ આગળ પગલું ભરવું ઉચીત ગણાય.”

શ્રીદેવી–પ્રેમની નેમ મારી સત્ય શીળા છે. તેમાં કાંઈ આના કાની નથી. હું પ્રેમ પુતળી પ્રેમવારૂં પર સ્વાર થઈ, નાંચવા ઈચ્છું છું. આ સાત પ્રશ્નનોથી સામાની શીઘ્ર બુદ્ધિનો ખ્યાલ કરીને, હું તેને પરિક્ષામાં દાખલ કરૂં છું. શીઘ્ર જવાબી, શીઘ્ર, વાકી વગેરે સઘલા શીઘ્ર ગામીઓ શીઘ્રતાથી બુધ્ધ પ્રકાશે બચાવ કરે છે. જેથી તેવાને હું મારી પરિક્ષાના ઉમેદવારમાં દાખલ કરવા દિલાસા પત્ર દઊં છું. હે ઉમેદવાર!! તું પણ અચ્છો શીઘ્રગામી જણાય છે. તો પછી ફકડ કાં મારી પરીક્ષાનો ઉમેદવાર નહિ થતો? કહો તો ખરા કે આપ કયા દેશના નૃપતિ છો? ને કયાં નામે શોભાવો છો?

કોક–હું ‘કોક’ નગરીનો ‘કોક’ રાજા છું. તું કહે છે તેમ હું ઉમેદવારમાં દાખલ થવા તત્પર છું. તેમાં મારી ના નથી પરંતુ પાસના પાસનું પારણામ જાણ્યા પહેલા સામી તપાસની ઈચ્છાવાળો છું. અને ત્યાર બાદ બોલીમાં બંધાવાનો મારો ઠેરાવ છે.

શ્રીદેવી–ઉભય પક્ષના પોત પોતાના ઠેરાવોને અનુવાદ ન થાય, પોતા પોતાની ઇચ્છા બહાલ રહેવા પામે અને ઉભયાનુકુળ થાય એવી ગોઠવણ રાખવામાં આવશે.

આ ઠરાવ કર્યા પછી બંને પ્રેમી ઉમેદવાર પરિક્ષાના મંડપમાં બેઠાં. આ જોઈ પવિત્ર પ્રેમી પ્રેમદા હાસ્ય વદનથી પ્રેમાનંદ યુક્ત વાણી વિલાસથી મંદ સાદે નૂતન પ્રેમી પ્રત્યે પ્રેમથી બોલી કેઃ-

શ્રીદેવી-પ્રેમ એટલે શું ?

કોક-ઉભયનો નિર્મળ સ્નેહ ?

શ્રીદેવી-તે કેમ ઓળખાય ?

કોક-છુટાં પડીને.

શ્રીદેવી-વિખુટા કેમ પડાય ?

કોક-વચ્ચે ત્રીજું સામેલ થવાથી.

શ્રીદેવી-ત્રીજું કેમ સામેલ થાય?

કોક-એકાદના વહેમથી ?

શ્રીદેવી-વહેમની પેદાશ કયાંથી ?

કોક-જુદાઈથી ?

દેવી-જુદાઈ કયાંથી ?

કોક-દ્વેષથી.

દેવી-દ્વેષ કાં ?

કોક-લોભથી ?

શ્રીદેવી-લોભનું મૂળ ?

કોક-મોહ.

શ્રીદેવી-મોહનું બીજ.

કોક-પ્રેમ.

શ્રીદેવી-તેનું કરણ ?

કોક-વિખુટાંપણું.

શ્રીદેવી-પ્રેમી ને લોભને વેર છે તે કેમ?
કોક-પિતા પુત્ર જેવું.
શ્રીદેવી-પ્રેમમાં ઈર્ષ્યા કેમ ઘટે?
કોક-મેલથી થયેલી.
દેવી-નિર્મળ પ્રેમ કેમ થાય?
કોક-તપવાથી.
દેવી-તપાય કેમ?
કોક-છુટાં પડવાથી?
દેવી-છુટાંપણું શા સારૂ?
કોક-તપવા સારૂ.
દેવી-તપવાનુ કારણ?
કોક-નિર્મળાતા.

સોનું જેમ જેમ તપીને ટીપાય, તેમ તેમ વધુ નિર્મળ અને શુદ્ધ કીમતી કુંદન રૂપ બને છે.

કોક વાક ચતુર, વિલાસી, આનંદી અને સર્વ બાબતમાં શિઘ્રગામી હોવાથી તેની ચતુરાઈથી ચપળ પ્રેમદા પ્રેમ પાસમાં લપટાઇ ગઇ. શ્રીદેવીનું મન હવે વધુ વધુ તરૂણ ઉમેદવાર તરફ તણાવા લાગ્યું. આલીંગન આપવા સારૂ અધિરાઇ આવી. શરીર રોમાંચિત થવા લાગ્યું. મન કાંટો ઉભો થયો. અંગમાંથી કંપારીઓ છુટવા લાગી. મુખમાં પાણી છુટયાં, આળસના ઉભરા આવવા લાગ્યાં. નેત્રો ભારી થયાં, વચ્ચ વચ્ચે ઉંઘના ઝોલાં આવવા લાગ્યાં. લાજ અને જડતાં પેદા થયાં, હવે તેણીને બોલવાં કરતા તિરકસ નજરે જોવું,

મંદ હસવું, ચેષ્ટા કરવી વગેરે ચિહ્નો પ્રસન્ન આવ્યા. તેણી મુગી અને કટાક્ષ કરતી બેઠી. તે જોઇને કોક પ્રેમ પુર્ણ વાણીથી બોલ્યો કે, 'સતિ આપની પરિક્ષામાં હું પ્રસાર પડયો છું, અને આપે મને પ્રિયકર માની લીધો હોય; એમ મારી ખાત્રી, ભૂલ નખાતી હોય તો, મને બતાવી આપે છે, અને જેથી હું તમને પ્રિયા એવા વિશેષણથી બોલાવુ છું. પણ હજી એમાં જરા વાંધો છે. તે માત્ર ટાળવો જોઈએ.

દેવી-વાંધો! તે વળી શો?

કોક-માફ કરો. આપે જેમ મારી પરિક્ષા કરી. તેમજ આપની મારે કરવી. એ મારા ઠેરાવની ખ્હાલી મને મળેલી છે. તે મુજબ મારે તમારી પ્રેમ તપાસ કરવી ઘટે છે. તેમ તું જો સુરી પ્રેમ ઘેલી હશે તો પોતાના પ્રેમભાવથી મને જકડી રાખીશ ?

દેવી-મારી કયાં ના છે. પણ પ્રેમ સ્વરૂપ પુરૂષ છે, પરંતુ ઉદ્યોગના પ્રપંચથી પુરૂષ તેને હર્દમ પાસે રાખતો નથી, તેને બદલે સ્ત્રીને તે અષ્ટ પ્રહર રાખીને પ્રેમ પૂતળી બનવું પડે છે. પણ પુરૂષ વગર તેણી ઉપયોગ કરવા સમર્થ નથી.

કોક--મને લાગે છે, કે પુરૂષ કરતાં સ્ત્રીઓપર પ્રેમનો બોજો વધારે છે, તેમ તેણી સંભાળે છે.

દેવી-સ્વાર્થ પ્રેમ સ્ત્રીઓનો છે. જ્યારે પુરૂષનો નિર્મળછે

કોક-સ્ત્રીઓ નિમળ પ્રમવાળી કેમ નહિ મળે?

શ્રીદેવી-ઘણી થોડી; સેંકડે પાંચ.

કોક—કારણ ?

શ્રીદેવી—જાતિ સ્વભાવજ એવો છે.

કોક—સ્વાર્થહિણ પ્રેમવાળી કોઈ સ્ત્રી નથી ?

શ્રીદેવી—કાંઇક પણ સ્વાર્થ સિવાય મનુષ્યની લાઈકી પરજ પ્રેમ નભાવનારી સ્ત્રી આ સમયમાં જવલ્લે મળે; અથવા નએ મળે.

કોક—સ્ત્રીઓના શાશા સ્વાર્થ છે?

શ્રીદેવી—ધનિકા હોવાથી ધન, રૂપીકા હોવાથી રૂપ,ગુમાની હોવાથી ગુણ, અભિમાની હોવાથી રૂવાબ અને રીસાળ હોવાથી ખુશામત; સ્ત્રીઓને વધારે પ્રિય છે. એ સ્ત્રીઓના સ્વભાવ પ્રમાણે વર્તનાર પુરૂષ પ્રેમને મેળવે છે. પરંતુ સ્વતંત્ર અને સુજ્ઞાન પુરૂષો પ્રેમદાના પ્રેમને પાત્ર થઈ આનંદ ભોગવે એવો સદ્દભાગી કોઇકજ નીવડે.

કોક—શું, કોઇ સ્ત્રી નિર્મળ પ્રેમની પૂતળી નથીજ ?

શ્રીદેવી—પ્રથમથીજ હું કહેતી આવી છું, કે સેંકડે પાંચેક તેવી પણ છે. નહોય તો પૃથ્વી ટકે નહીં; જેથી તેવી પણ છે.

કોક—પુરૂષ પ્રત્ય સ્ત્રીનો પ્રેમ નીર્દોષ કયારે થાય, તે જાણવા ઇચ્છુ છું.

શ્રીદેવી—એટલો અનુભવ મારો નથી તો પણ, ટુકામાં કહું છું.

‘નિત પતિ નિર્મળ રહી અને કહી કાર્ય કરે નિજ પત્નિને;

ખુશામત તે ખુબીથી કરે, ધરે ધ્યાન નહિ જત્નિને.

ધન, ધામ, ધૈર્યથી કરી, ડરી ધારણાથી પરવરે.
કરે કાર્ય એટલા જો કોડથી, જોડથી નારીતો, નહિ ટળે.

પરંતુ પુરૂષનો રાગ રહિત નીર્મળ પ્રેમ સ્ત્રી પ્રત્યે કેમ રહી શકે, તે કૃપા કરીને આપ જણાવશો, એવી આશા છે.

કોક—હું કુંવારો હોવાથી જો કે, મને પણ અનૂભવ ઓછો છે; તોપણ સાધારણ પરિચયથી જાણવામાં આવેલી બાબત જણાવું છું, તે ધ્યાન દઇ સાંભળો.

મનહર છંદ.

પતિ પદ પૂજવાથી પ્રભુ પદ પ્રાપ્ત થાય,
પતિને રીઝવવાથી પ્રભુ પોતે રીઝે છે;
અનાદર કરે કદી નીજ કંથ તણો નારી;
તો તે નઠારીપર ખરેખર એ પ્રભુ ખીજે છે.
જે નારી સ્વસ્વામી સંગે સંપીને સંતોષી ચાલે;
તેને આ સંસાર તણું સુખ ઘણું મળે છે.
પતિપદ રતિ અતિ રાખવાથી સુંદર જે,
મળે છે વિલાસ ખાસ કલેશ કષ્ટો ટળે છે.

શ્રીદેવી—ઘણી ખુશી જણાવતાં બોલી કે, વાહ પ્રીયત્તમ! આપનાં પવિત્ર મુખારવીંદના મધુર વાકયો મધુકરના ઉપભોગ યુકત તથા શબ્દ રૂપી મોતી હંસયુક્ત છે. લાચાર કે સાંભળનાર હું પશુવત્ મૂર્ખ છું. આપની મતિમાં મારી ગતી પહોંચે તેમ નથી. નીરૂપાય છું મહારાજ ક્ષમા કરજો.

કોક—ચતુર તો શું? પણ પ્રાણ વલ્લભે; આપતો ચતુર શિરોમણિ છો. શહાણાં છો, તેથી એમ વદો છો. મોટાઓ

પોતે નાના થઈને રહે છે. મહેલના રહેનારા "મારી ઝુંપડી પવીત્ર કરો" કરીને કહે છે. પણ વાસ્તવિક જોતાં તો તેઓ મહા મનોરંજક અને રમણિક બંગલાના રહેનાર છે. એમ. કહી કોકે પ્રેમથી શ્રીદેવીના કંઠમાં હાથ નાંખ્યો. હસ્તમાળ ભૂષિત શ્રીદેવીએ શરમથી નીચું ઘાલીને પોતાના પ્રીયકરનો કર સાહીને નજીક ખેંચી લીધો. તથા રંગ મહેલમાં લઈજઈ સુંદર શૈયા મંદીરમાં સૂવર્ણ પલંગપર બેસારી દીધો.

પ્રીય વાંચક !! અત્યાર સુધી પ્રેમરંગ વિલાસમાં તારૂં ચિત્ત મગ્ન છે. તેને તેજ હુલ્લાસમાં રાખી પ્રેમથી પોતાના કાર્યમાં પરવરી સિદ્ધ કર.

સુવર્ણ પલંગને મખમલનાં બીછાના અને મલમલના ઓઢાડથી વિભુષિત કર્યા હતા. ઉપરના ભાગમાં મછરદાનીની ચોમેર હીરનાં લટકણો તથા મધ્ય ભાગે મોતીનાં ઝુમ્મેરો ગોઠવ્યાં હતાં. અકેકો લાંબો પંખો વચ્ચે લટકાવી દીધો હતો. ચઢવાની સીડીમાં ઘંટી ગોઠવી હતી, તેથી પગ મૂકતાં તે વાગતી હતી. પલંગપર સૂતાજ તે ઝુલતા હતા; જેથી અંદરના પંખા પોતાની મેળે ચાલતા હતા. જેથી મંદમંદ સુરેખ હવા મળતી હતી. એવા બે પલંગ સામસામી ભીંતે ગોઠવ્યા હતા. વચ્ચે એક ચાંદીના ટેબલની ફરતી ચાર ઝુલતી ખુરશીઓ ગોઠવવામાં આવી હતી; જે સોનાની હતીઓ. તે સર્વે સામાનની નીચે એક ઉમંદા કસબનો ગલીચો બીછાવવામાં આવ્યો હતો. ચારે કોર ભીંતોપર મીણાંકારી કસીદાં; જેવાં કે વેલ બુટ્ટા વગેરે પાડેલાં હતાં; વળી ઉપલી બાજુમાં

ફરતી છબીઓ ટાંગવામાં આવી હતી. એવી રીતનાં સુરેખ પોઢણ ઘરના ચાર ખુણાઓમાંનાં સુંદર વાજાંઓને ચાવી આપીને ગાવા સારૂ ખુલ્લાં મુકવામાં આવ્યા હતાં, તથા વચ્ચે ભીંતોમાં મોટા ઉંચા તથા પહોળા કાચો જડી લીધા હતાં અને તે શૈય્યા મંદીરની બત્રીસે બારીઓ ખુલ્લી મુકી દેવામાં આવી હતી.

પ્રિય વાંચક !!! આવાં અત્યુ-તમ રમણ સ્થાનમાં નૌ-તમ તરૂણ પ્રિયા સાથે પલંગારૂઢ થયેલો કોક, ફોક બીજાજથી સામેના આરસામાં પોતાની સીકલ જોઇને; ચિં-તા ક્રાંત મુદ્રાથી દૃષ્ટિને ફેરવી ઉપર ટાંકેલી તસબીરો તરપ ફેકી. તે તસબી-રોમાં સારાસારા રાજા, શુરા, કળાધારી, બહાદૂરો હુન્નરી લડવૈયા, નાટકી અને કારીગરોની છબીઓ ટાંગી હતી. તે જોઈને સાનંદાશ્ચાર્ય યુકત સ્તબ્ધ થઈ બેસી રહ્યો. તેની એવી સ્થીતિ નિહાળીને શ્રીદેવીએ પૂછ્યું કે, પ્રિય પ્રાણ !!! આમ આપનું એકદમ કેમ વિલુંમુખ થઇ ગઈ ગયું ? શા વિચારમાં પડી ગયાં ? કૃપા કરીને મને જણાવશો ? મારાથી બનતો હું પણ આપના દુઃખમાં ભાગ લઈશ.

કોક-(ભાનમાં આવીને) કશું નહિ પ્રિયા !! આજ આપણો પહેલો યોગ છે. આનું નામ ગંધર્વ વિવાહ. આ વીવાહથી સ્વતંત્રતા મેળવવી નહિ જોઇયે. કાલે તમારા પીતા શ્રી આપણા લગ્ન કરશે. ત્યાર બાદ આપણો યોગ પૂર્ણ થશે. તું જેમ રાજકુંવરી છો; તેમ હું પણ એક રાજકુંવરજ છું. જેથી ક્ષત્રીનાં સંતાનોને અધર્મ એ એક મહાકષ્ટ દુઃખ થાય.

અને આપણે નવયૌવન એક સ્થળે એકાંતમાં સુવાથી શું ન બની શકે? સો થાય. કશુંજ બચે નહીં. મનનો વેગ તેમાં સ્રીથી પુરૂષનો વીશેષ છે. કારણ કે, અલ્પ કામવાળા પુરૂષો કામાંધ સ્થીતિમાં ઉતાવળા અને બ્હેબાકળા બની જાય છે. કાંકે તે બાબતમાં તેઓ નિર્લજ છે. ટુંકામાં એટલુંજ કે; એક રાત્રીને માટે અધર્મથી બચવા સારૂ આજે આરામને બદલે ખુલી હવામાં પૂરવું મને ઉત્તમ લાગે છે. પણ તમારો વિચાર શો છે? તે જાણવા માગું છું.

શ્રીદેવી–(હસીને) મારો વિચાર આજથી આપની સાથે જડાઈ ગયો. હવે તે સ્વતંત્ર નથી. હું જાણું છું, કે રાજ કુંવરો શીકારના શોખીન હોય છે. તેમાં પણ રાત્રીની એકાંત અને તેમાં પણ સ્રીના સહવાસમાં પૂરવું વધારે પસંદ કરે છે, તો ઠીકજ છે. ઈચ્છા મુજબ દાસી તૈયાર છે. ઈનકાર કરી અધર્મ કરવા ઈચ્છતી નથી. પ્રેમ માટે સ્વીકાર છે.

પ્રિય વાંચક!!! એ પ્રમાણે બને એક મત થઈ પોત પોતાનાં હથિયારો સાથે પોતપોતાની ઘોડીઓપર સ્વાર થઈ શીકાર રમવાને માટે કોઈ પણ માણસ લીધા વગર એકલાંજ રવાના થઇ ગયાં.

ચાલતાં ચાલતાં ઉભય અશ્વીનીઓ નજીકનાં એક અરણ્યમાં આવી ઉભી. ચાંદની રાત અને જંગલ હોવાથી થોડુ થોડું અજવાળું પડતું હતું. તેટલામાં એક મોટો ભુંડ આવી ઉભો. રાજકુંવરના ધર્મને અનુસરવા તેને જોતાંજ તેપર કોક ધસી છુટયો. વાર કરતાંજ સુવ્વર નાઠો. તેથી કોકે તેની

પાછળ ઘોડી છોડી મુકી. ક્ષત્રી બચ્ચો શિકાર માર્યા વગર પાછો નહિ ફરે. તેમ મારી ગતિ એટલી નથી, કે હું તેની પાછળ પહોંચું. જેથી હવે સવાર સુધી એમની રાહ જોતાં એકલાં ઉભા રહેવાથી પણ તેમનું મન શંકિત થશે. મોટો શીકાર સવાર સુધી હાથમાં પણ નહીં આવશે. જેથી ચાલ જીવ તું તો સવાર પહેલાં ઠેકાણે થઇ જઈ ઈજત સંભાળ એમ વિચાર કરતી શ્રીદેવી સ્વ મહેલ તરફ ફરી. અને થોડા વખતમાં મહેલમાં પહોંચી દાસીઓને મળી. અને તુર્ત પોઢણ ઘરમાં જઇને થાક અને વિચારથી નીદ્રાવંશ થઈ ગઈ.

પ્રિય વાંચક !!! હવે તું શ્રીદેવીને અહીયાજ ઉંઘવા દે. અને કોકિલા કયાં જાય છે તેપર તારી નજરને ફેંક.

ભુંડ પાછળ ભુલી પડેલી કોકીલા વિચાર તુરંગમાં મગ્ન થતી અંધારી ઘોર ઝાડીમાં જોશ ભેર ઘોડી છોડીને દોડી જાય છે. તેટલામાં એક ભયંકર ઝાડમાં ભુંડ ભરાઈ ગયો.

અરૂણોદયનો વખત છતાં જે જંગલમાં મશાલની સદદ સિવાય કશું પણ સૂઝ ન પડે, એવા ભયંકર માર્ગને ક્રમતિ કોકિલા વિચાર કરે છે. અહાહા! ઇશ્વર !! તારી ગતિ વિશ્વથી ન્યારી છે આ દુનિઆમાં તું તો તુંજ છો, શ્રીદેવી, કે જે એક મહાન રાજકુંવરી છે. વળી તેણી નૂતન હોવાથી પ્રપંચ માગથી રહીત છે. નિર્મળ પ્રેમાંળ છે. તેણીને વિશ્વાસ આપીને વિશ્વાસ ઘાતીની પેઠે કોણ જાણે કયા માર્ગમાં ચાલી છું. તે કશું કળાતું નથી, મસ્તક ફરી જવાથી દિશાની પણ યાદ રહી નથી. વચ્ચે વચ્ચે વિશ્વાસુ શ્રીદેવી છાતીએ ચઢી

આવે છે. નિર્દોષ અને નિર્મળ પ્રેમમાં બંધાએલી શ્રીદેવી શો વચાર કરશે? શા તર્ક બાંધશે? કેવી કલ્પના કાઢશે? અને મારાપર કેવા પ્રકારના આરોપો ગોઠવશે?

દેવ જાણે શું થશે? જો હું, કૃતઘ્નીપણું કરત નહીં; તો મારી પુરે પુરી પૂજેતી હતી. પોકળ બધું પુટી જાત. ઉભય સ્રીઓ એક શૈય્યામાં સુઇને શું કરત? માટે ભગવાન કરે તે ભલાને સારૂ. હરિ કરે વિચારી. જેથી પૂર્વજો કહી ગયા છે કે, "કર્માણો ગહનો ગતિ" વિચાર સાગરમાં ડુબેલી કોકિલા બેશુધ્ધમાં આશ્વનીને આધારે આગળ વધતી ચાલી. "સુરસેન જેવા શુરવિર રાક્ષસાવતારી મનુષ્યના કાળજા ખાઇને દિવ્ય દષ્ટિ તથા દિર્ઘવેગી બનેલી તે હયની એકદમ ચાલતી અટકી ગઇ. કેમ? કોઈ હિંસારી પ્રાણી આવે છે કે શું? જરૂર હિંસારી પાણીના વાસથી તારી જાતવાળા (ઘોડાં) ચાલતાં અટકી પડે છે. અને ધણી તથા પોતાના જીવને જોખમમાં નાંખે છે. હિંસારી પ્રાણિના ભયથી ન આગળ વધાય તો પછી પાછા કાં ન ભાગી છુટવું? શું અહીંજ ઉભા મરી જવું? કોકિલાનાં ઉપલા પ્રશ્નોનો ઉત્તર વાળ્યા વગર ઘોડી ચુપા ચુપ ઉભીજ રહી. નારાયણ જાણે શું વિતીને શું શું વીતશે. આવા વિચારમાં કોકીલા ગુંગ થઈને ઘોડીપર બેઠી છે. તેટલામાં ચોમેરથી ચાર ચાર એવા સોળ ભીલ્લ તેની આસપાસ ઘેરો ઘાલીને ફરી વળ્યા. આવા અકસ્માત બનાવથી બેશુદ્ધ બનેલી કોકીલા વધુ બેબ્હાકળી થઈ ગઈ. હવે કેમ કરવું ને કયાં જવું તે કંઈ તેણીને સુઝે નહીં

તેણીએ હવે સર્વ આશા છોડી. પોતાના જીવિતનો આધાર ઈશ્વરપર મુકીને નિદ્રાવસની પેઠે નેત્રો વીંચીને ઈશ્વરનાં ધ્યાનમાં ધ્યાનસ્થ થઈ ગઈ.

ભીલ ૧–અલ્યા!!! ઈજ, ઇજ.

ભીલ ૨–હા એલા!! ઈજ પણ દેખાય છે હુઃરવીર તો.

ભીલ ૩–તે આપણે લડવુંસ થોડું?

ભીલ ૪–લડવું નથ, પણ બોલવુંસ તો ખરૂં?

ભીલ ૫–તે કાંઉ બોલવાથી ખાઈ જાહે?

ભીલ ૬–એલા કાંઉ વાઘ, બાઘ સે કાંઉ?

ભીલ ૭–હુઃહુઃરા!!! કોઈ મોટું માણહુઃસે.

ભીલ ૮–તે તારે કયાં નાના પાહેઃ તેડી જાવુંસ.

ભીલ ૯–એલા કોસ્યા!! ઈતો કોઈ રાજાસે રાજા.

ભીલ ૧૦–રાજાસે તો રાજા હાઃમે લઈ જાવોસના?

ભીલ ૧૧–કિમ કરીને લઈ જાહેઃ મામા ?!!

ભીલ ૧–હાઃરિકડાઓ હીઃ બગડબડ મચાવી મુકીસે? હુઃહુઃ તા મરો—હુઃહુઃતા તમારે લઇ જાવુંસ કે મારે?

ભીલ ૧૨–લઈ જાના; જોઇયે તારૂં બર.

ભીલ ૧૩–બર બાર ગાડાનું, પણ આઇ લાડાનું સાલે એમ નથી.

ભીલ ૧–અરે, દીકરાઓ જુવો તો ખરા મારી મજા,

ભીલ ૧૪–દીકરાના બાપા હા, દીકરાના હા. દેખાડય તારૂ હુંઃધાને.

ભીલ ૧૫–તુંજ જોઇને આંખ્યું ભરી લેને મામા.

ભીલ ૧૬–હાઃરાં ! ભીલડાંનાં આખર જરા સાનાં રહી હુઃકતાં નથી.

પ્રિય વાંચક ! ! ભીલ ટોળીના ગડબડાટથી ભયંકર ભયથી ભરાએલ કોકીલા ભડકી ઉઠી. જાગૃત થઈને આજુબાજુ જોતાં ચોમેર પારાધીઓનું ટોળું ફરી વળ્યું છે. તીર કામઠાંથી સજાએલાં એ ભીલ ટોળાંને દેખીને પ્રાણાંતપર આવી જઇને દ્રઢતાથી કોકિલા બોલી કે–" અરે મનુષ્યાકારમાં જન્મેલા ભુડણાંઓ ! ! તમો સિંહની સામે ગર્જના કરો છો કેમ ? એટલું કહી ઝટ મ્યાનમાંથી તરવાર કાઢીને કહ્યું કે, 'આવો છુટો, મારો પટો, તમારા તીર તોડતાં સાથે, મુંડકાં પણ કેમ ઉડે છે છે તે જૂવો.

કોકીલાના છાતી વીંધી નાખે એવા બાણ વાકયો સાંભળીને ભીલડાંના પગ નીચેની ધુળ ઉડી ગઈ.

આ જોઈ ભય પામેલા ભીલો એક બીજાની પુઠે દબાવા લાગ્યા. આથી બીજા ભીલોએ પોતાના સરદારને આગળ કરવા લાગ્યા.

વાંચક ! ! આ ઠેકાણે તારે યાદ રાખવું કે, નંબર પહેલાનો ભીલ ટોળીનો જમાદાર હતો. અને તેનું નામ " જેસંગહઠી " હતું.

જેસંગ બધાની સાથે મસલત કરીને પ્રપંચ બુધ્ધિથી ધ્રુજતો ધ્રુજતો હાથ જોડીને બોલ્યો કેઃ–

બ–બ–બ–બ બાપુજી, બાપુજી, અ–અ–અ–અમારા રાજાજી, જ–જ–જ–જગન કરેસે સેના તી–તી–તી–ના પ–પ–પ–

પોતાની હુ-હુદમાં આ-આ-આવેલા આ-આ-આપના જ-જ-જ-જેવા ર-રાજાજી ન-ની કરે ત-ત-તેને ત-ત તીઆં તેડી જવા મ-મ-મને હુ-હુ-હુકુમસે ત-ત-તે જો ન બજાવું. ત-ત-ત-તો મ-મ-મને રાજાજી મ-મ-મારી નાંખે. જી--બાપા એટલું બોલીને થરથર કંપવા લાગ્યો. તે જોઇ કોકિલા મન સાથે વિચારવા લાગી. હા જીવ!! આજ દિવસ સુધી કંઈ પણ બાકી રહી નથી. ત્યારે હુવે આ રાંકડાંઓથી ડરવું શું? તેનાં દયામણાં શબ્દોની દયા આવે છે. જેથી તેની પાછળ પણ જાવું. અને જોવું. શું છે તે. ઇશ્વરેચ્છા. જે બનનાર હુશે તેજ બનશે. એવો વિચાર કરી ભીલના સરદારને કહ્યું કે, 'અલ્યા શુરવીર સરખો શુરવીર થઇને આટલો ગભરાય છે કેમ? ધીરજ ધર, ધીરજ ધર, શાંતિ પકડ, ઠંડો થા, ગભરાના. મારૂં બનતાં સુધી હું તારા જીવને સંકટમાં પડવા દેનાર નથી. મારા આ પાપી દેહુથી આવી દુઃખાવસ્થામાં પરોપકારને પગથીએથી પાછી પછડાઉં તેમ નથી. ચાલ ભાઇ, રસ્તો બતાવવા તું આગળ થા. એટલે પાછળ ચાલવા હું તૈયારજ છું; કોકીલાનાં કોમળ વચનોથી પ્રસન્ન થયો હોય એમ દેખાડી, જેસંગ હાથ જોડી આર્જવવા લાગ્યો કે, હાજી, બાપુ જી, આપના જેવા ડાયા, ડોરા, મોટા, ભણેલા, ગણેલા, હોસિયાર, રૂડા, રૂપારા રાજ કુવરો અમારા જેવા અનાથ ગરીબની દયા ન કરે તો બીજું કોણ કરે? આપ તો ભગ-વાન સો? બાપા?

ભીલ ૨-પરભુ--બાપા--પરભુ.

ભીલ ૩-હા, નાયકજી!! હાઃ સું, બાપાહાઃ સું.

ભીલ ૪–(મનમાં) હા:રિકિડાઉયે કરી ખરી, પુરી કરી.

ભીલ ૫–હુ:હુરા પકકે પકકાસે.

જેસંગ–હાલો રે ભાઈ બધા.

પ્રિય વાંચક!! ચચ્ચારની ટુંકડી ઘોડીની ચોમેર વીંટાઈ ચાલવા સિધ્ધ થઇ. તેથી કોકીલાએ પણ ઘોડીને હાંકી, હાંકી તો ખરી!! પરંતુ એ લોકોનાં ગંધ અને શંકાથી ઘોડી અટકી હતી, તે આગળ પગ ભરે નહીં.

કોકીલાએ બહુ મહેનત કરી પણ સઘળી વ્યર્થ. એકે ડગલુંએ આગળ ભરે નહિ. તે જોઈ જેસંગ બોલ્યો.

જેસંગ--નાયકજી!! બાપુજી બહુ સેટેથી હિ;કકાર કરતા કરતા આવ્યા હોય, ઈમ જણાયસે. તીણાથી ઘોડીજી થાકી ગયાંસે ઇહારૂ બધા જરા જરા હાથ દીયો તો હાલ હે;

એમ કહી વાઘ ચોકડે ચોમેરથી વળગી પડી ઘોડીને ઘસડતા ચાલ્યા.

પોતાના સ્વારની મુર્ખાઈ ભરેલી દયાથી દબાએલી ઘોડી નિરૂપાયે ઘસડાતી ચાલી. એવી રીતે બનાવીને ભીલો કોકીલાને કાળા કિલ્લાની કાળીના દેવળમાં ઉતારો આપી ચઉદ ભીલો સાથે નાયકને ત્યાં ગોઠવી જેસંગ કાળપુરના ભિલ રાણાને ખબર આપવા ખંતથી દોડયો.

પ્રિયા વાંચક!! હવે વળી પછી નિરાંતે વાંચજે. વાતોના ગાડાં ભરાતાં નથી. રંગના ટુચકાથીજ આનંદ મળે છે. તોપણ તારી હોંસ હું આગળ પુરી પાડીશ.

નિર્દોષ અને ભોળાં મનની કોકીલા દેવાલયની ધર્મશાળાનાં ચોકમાં ઘોડી બાંધીને પૂડતાળપર સ્વસ્થ સૂઈ રહી.

પ્રિય વાંચક!! અહીં જેસંગે રાજમહેલમાં દાખલ થઈ રાણા સાહેબ પ્રત્યે પોતાના પહોંચ્યાના ખબર પહોંચડાવ્યા. જેથી દરબારે તેને હુજુરમાં બોલાવ્યો. અદબસર મુજરો કરીને પોતાની જગોએ જેસંગ ઉભો રહ્યા બાદ ભીલરાજે સન્માનથી પુછયું કે, "કેમ જમાદાર!! સિંહ કે શીયાળ.

જેસંગ-(નમૃતા પુર્વક) બાપુજી, છરકાર છાબની મહેરબાનીથી છીંધજ છું. જેવો જોઈયે તેવો રૂડો રૂપાળો જવાન અને આખે ડીલે પુરા અંગવારો તથા ગુણીયલ નર પણ લાયો સું છાબ.

રાણો-(આનંદયુકત) શાબાસ, શુરા જેસંગ!! તારી મને ખાત્રી છે. તારા જેવા વિશ્વાસુ સરદારને સોંપેલા કામમાં કદી પણ પોણીવીશ હોયજ નહીં. જા હવે તું સુખેથી.

જેસંગ પૂરી મુજરો કરી આનંદનાં હિલોળા ખાતો ચાલતો થયો, અને રાણો પણ હર્ષથી રણવાસમાં રમણ કરવા આરામ વાસ્તે રવાના થયો.

હવે પ્રાત;કાળ થતાં પહેલાં કોકીલા જાગૃત થઈ દેહ કાર્ય પુર્ણ કરી સ્વાધ્યાયમાં પૃવૃત થઈ. તેમ અહીં પોહ ફાટતાં પ્રધાન મંડળ દરબારમાં એકઠું થયું. ગવૈયા, ભવૈયા, નાટકી, ચેટકી, નટ, નાયકા અને હીજડા વગેરે ગાનતાનવાળા લોકો એકઠા થયા. બ્રાહ્મણ, ભટ, ભાટ, અને ચારણ બંદીજન ઈત્યાદિ માંગણ જન મળ્યા. શેઠ, સાહુકાર, વણિક, અને કારીગર

વગેરે મહાજન લોકો આવી પહોંચ્યા. પટેલો, ખેડુતો, મજુરો અને વેઠીયાં વગેરે રૈયત તમાસો જોવા હાજર થઈ.

તેમજ લાવ લશ્કર ફોજ, સેના, પોલીસ, પટાવાળા, વગેરે સૌ સમાજ મોટા ઠાઠથી ત્યાં એકઠો મળ્યો. તેટલામાં અરૂણોદય થયો. અને દેવળોના શંખ, ઘંટાદિક સંભળાયા. જેથી મુખ્ય પ્રધાનજીએ વાજીંત્રવાળાઓ તથા નકકી પોકારનારાને હુકમ આપ્યો.

બીજી બાજુ લશ્કરનાં બ્યુંગલો ફુંકાવીને બેંડ વજડાવ્યાં તથા કવાયતની પરવાનગી આપી, જેથી મોટો કોલાહલ થઈ રહયો, અને રાજાજી જાગૃત થઈ ઝરૂખામાં દંત ધાવન તથા પોતાની રાજ્ય ભકત ઉમંગી પ્રજાની પ્રાત; સલામ લેવા બિરાજમાન થયા.

બે ઘડી મુજરો થયા બાદ, નિશાપાણી અને નાસ્તાનું કાર્ય શરૂ થયું. લગભગ સવા પહોર દીવસ ચઢતાં સુધીમાં તે કામ સૌ ખલાસ થયું. પછી મહુર્ત આવી પહોંચવાથી બ્રાહ્મણોને પ્રધાનોનું એક મંડળ "બળિના નર" નું પુજન કરવા દેવળ તરફ મોકલી આપી; સ્વારીની તૈયારીનો હુકુમ દઈ, રાણાજી નિત્ય કર્મ સારૂ મહેલમાં પધાર્યા.

તેમજ પ્રજા જન પણ સ્વારીની સિધ્ધતા સારૂ આઘા પાછા થઈ ગયા. અને ફોજ સ્વસ્થાને ગઈ.

અહીં સકળ મંડળ દેવાલયની ધર્મશાળામાં કોકીલા પાસે પહોંચ્યું. સજ્જનોની મંડળી જોઈને, ઉભા થઈ અદબસર મંડળીનું માન કરી નમસ્કાર પુર્વક બેસવા વિનંતી કરી. સર્વ

મંડળ સવસ્થ થયા પછી કોકીલાએ માન પુર્વક પુછયું કે, "આપ મહાજનોને મજ ગરીબ સુધી પધારવા કંઈ કારણ હોય, એમ નથી, પણ શ્રીના દર્શને પધાર્યા હુશો. અને વચ્ચે મારી ખબર લીધી તેથી હું આપનો પાડ માનું છું.

લાવણ્ય યુકત, તરૂણ અને વાકચાતુરીમાં કુશળ એવા રાજકુંવર (કોકિલા) નાં વચનોથી પ્રધાન મંડળના પ્રમુખે તર્ક બાંધ્યો કે, આ કોઈ મુસાફરી અથવા વનવાસમાં નીકળેલો રાજકુંવર છે. પશુને ઠેકાણે આ પુરૂષનો ઉપયોગ યોગ્ય નથી. કારણ કે, "નરમેધ" માં પશુ જેવો જડ પુરૂષ જોઇયે. એવો શાસ્ત્રાર્થ છે. તેબી વૃતિથી જડ રહેનારો જડભરત જેવો ન જોઇયે કે જેથી "નહુષ રાજાને ઉલટા શાપિત થવું પડયું; તેમ વિપરીત ન થાય. એ બાબતનું સર્વ જોખમ પ્રધાનપર છે. પરંતુ મુખ્ય પ્રધાન અહીં નથી. તેમ માલિક ભીલ જાતિનો હોવાથી હઠી, ક્રોધી અને મૂર્ખ છે. જેથી કહી શકાય તેમ નથી. હવે શું કરવું? મોટી પંચાત પડી છે. તે તર્ક સાંભળીને મંડળનો વ્યવસ્થાપ બોલ્યો કે, "નહુષ" નો દાખલો સાંભળતાં હું સમજી શકું છું કે, દુર્બુદ્ધિથી ભૃષ્ટાને પાત્ર થયો હોય, તેજ નરમેધનો આરંભ કરે છે. પુરૂષમાં જડ કોઇકજ હોય છે. તેમાં પણ સાધુ તપસ્વી અને સંન્યાશી કદી પણ જડ હોય જ નહિ. બીજા પુરૂષોમાં પણ જવલ્લેજ જડ હોય. કારણ કે સ્વાર્થને સારૂં બાળ વૃદ્ધ સર્વ સ્ત્રી પુરૂષો જ્ઞાન ધરાવે છે. તે સાંભળીને મંડળનો કાર્યભારી મો મલકાવીને બોલી ઉઠયો કે,

'સત્ય છે, તો પણ દેખીતો તો જડ જોઈયે. પછી જણાઈ આવે "નરાજ" (બકરા જેવો પુરૂષ) નો હોમ કહયો છે. પણ નરશારદુલ અને તેમાં પણ ચતુર શિરોમણિ રાજબીજ. કેટલો અન્યાય ? આવી રીતની તેની માંહોમાંહેની ખુસ પુસ. કોકીલા મુંગે મોઢે સાંભળતી હતી. પરંતુ અંદરની ખબર ન હોવથી કશું સમજતી નહતી. તેથી રાજ ખટપટ જાણી તેણીએ ધ્યાન દીધું નહતું. પરંતુ એટલામાં પ્રમુખની ઈશારતથી કારભારીએ બોલવું શરૂ કર્યું.

કાર્યભારી—પ્રિય રાજકુમાર ? આપ અમારા માહારાણાના પરોણા છો જેથી આપની સ્નાન પુજનાદિક ક્રિયા કરવા સારૂ રાજાજીએ અમને અહીં મોકલ્યા છે. તો આપે કૃપા કરી મંજુર થવું જોઈયે. એટલીજ અરજ છે

કોકીલા—ધન્ય છે ! ! સમથને આશ્રમે આવેલા પાહુણાની પરોણાગત કરવી ઘટે તેથી અધીક માહારાણાની લાયકી પ્રમાણે તેઓ કરે તેમાં કશું આશ્ચર્ય નથી. પરંતુ મારી સ્નાનાદિક ક્રિયા હવણેજ આટોપીને શુદ્ધતાથી "નિત્યાહિનક" માંજ હું બેઠેલો છું. એવે પ્રસંગે આપ મહાત્માઓનાં પવિત્ર દર્શનથી અધિક કૃતાર્થ થઈ આપની મહેમાન ગતિને પુર્ણ પ્રાપ્ત થઈ ચુકો છું. જે મેં "શિરસામાન્ય" કરી લીધી છે.

ઉપલી વાત ચિત પરથી કોકીલા રૂપી પુરૂષ અથવા નર પશુની શુદ્ધતાને પામીને પુરોહિતે ચર્ણ પુજા કરી લેવાની સુચના આપી. જે કોકિલાએ કબુલ રાખી—જેથી વ્યવસ્થાપકની વિનંતીપર-પ્રમુખે પગ પુજાનો વિધી પુર્ણ કર્યો. પછી

અરસપરસમાં ખુશી ખબર પુછતાં; રાજ સ્વારીની વાટ જોતાં કાળ ક્રમણ કરતાં બેઠાં ત્યાં સુધી ઉભયનો ભર્મ પુટયો ન હતો.

પ્રિય વાંચક ! ! હવે બાકીનો વખત એવાજ મોગમ આનંદ માં જવા દઈને તું તારી નજર રાજવાડા તરફ ફેંક--જો તો ખરો ત્યાંની મોજ ! ! રમુજ સઘળી ત્યાંજ રમાઈ રહી છે. રાજ સાહેબ તુર્ત શીંગાર ભવનમાં દાખલ થયા. મહા યજ્ઞમાં જતા મહારાણાને સણગારવા સાહેલીઓ સાથે મહારાણીઓ પધારી; કોઇ અત્તર ગુલાબ, કોઈ ચંદનચુવા, કોઈ વસ્ત્રવાઘા, કોઈ આભ્રણાંબર અને કોઈ અંજન મર્દનમાં તત્પર થઈ ગયો. તમામ કાચ જડિત બંગલામાં વચલી બેઠકપર બેશીને મહારાણા સણગારી ક્ષણમાં તૈયાર થયા. તે દરમ્યાન બહાર પ્રધાન મંડળ, અમીરો, ઉમરાવો, રાવો, બહાદુરો, શુરા સરદારો, અમલદારો, વેપારીઓ, વણિજો, કારિગીરો અને તમામ રૈયતના લોકો એકઠા મળ્યા. એક કોર ભટ, ભાટ, ચારણ બંદીજન રાજ ગુણ ગાવા લાગ્યા. બીજી બાજુ વાંજિત્રીઓએ જુદા જુદા સુરના વાજાં શરૂ કર્યાં; ત્યારે બીજી બાજુએ રામજણીના નાચ શરૂ થયા. લશ્કરી કવાયત સાથે વાજાંઓ શરૂ થયા તેટલાંમા દરબારશ્રી બહાર પધારવાથી; શંખ, ભેરી, પણવ ડંકા, નોબત તથા નગારાં વગેરે ગડ ગડવા લાગ્યાં આવા આનંદમયી મેળાવડા વચ્ચે વીસ પુટના એક ઉંચા હાથીપરની સોનાની અંબાડીવાળા ચાંદીના હોદા પર દરબાર શ્રી બિરાજ્યા. તેની આજુ બાજુ અઠ્ઠાણું સણગારેલા હાથીઓ ગોઠવવામાં આવ્યા હતા, તેનાપર અનુક્રમે પ્રધાન, અમીરો તથા ઉમરાવો, પોતાની યોગ્યતા પ્રમાણે બિરાજમાંન થઈ ગયા. જેમાં ચાલીસ

હાથી ખાલી રાખવામાં આવ્યા હતા. પાંચસો ઘોડા, કોતલ છોડીને હજારો માથે સરદારો સ્વાર થયા હતા. સિવાય બીજા બે હજાર ઘોડેસ્વારો હતા. પાંચ ઉંટ સરદાર સ્વારીમાં રોકાયા હતા અને હજાર ઉંટનું સ્વાર દળ ચાલતું હતું. કેટલાક મહાજનો રથ, અશ્વારા, ગાડીઓ સુખપાલ, પાલખી અને મ્યાનાની સ્વારી કરીને નીકળ્યા હતા. પંદર હજાર લશ્કરી પ્યાદલ, દશ હજાર પોલીસ પ્યાદલ, દશ હજાર પરચુરણ પટાવાળા સિપાયોનું પ્યાદલ, તથા સરકારી બે લાખથી પણ વધારે રૈયતી પ્યાદલ. સાથેની અતિ આડંબરવાળી ભવ્ય સ્વારી જોવાને વાટમાં, બાળા વૃદ્ધ, સ્ત્રીઓ, રોગી, આંધળા, લંગડા અને બીજા તમાશગીરો જ્યાં ત્યાં ઓટા, અગાશી, અટારી તથા કઠોડા વગેરેપર ચઢી ચઢી જોવા લાગ્યાં. જાહેર રાજ રસ્તો અને તેમનાં બે બાજુના ઘરો મનુષ્યથી ચીકાર ભરાઇ ગયો હતો: સિવાય ક્યાંય પણ કશું એ જોવામાં આવતું ન હતું. જ્યાં ત્યાં સ્વારીનીજ વાત. રાજ સાહેબ તથા સરદારોનાં શૃંગાર અને છટાનાં વર્ણન સાંભળવામાં અને ગમતો આનંદજ જોવામાં આવતો હતો. એવા ઠાઠથી સ્વારી [illegible] ટાણે એટલે બારેક વાગવાને સુમારે શ્રીનાં દેવળ લગભગ ધર્મશાળાના દરવાજાપર આવી પહોંચી. ત્યાં સ્વારી ઉભી રાખીને રાજાજી સાથે સર્વ સાજન મહાજન નીચે ઉતરી સજ્જ થઇ ગયું. તેનાં સામૈયા સારૂ આગળ મોકલેલું મંડળ કોકિલા સાથે ધર્મશાળાના દરવાજા સુધી સન્મુખ આવ્યું આનંદ દેવળમાં દાખલ થયાં. ભયંકર અને છાતી ફાડી કાઢે એવું કાળીનું સ્વરૂપ અને તેની આગળ એક માણસ અંદર

ઉભો ઉભો ડુબી જાય એટલી ઉંડી વેદી તથા "સમિધોનો" મોટો ગંજ જોઈને નવીન પરોણાના મનમાં કંઈક નુતન શંકા ઉદભવવા લાગી. તેટલામાં પુરોહિતની ફરમાસથી મુખ્ય પ્રધાને આગળ થઈ પાહુણાને હોલી સનમુખ વેદી કીનારે બોલાવીને ઉભો રાખ્યો. બાદ રાજાજી તરફથી નીચે મુજબ કહેવાયુ

રાણો--હે નુતન: કુમાર!!! તારૂં ભવિષ્ય પુરૂં. ઘણું જોરદાર થયું. આ દુ:ખી મનુષ્ય દેહમાંથી છુટીને તું હવે "જગદંબા શ્રી મા મહાકાળિ શ્રીજી" ના પ્રતાપી બળથી સદા સુખના ધામને પામીશ. તેના આનંદથી ઘટે તેમ શ્રીનું ધ્યાન કરી રાખજે; જરાપણ ચુકીશમાં.

રાજાના માર્મીક પણ ખુલ્લા પડેલા શબ્દો સાંભળીને કોકીલા ચેતિ ગઈ, તેણી સમજી કે, આ જંગલી ભિલ્લ રાજા જૂના જંગલી રીવાજનો ઉપયોગ મારે માટે કરવા માગે છે. આજ ઘણાં વરસો થયાં સુધરેલા વિદ્વાન રાજાઓએ "પશુયાગ" જગર "નરમેધ યાગ" બિલકુલ બંધ પાડયો છે; પરંતુ તે વાત આ ટાણું આ જંગલી મંડળમાં ચાલે તેમ નથી, તેથી આ સમયને સાધીને સાહસ ન કરતાં ધૈર્ય ને નમ્રતાથીજ જેટલું સધાય તેટલું સાધું. પછી હરિ ઈચ્છા. જગદંબા કર્ત્તા છે.

કોકીલા--મહારાણા અને પંચના સાહેબો!!! આપે જે કાર્યાર્થે મને અહીં આણી ઉભો કર્યો છે. તે ખરેખર દેવતાને દુર્લભ એવો લાભ કયો અધમ પુરુષ ગુમાવે? મોટામાં મોટો મૂર્ખ હોય તેજ. મહારાણા ભિલ્લરાજ "કાળસીંહજી" એક પ્રસિધ્ધ અને નામાંકિત મહારાજા છે. એમના સ્વહસ્તથી

સાક્ષાત જગત્‌માતુશ્રીના ભોગમાં મલવા મારા જેવો ભાગ્ય-શાળી પુરૂષ ભૂમંડળમાં બીજો કયો હોય? કોઇજ નહિ. પરંતુ હા દૈવ!!! તું પ્રબળ છે. અરે આ યજ્ઞમાં સર્વાંગ સંપુર્ણ, સર્વગુણસંપન્ન, નિર્મળ મનવાળો, પવિત્ર, પ્રેમી, વિદ્વાન અને સાધુ વૃતિવાળો તથા જડ એવો બળિ યોગ્ય છે. જ્યારે હું તો ઉપલા ગુણથી બિલકુલ વિરૂદ્ધ છું. તેમાં પુરૂ-ષનાં અમૂલ્ય અવયવનીતો મારામાં જરૂરજ ખામી છે. જેથી શું થશે?

કોકિલાના ઉપલા બોલવાથી રાજા જરા ચોંકયો: પણ ઉપાધ્યા તથા પ્રધાન તરફથી જણાવવામાં આવ્યું કે, ગમે તેવા મનુષ્ય બળિને જ્ઞાન હોય છે; તેથી પોતાના બચાવ સારૂ ગમે તેમ બોલે. પણ મારી ખાત્રી છે. કે તેજ બળિ સર્વે રીતે લાયકજ છે; જેથી ઢીલમાં માલ નથી. તે સાંભળી રાણીને પુજામાં જોડી રાજા બળિ વાસ્તે તલવાર ખેંચી ઉભો રહયો. આ જોઇ કોકિલા શકિતનાં ધ્યાનમાં તલ્લીન થઈ ઉભી રહી. પુજન પુરૂં થયા બાદ. રાણીએ શિખા પકડવા બળિના મસ્ત-કમાં હાથ નાંખ્યો; અને રાજાએ વાર ઉગામ્યો. એટલામાં અકસ્માત ધડાકો થઇને દેવીની મુર્તી ફાટી; અનેતે માંથી સોળે ભુજામાં હથીયાર ગ્રહેલી શ્રીદેવીની મનોહર મુર્તી પ્રગટ થઈ.

દેવી—હે મૂર્ખ ભીલડા? આ તું શું કરે છે? કોનો ભોગ આપે છે? મેધમાં નરકે નારીનો ઠેરાવ છે? જરા જો તો ખરો!! તારા ભોગ મળ્યા છે, અવધી ભરાઈ રહયો છે. હવે મદાંધપણે

તું ઉન્મત્તાઇમાં આવી ગયો છે. ધિક્કાર છે તને. તારી દુષ્ટતાનું ફળ તને હાલજ મળશે. તારૂં મુળતો તપાસ. તું રાજ કે રાજાપણાને લાયક છે? નથી. તું તો ગુલામ છે અને પાપનું પુતળું છે, જેના તું ચર્ણ સેવતો હતો, જેના વડે તું શોભતો હતો, જેના વડે તું સુખ ભોગવતો હતો તેજ પાલકને, તેજ માલિકને છલકપટથી છેતરીને અરણ્યમાં મારી નાંખી; અને તેની રાણી અને કુંવર તથા તેના આમાત્ય મંડળ સાથે કેદ કરી મારી નીચેનાં ભોંયરામાં સંતાડીને પ્રજાથી છાનું રાખવા માટે તેની ઉપર મારૂં પવિત્ર મંદિર બનાવી લીધું છે. તેથી રૈયત જાણે છે કે, મુળ રાજા રાણી, અને આમાત્યો સાથે આ નવીન કાળ રાણા નામના ગુલામથી ડરીને નાશી ગયા છે. અને જેથી આ નગરનું નામ એ પ્રજાએ 'કાળપુરી' રાખ્યું છે. પણ તું સારી પેઠે યાદ રાખજે, કે તેઓ મારી કૃપાથી હજી સુધી હયાતી ભોગવે છે. અને હવે તેઓ કોકિલાની અગાધ શક્તિનો લાભ લેશે. તારો હાથ પાછો ખેંચી તરવાર નીચે મુક અને કોકિલાંને શરણે જા.

કોકીલા!!! જરાપણ ગભરાતીના. તારા પુરૂષી પોષાકે તને ફસાવી છે. પણ હવે તું જંગલી લોકોના પનાળામાંથી છુટી છો, એ સઘળાઓની અરધી શક્તિ ખેંચીને તારે વિષે મુકી છે. જેથી તને કોઇ જીતી શકે તેમ નથી. તું અભયતાથી તારો હાથ બજાવ. કારણ કે, આ મુખ ભીલ છે. અને પોતાના માલિકને મારી તેનું રાજ પચાવી પડી રાજા બન્યો છે, તેનો અમલદાર વર્ગ મોટે ભાગે તેનીજ જાતવાળાઓ છે અને તેઓ જાતી સ્વભાવ પ્રમાણે સ્વચ્છંદપણે વસ્તી વસ્તીને બહુ ત્રાસ

દે છે; માદક પદાર્થોમાં મદીરાપર, તે લોકોએ વધારે ધ્યાન આપ્યું છે. જેથી તેનો પ્રચાર બહુ થઈ પડયો છે. જેને લીધે પ્રજા સુસ્ત અને ઉદ્ધત થઈ ગઈ છે. જુગારની સખત મનાઇ છતાં તેઓ પોતેજ મહા જુગારી છે. અને પોતાની મોજ શોખ પુરી પાડવા સારૂં રૈયતપર જગાતના બોજા નાંખે છે. સાક્ષીપર ન્યાય રાખ્યો છે. તેના ન્યાયાધીશો શરમીંદા છે, વકીલો પ્રપંચી છે અને નોકરો હરામખાઉ છે. જેથી પક્ષકારોને ન્યાયને બદલે અન્યાય મલે છે. વ્યભિચાર આ રાજમાં મધ્યમ છે. પુરૂષોથી સ્ત્રીઓને છુટ વધારે છતાં સખ તાઇ સખત છે; જેથી તું તે દુષ્ટોનો નાશ કરીને સત્વર તારી સત્તાથી આ ટાપુના મુળ પુરૂષનું રાજ્ય સ્થાપ.

જેનું રાજ્ય તારે સ્થાપવું છે, તે 'મુળરાજ' મારી ચર્ણ ચોકી નીચેનાં ભોંયરામાં છે. તે ચર્ણ ચોકીપર તું લાત મારીશ. તો તે ફુટી જઈ મારી પ્રતિમાં ઉડી જશે. અને ભોંયરાંમાંથી મુળરાજ અને તેની માતા વગેરે નીકળશે. તે તને મદદગાર થઇ પડશે.' આટલું કહી દેવી અંતર ધ્યાન થઇ ગઈ.

દેવીની-આ જ્ઞાનો કોકીલાએ તરત ઉપયોગ કર્યો, કે દેવીના કહેવા મુજબ થઇને ભોંયરામાંથી માતા પુત્ર પ્રધાન અને ખવાસ તથા એક દાસી એમ પાંચ જણ નીકળીને બહાર આવ્યાં. તે જોઈ ભીલ રાજા ભોંઠો ભઠ્ઠ થઈ ગયો. અને કોકીલા નિર્ભય તથા હીમ્મતવાંન થઇ અને તેણીની આકૃતિમાં તદન ફેર પડી ગયો.

જોગમાયાના વચનામૃતોથી જોરમાં આવેલી કોકીલા નવીન જળના કમળની પેઠે પ્રફુલ્લિત થઈ તેણીનો ચ્હેરો પ્રકાશી નીકળ્યો. તેનાં હોઠ કર સ્ફુર્ણ પામવા લાગ્યા. અને એકદમ જુસ્સામાં આવી ઝટ ભીલ રાણાનું માથું ઉડાવી દીધું.

રાણાનું મસ્તક ઉડતાજ પ્રજા જનોએ ખુશીના પોકારોથી કોકિલાને વધાવી લીધી. અને તેની સ્તુતિ કરવા લાગા.

ભીલ રાણો મરવાથી તેની જાતના બનેલા અમલદારો ભયને મારે જીવ લઇ ફાવે ત્યાં નહાસી છુટા. જેઓ ભીલ રાણાને ધીકારતા હતા તેઓ ચંચલતાને સમાવીને તરત કોકીલાને આધીન થયા. કોકીલાએ તરત ભીલના માથાપરથી રાજમુકુટ ઉતારી લઈ મુળરાજને અર્પણ કરી, તેઓની સત્તા તેઓને સોંપી તેઓની આજ્ઞા લઇને કોકીલા પોતાના કાર્યને સિદ્ધ કરવા આગળ વધી.

કોકિલાને એકદમ જતાં જોઇને મુલરાજ, તેની માતા અને તેની તમામ પ્રજા બહુ ખેદ પામવા લાગી. નગરમાં લઈ જવા માટે કોકિલાને બહુ સમજાવી. પણ કોકિલા સમજી નહીં, તેથી તેઓ નીરાશ થઈ, કોકિલાને આદર સત્કાર કરીને મોટા ઠાઠથી વળાવી.

પ્રિય વાંચક ! ! કોકીલા હવે પાછી પોતાના તુરંગપ નવરંગ તુરંગોમાં મહાલતી ચાલી, તેણી મન સાથે વિચારતી જાય છે, 'કે મારો પ્રિયકર, સર્વજ્ઞ પ્રેમમુ-ર્તી અને સર્વ ગુણનો ભંડાર ગુણનીધી કયાં કેમ અને કેવી સ્થીતિમાં હશે ? હું તો હજી એનાથી કોણ જાણે કેટલા હજારના અંતરપર

હુઇશ. જેમ જેમ મન એમને માટે ઉતાવળ કરે છે. તેમ તેમ દૈવ વિશેષ પ્રતિબંધ કરે છે. પણ કરૂં શું ? દૈવજ બળવાન છે. આકૃતિ નથી. આકૃતિના ઉદ્યોગને ઉદય કે પ્રતિબંધ કરવો, તે દૈવાધીનજ દીસે છે. અન્યના હાથમાં નથી. પ્રકૃતિ પુરૂષથી પણ દૈવપર છે. જેથી શાસ્ત્રોમાં "કર્મણો ગહનો ગતિ" એ મહા વાક્ય દેવામાં આવ્યું છે. તેથી સર્વ કોઇ નસિબનેજ શ્રેષ્ટ માને છે. કોણ જાણે શું છે ? "ઇશ્વરની ગતિ વિશ્વથી ન્યારી" એવા વિચાર સાગરમાં ગોથાં ખાતી કોકીલા ઘોડીને આગળ હાંકતી ચાલી છે.

પોતાના તુરંગમા તુરંગીને હાંકતી કોકિલા જેમ જેમ આગળ જાય છે. તેમ તેમ તેનું વિયોગી ચિન્ત વધુ વધુ સંયોગની ઈચ્છાથી વધતું ગયું. હવે તેણી પ્રેમ પુતળી પ્રેમ ઘેલી બની ગઈ. નિરજન અરણ્યમાં ભુખ તરશ નાશ પામેલાં છે. તથા શરિરને સારૂ જેને પુર્ણ વેરાગ ઉત્પન્ન થયેલો છે, વિચાર સાગરમાં ગુમ થઈ જવાથી જે નિર્લય થયેલી છે અને દુઃખોના સંસ્કારથી દઢ થયેલી હિમ્મતવાલી કોકિલા નિચે પ્રમાણે મનના ઘોડા ઘડતી માર્ગ ક્રમતી જાય છે.

હાઃ પ્રેમ !! હાઃ પ્રેમ !!! નેમ જાળવવામાં ક્ષેમ તારા જેવો બીજો કેમ થશે ? કોઈ થઈ શકશેજ નહિ. થયો નથી, થનાર પણ નથી. જેને અનુભવ છે તેજ જાણે. જાણે તે જાણે. જેને વિતિ છે તે જાણે. બીજો શું જાણે ! આ વખતે તું દેહ ધારી થઈ મારી સાથે ચાલે છે તેથી મને હોંસ, કોંસ, હિમ્મત અને આશ્રય છે, નહિ કર આ નિર્જન વનમાં હુંથી એકલાં કેમજ

ચલાય ? કોઈ રાજ તારૂણિ આમ પૂરી નહિ હોય ? તોપણ, હે પ્રેમ !! હું ફૂકત તારે સારૂંજ, તારી સાથેજ, તારી મદદથીજ, તારે આશ્રયેજ અને તું થકીજ આ રૂપે તથા આવી રીતે સ્વતંત્રતાથી સિંહની પેઠે ચાલી રહી છું, નિર્ભય છું. હા પ્રેમ !! તારૂં પરિણામ શું આવશે ? મારા પ્રયત્નનું અને તારી સાહ્યતાનું ફૂળ ભોગવવા આડું હજુ બીજુ શું, શું ? અને કેટલું ભોગવવાનું રહ્યું છે ? જેને સારૂ તું મને આવી દુખદ સ્થીતિમાં, ભયંકર વનોમાં અને દુઃસહ માર્ગમાં ક્રમાવે છે, ભમાવે છે, અને નચાવે છે. તેનું શું થશે ? ઝાંઝવાનાં પાણી અને ધુંવાડાના બાચકા જેવું તો નથી ? નારાયણ જાણે.

"કાશ્મીરના રાજાના" પ્રેમથી "અંબિકા" ભીષ્મથી છુટીને ત્યાં પહોંચી; બાદ તેણે અપમાનથી તિરસ્કાર કરવાને લીધે ગુજરાતમાં "આબુજીની હદમાં જઈને સતી થઈ ગઇ, જે અદ્યાપી "અંબાજીના" નામથી દેવી રૂપે પુજાય છે. આપણું પણ છેવટ તેમ થશે.

"દુઃખમય છે આ દેહ, ગેહ પણ તેમ જાણો;
સંસારમાં ન સુખી કો, સુખી સંતોષીનેજ પ્રમાણો".

સંતોષ ? હા !! સંતોષ ધનનો ધાનનો કે ધામનો થાય. પણ પ્રેમનો ? અહાહા !! નીર્મળ પ્રેમના નેમનો ? નૌ-તમ કામનો ? અહાહા !! રતીપતીનો આવેશ ? કેમ કરીને તેનો સંતોષ થાય ? નજ થાય.

"કામ ધામથી ભૃષ્ટ કરે, ધરે ના મન કંઇ ધીર;
કામ સામથી સમાવે, એવા વીરલા હશે વીર.

તેમાં પણ જીવીતદાન સુધીનો ઉપકાર કરનાર સર્વે ગુણે ઉપયુકત, ઉત્તમ અને પોતાને લાયક અનુપમ નરનો પ્રેમ કેમ સંતોષ થવા આપે ? હા પ્રેમ ?!!

“પ્રેમ પદારથ પ્રેમ રસ, પ્રેમે પ્રેમ મીલત;
પ્રેમ હીણ નર પશુ, ક્ષણમાં પર પ્રેમ હણંત. ૧
પ્રેમ પિછાને પ્રેમી જન, પ્રેમે પદાર્થ છડંત;
પદાર્થેચ્છાએ પ્રેમ છડે, ભલા ભોટ ભણંત. ૨
મધલારે મરતા દીઠા, માખી મકોડા મૂર્ખ;
ભ્રમર ભોરીંગ સુભટો, ડંખી ખસે છે તુર્ત. ૩
ગુણી ગુણ નીધાન છે, ગુણ નીધિ જેનું નામ;
નામ યુકિત ગુણિ જન, તેને મળવાનું કામ. ૪
પુર્ણ પરમાત્મા તે કરે, પહોંચાડે તેને ઠામ;
જડાઈને પ્રેમ પાશમાં, ચાલી સ્મરતી રામ.” ૫

“હીમ્મતે મર્દા, તો મદદે ખુદા” તો સ્રીની હીમ્મતમાં ખુદાની મદદ કાં નહીં? બેશક બે વાર, તેમા ના નહિ. જેમ ઇશ્વરી મદદ છે, તેમ હે પ્રેમ!! તારી પણ મને પુરતી મદદ છે. પણ તારૂં સ્વરૂપ કેવું છે તે જાણવું દુર્ઘટ છે. ઇશ્વરના સ્વરૂપની કલ્પના કવિ લોકોએ કરી છે. પણ તારી કલ્પનામાં તેઓ પણ મુંઝાય છે. એક કવિએ કહ્યું છે કેઃ—

‘તરંગનો શું રંગ ઉજ્વલ રમ્ય નભમાં શું ઉડે,
અવનિપરનું આ બધુંએ મન અલૌકિકતા ભરે;
સ્થાન મુજનું આ રહ્યું પણ મન ઉડે અવની થકી,
અધર રહિને જીવ જાણે વિમાનમાં બેઠા પછી;

નિહાળતું આ દુખ જાળો જગતમાં જે વિસ્તરી,
પણ અવની સાંકળ ખેંચતી વિમાન મન ગભરાવતી;
હે પ્રેમ! ત્હારૂં વસન આ અવનિ મહિ દિસતું નથી,
સ્વર્ગના ખેચર ખરે તુંજ દ્રષ્ટી ઝાંખી નહિ થઈ;

પૂર્ણ શ્રદ્ધા રાખિને તુંજ ભકત તુજમાં લીન છે,
અંતઃકરણના ભિન્ન ભિન્ન તુજ ભકત સર્વે થાય છે;
દ્રષ્ટીએ દીઠો નથી ને દેખશે નહિ જન કે કદા,
આકાર કેવો રૂપ ત્હારૂં શૂન્ય મય દીસે સદા;

મન તણી ઉર્મી થકી ઉત્પન્ન થયેલો તું દીસે,
બ્રહ્માંડ કલ્પે માનવી ત્યમ જન્મ ત્હારો મગજ છે;
વિચાર એ આકાર કેવા ચિત્ર ચિતરે મગજમાં,
અંતઃકરણ જે તૃષિત હોયે દગ્ધ દુઃખી અવનિમાં;
અધિક દુગ્ધા ભોગવે સંસારની ઘટ માળમાં,

કલ્પનારૂં મન ગમે ત્યમ વ્યાધિ લાવે મગજમાં;
શિલ્પકારી ચિત્ર પાડે ચિત્ર તેવું કયા વસે?
કલ્પનામાં પુતળિ કલ્પી જગતમાં કયાંથી જડે?
પ્રેમ બોલે તે બકે ચુવાનિનું તોફાન છે,
ઉપચાર કરતાં અધિક દુખનો ઝટ પ્રગટે મન વિષે,

——:o:——

મનહર ભ્રમમાં ઘુમતી કવિની ચક્ષુ જેહ,
નજર પલકમાં અવનિપર પળમાં સ્વર્ગે છેક;

ઘટા થઇને કલ્પના અદ્રશ્ય વસ્તુ જોય,
આકાર કદી હોય નહિ કલમ કવિની તોય;
ચિતરી આપે રૂપ અવકાશ ધરે જન ધામ,
કલમ કવીની કારમી પાડે શુન્યનું નામ.

હે પ્રેમ !! આવી રીતનું તારૂં શુન્ય સ્વરૂપ છતાં દુનીઆના કેટલા પ્રાણીઓને પીડે છે. ક્રોડો ને અબ્જો જીવો તારી જાળમાં ફસાઈ રહ્યાં છે. જેમ હું આ નિર્જન વિપનીમાં તારે લીધે ભટકું છું, તેમજ મારી પાછળ પણ હું પાપણી એક રાજકુંવરીને ભટકતી છોડી આવી છું, કંઈ પણ સાધન વગર, ફકત ઘોડીનેજ સાથે રાખી એક ઈશ્વરને આધારે નિર્મળ પ્રેમની મદદથી ભટકું છું. તેમ બીજી કે જેણી સર્વ સાધન સહિત છે. તેણી મારી પાછળ ભટકતી કેમ નહી હોય ? બેશક ભટકતી હોવીજ જોઇયે. હા ! પ્યારી શ્રીદેવી !!! તું તો તારા નીર્મળ પતી પ્રેમથી મને પ્રી-તમ ગણીને મારી પાછળ ભટકતી ફરતી હોઈશ. પણ હું તારો પાપી પ્રી-તમ તને સગી "બેન" જેવી માનું છું. એવો કયો પુરૂષ છે ? કે પોતાની દિલદારને "બેનના" નામથી ઉચ્ચારે. હું એકજ. કોક, પુરૂષ વેષમાં ફરનારી, પ્રેમ ઠગારી, કારી ઘા મારી પરનારીને દુઃખની અટારી પર ચઢાવી પછાડનાર પલીતણ આખી દુનીઆમાં એકજ માને પેટે જન્મી છું. અન્ય નથીજ. અને હશે તો તે "જકતકર્ત્તા" જાણે છે. બીજો નહિ. હશે હશે. દુનીઆમાં ઘણાંએ હશે. બીચારી શ્રીદેવી !! કેવી સ્થીતિમાં? અને કયા પ્રકારે તું રહી હશે ? એ મને જાણવાને ઘણું કઠણ છે. આ ઠેકાણે તારા ખબર દેનાર કોઈ નથી, પણ આત્માનો સાક્ષી આત્મા છે. તે કહે

છે, કે તું પણ સારી સેનાની સાહ્યતાથી મારી પેઠેજ મારી પાછળ જંગલો જંગલ ઢુંઢવા નીકળેલી છો. જરૂર છો. કાંકે તુ પણ પ્રેમ ઘેલી બની છો. હાઃ દૈવ!! આવી રીતે તું મારે હાથે બીજાઓને દુઃખદ સ્થીતીમાં ઝોકાવવી મને દોષીત કરે છે. તે શા, શા સારૂં? આમ વિચાર કરતાં કરતાં તેણી પાછી બેભાન જેવી મુંઢ બની જાય છે. એહ દીવસ સાથે રાત્ર પણ વ્યતિત થઈ ગઈ. સર્વ અરણ્ય ખલાસ થયું. આજુ બાજુ ખેતરવાડી અને કામ કરતાં ખેડતો નજરે પડયા. એવા અરસામાં પોતાની ધુનમાંજ ઘોડી હાંકતી કોકીલાં સામા આવેલાં વીલાસપુર નામના નગરમાં દાખલ થઈ.

થાકેલા શરિરને બે ઘડી વિશ્રાંતિ દેવા સારૂં કોકિલા એક ધર્મશાળામાં ગઈ, ઘોડી ઉપરથી નીચે ઉતરી ઘોડીનો સાજ ઉતારી; ઘોડીને ખીલ્લે બાંધી.

'ધર્મશાળાના રખેવાલને બોલાવીને કહયું કે, ' ભાઈ મારી ઘોડી બહુ થાકી ગઈ છે. અને બહું ભુખી છે. માટે તેને માટે થોડો ચારો લાવી ખવરાવીશ, અને તેની ચાકરી કરીશ તો તારો આભાર માનીશ.'

ધર્મશાળાના રખેવાલે કહયું કે, ' સાહેબ, મારી કયાં ના છે? તમારી અને તમારા જનાવરની ચાકરી કરવામાં કશી પણ કચાસ રાખીશ નહીં. તમે મારી સાથે આવો. અને આપના લાયકની જગ્યા બતાવું તે આપ પ્રસન્ન કરો, રખેવાલના કહેવા પરથી કોકિલા રખેવાલની સાથે જઈ પોતાના મનને પ્રસન્ન

પડે એવો એક ઓરડો રખેવાલની પાસે ઉઘરાવ્યો. આ ઓરડો ખાસ રાજવીરોનાં ઉતારા માટેજ એલાહદો રાખવામાં આવ્યો હતો, તે ઓરડામાં બીછાવેલા પલંગપર બેસી શરીરપરના થોડાક વસ્ત્રો અને હથ્યારો ઉતારી ઓરડાની ભીંટપરની ખીલીઓ ઉપર લટકાવ્યા. પોતાની કમ્મરે બાંધેલી એક થેલી છોડી તેમાંથી એક મ્હોર કાઢી રખેવાલને આપી કહ્યું કે, ' નગરમાં જઇ મારા લાયક, ખાવા જોગ વસ્તુઓ, અને ઘોડીને ખાવા જેવી ચીજો લાવી આપ."

ધર્મશાળાના રખેવાળે મહોર લઇ કોકિલાનો હુકમ બજાવવાને નગરમાં ગયો.

કોકિલાનું મન પ્રસન્ન થાય તેવા પદાર્થો લાવી, રખેવાળે હાજર કર્યા. તે જોઈ કોકિલા આનંદમયી બની રખેવાલને એક સોના મોહોર બક્ષીસ આપી.

કોકિલાએ ઘણા દીવસની ક્ષુધાને તૃપ્ત કરી પોતાના ઓરડાના બારણા બંધ કરી. બીછાવેલા પલંગપર પડી ઉંઘ કાઢવા લાગી.

સાંયકાલ થતાં નગરનો કોટવાલ ધર્મશાળામાં દાખલ થઈ રખેવાલને પુછ્યું કે, " આજ કોઈ નવો મુસાફર ધર્મશાળામાં આવેલ છે કે ?"

રખવાલે કહ્યુ, ‘ હાજી, આજ કોઈ તરૂણ મુસાફર આવી રાજવીરના ઉતારાવાળા ઓરડામાં ઉતારો લીધો છે. તે સાંભળી કોટવાલ તરત તે ઓરડા આગળ જઇ ઓરડાના બારણાની સાંકળ ઠોકી.

બારણા ઠોકવાનો અવાજ થતાં કોકિલા બિછાનાપરથી ઝબકી ઉઠી પોતાના વસ્ત્રો સરખા કરી ઓરડાના બારણા ઉંઘાડી કોટવાલને પુછયું કે, “ શું તમે મારા દરવાજા ઠોકયા?

કોટવાલ–હાજી.

કોકિલા–શા માટે ?

કોટવાલ–સરકારી સત્તાની રૂએ ?

કોકિલા–શું તમે સરકારી અમલદાર છો ? શું ફરમાન છે. તે ફરમાવો.

કોટવાલ—હું આ નગરનો કોટવાલ છું. અને કોઇપણ નવીન મુસાફર આ ધર્મશાળામાં ઉતરે છે તેને રાજાજી સમક્ષ લઈ જવાની પરવાનગી મળેલી છે, તે સત્તાની રૂયે આપને વિનંતી કરૂં છું કે, આપ કૃપા કરીને મારી સાથે આવવાને જરા પણ વિલમ કરશો નહીં.

આ સાંભળી કોકિલા મન સાથે વિચાર કરવા લાગી કે ‘ આ વલી નવું કૌતક ! એક જાય છે તો બીજુ ઉભું જ છે એનો અંતઆવતોજ નથી. ચાલ જીવ, ગયા વગર છુટકો નથી. એ

પણ જોવું જોઇએ ? એનો પણ થોડો અનુભવ મેળવવો જોઈએ, શા માટે રાજાએ નવીન મુસાફરો માટે આવો હુકમ અમલમાં મુકયો હશે. આવો વિચાર કરી પોતાનો પોષાક સજ કરી ઓરડાની નીચે ઉતરી પોતાની ઘોડીપર સ્વાર થઇ કોટવાલની સાથે રાજાના મહેલમાં જવાને નીકળી.

નગરની રમણીક રચના નીહાલતા, આ બંને જણની સ્વારી રાજાના મ્હેલની નીચે આવી ઉભી. બંને જણ પોતાના અશ્વોપરથી ઉતરી રાજાના મ્હેલમાં દાખલ થયા. આ નવીન તરૂણ મુસાફરને જોઈ રાજા ઉભો થયો. અને રાજનીતી પ્રમાણે આંગણે આવેલા રાજવીર મુસાફરનો સત્કાર કરી પોતાની જમણી બાજુએ બેસાડી પુછયું કે, “આપ કોણ છો? કયાં દેશના મહીપતિ છો? શું નામે સોભાવો છો ? શા અર્થે વિકટ પ્રદેશો ભટકવાને એકલાજ નીકળ્યા છો? તે કૃપા કરીને કહેશો”

કોકીલા–હું કોક દેશનો કોક રાજા છું. અને દુનીઆની પ્રદક્ષિણા કરવા અર્થે નીકળ્યો છું. આપે મને અહીં સુધી બોલાવી મારો સત્કાર કરી મને કૃતાર્થ કર્યો છે તેથી આપનો આભાર માનું છુ ? મારા પ્રત્યે આપની શી આજ્ઞા છે. તે કૃપા કરીને ફરમાવશો ?

રાજા—મારી આજ્ઞા બહુ કઠિણ છે તે જો તમારાથી પલાય તોજ માથે જોખમનો બોજો ઉપાડવાને તત્પર થજો.

કોકિલા—જાણ્યા વગર કેમ કહી શકાય ?

રાજા—શું ત્યારે તમે તે જાણવાની ઉત્કંઠા રાખો છો ?

કોકિલા–શા માટે નહીં ? પછી અહીં સુધી બોલાવવાનુ પ્રયોજન શું ?

રાજા—આપ હજી તરૂણ છો. દુનિયાની ખટપટનો આપને અનુભવ થયો નથી, તેથી આપને ભયમાં ઉતારવાની મને ઇચ્છા થતી નથી.

કોક—આ દુનીયાની ખટપટનો પુર્ણ અનુભવ મેળવવા માટેજ પ્રદેશો ભટકવા નીકળ્યો છું. ભય વગર અનુભવ મળતો નથી. માટે મારી બાળવય ઉપર વીચાર ન કરતાં તમારી આજ્ઞા ફરમાવો.

રાજા—જરા સમજો. એકદમ ઉધ્ધત બની સાહસ ન કરો. મારી આજ્ઞા નહીં પાળનારાઓ, મહા સંકટમાં આવી પડયાં છે; તેનો જરા વીચાર કરો.

કોક—આ સમો વીચાર કરવાનો નથી. માટે મને વધારે વાર આડી અવળી વાતો ન પુછતાં, તમારૂં કાર્ય સિદ્ધ કરવાને તત્પર થાઓ.

રાજા—એમ છે. તો પછી લ્યો સાંભળો. આજ ઘણાં દીવસ થયા, આકાશ માર્ગે ગમન કરતો એક અલૌકીક રથ, આવી મારા મહેલની ઉપર અધર અટકી રહયો છે. તે મધ્યાન થતાં ઘોર અવાજ કરે છે. અને તેના ઘોર અવાજથી મારી તમામ પ્રજા કંપી ઉઠે છે. આ રથને નીચે ઉતારવા માટે, અનેક તર્ક શકિતવાળાઓને, અનેક જોતીષ વે-તાઆને, અને અનેક જાદુગરોને બોલાવ્યા હતા. પણ તેઓએ મારી આજ્ઞા પુર્ણ ન કરવાથી તેઓને મારા કેદખાનામાં નાંખ્યા છે. જો તે રથને નીચે ઉતારવાની તમારામાં અદ્દભુત શકિત હોય તો

તૈયાર થજો. અને જો તમારાથી તે રથ નીચે નહીં ઉતરશે તે તમને કેદખાનામાં જવું પડશે?

કોક–એતો તમારી શરત છે. પણ રથને નીચે ઉતારનારની સાથે તમે શી શરત કરી છે, તે તો જરા કહો?

રાજા–આ રથને નીચે ઉતારી આપનારને, મારી કન્યા; અને મારા પ્રદેશમાનો થોડો ભાગ આપવાની મેં શરત કરીછે.

કોક–એ શરત તો ઠીક છે. પણ એટલી શરતથી આ રથ મારાથી નીચે ઉતારી શકાય એમ નથી.

રાજા–એથી વધારે શી શરત તમે કરવા માંગો છો. તે જરા જણાવશો?

કોક–તમે કરેલી શરત કરતાં મારી વધારે શરત એટલી છે કે, તે રથ, અને તે રથમાં જે કાંઇ વસ્તુ હોય તે, અને તમે જે જે જાદુગરોને, જોતિષીઓને આ માટે કેદ કર્યા છે. તેઓ બધાને મારે શર્ણે આપવા. કહો આ શરત તમને કબુલ છે.

રાજા–તમારી ઈચ્છાનુસાર સરત કબુલ કરતાં, જો મારી સરત મુજબ તે રથને નીચે નહીં ઉતારી શકશો તો તમને મારી મરજી મુજબ શીક્ષા કરી શકું? એ શરત જો તમારે કબુલ હોય તો તૈયાર થઇ જાઓ.

કોક–આજ નહીં, પણ આવતી કાલના મધ્યાન વખતે તમારી શરતને અમલમાં મુકવાને ઈશ્વરની સમક્ષ પ્રતિજ્ઞા લઉં છું.

રાજા–પણ ત્યાં સુધી તમને આ મહેલની બહાર જવા દેવામાં આવશે નહીં.

કોક–એવો કંઈ હું તમારો તાબેદાર નથી. કે તમે મને એક ક્ષણવાર નજર કેદમાં રાખી શકો?

રાજા–જ્યાં સુધી તમે મારી આજ્ઞા પાળી શકો નહીં. ત્યાં સુધી તમે મારા બંધાયલા છો ? માટે વગર બોલવે તમારે અહીં રહેવું પડશે ?

કોક–એ તમારી ન્યાય નીતી કહેવાય નહીં. જે માણસ આટલી બધી સરતો કબુલ કરતો હશે તે શું પલાયન થઈ જવા માટે, જરા વિચાર કરવાની જરૂર છે ?

રાજા–હુવે વિચાર કરવાની કશી જરૂર નથી. મેં પણ તમારી સરતો કબુલ કરી છે. તો પછી વચમાં તકરાર કરવાનું કારણ શું ?

કોક–હું સ્વતંત્ર છું, અને સ્વતંત્ર રહું છું, માટે મારી સ્વતંત્રાની આડે આવવાને કોઇને પણ અધિકાર નથી. માટે આપ સારાસારનો વિચાર કરો. સ્નેહમાંથી અગ્ની ભડકો લઈ ઉઠે, એવી રીતે તેલ રેડશો નહીં.

રાજા–બસ હુવે વધુ બોલી મારા હુકમનો તરસ્કાર કરશો નહીં. તમે હુવે મારા બંધનથી બંધાઈ ચુકયા છો ?

કોક–જેમ તમે તમારા દેશના માલિક છો, તેમ હું મારા મનરૂપી પ્રદેશનો માલિક છું. તે માલિકને રોકી રાખવાને કોઈ સમર્થ નથી.

રાજા–હજારોના બળ આગળ એકનું સામર્થ શું કરી શકે એમ છે?

કોક—શું ત્યારે મારૂં સામર્થ જોવું છે? એટલું કહેતા કોકે તરત મ્યાનમાંથી તરવાર કાઢી ઉભો થયો. અને ખડખડ મહેલનો દાદરો ઉતરી નીચે આવ્યો. અને ઘોડીપર સ્વાર થઇ બોલ્યો કે, 'હે રાજા તમારા કાર્યમાં વિઘ્ન ન નાંખવું હોય, અને માથે ભમી રહેલા કાળનો નાશ કરવો હોય તો, આવતી કાલના મધ્યાન સુધી કાંઈ પણ ખટપટ કરશો નહીં. અગર તેમ કરવાની ઇચ્છા ન હોય, અને હજારોનો નાશ કરાવો હોય, તો હથ્યાર સજી સામે આવો. મારી ના નથી.

કોકનું કાળ સ્વરૂપ જોઇ રાજા મનમાં સમજી ગયો. અને તે માટે કાંઈ પણ વિચાર ન કરતાં નીચે આવી કોકની સાથે હસીને બોલ્યો કે, 'આપ બહું ઉદ્ધત છો, અંતે આપે આપનો હઠ પુર્ણ કર્યો છે. જો હું આપ જેવો ઉદ્ધત બનું તો તેનું પરિણામ મહા ભયંકર આવે તેથી તેમ તમારી સાથે ન વર્તતાં માયાથી વર્ત છું. ખુશીથી આપ આપને ઉતારે પધારી શાંતિ ભોગવો. અને આવતી કાલે શાંત થઇ, શાંતિથી કાર્ય પુર્ણ કરી ક્ષત્રી જાતની જયધ્વની ફરકાવજો, એટલું કહી રાજા મહેલમાં ગયો. અને પોતાના સૈન્યાધિપતિને બોલાવીને કહ્યું કે, 'આપણા નગરની આસપાસ ઘેરો નાંખો, અને તે ઘેરાની અંદરથી કોઈ પણ માણસ જાય કે આવી શકે નહીં' રાજાની આજ્ઞા લઇ સૈન્યાધિપતિએ તરત પોતાના લશ્કરને એકઠું કરીને નગરની આસપાસ ઘેરો નાંખ્યો.

થોડી વાર પછી કોકીલા પોતાને ઉતારે આવી, પોતાના વસ્ત્રો કાઢી, ઓરડાના બારણા બંધ કરી, આમ તેમ ફરી. પાછી

પલંગ ઉપર સુતી, અને મહા વિચાર રૂપી સાગરમાં ડુબી ગઈ. પાછી સાવધ થઈ. મન સાથે વાતો કરવા લાગી કે, 'મારી કેટલી બધી મુર્ખાઈ? મારી કેટલી બધી ઉદ્ધતતાઈ? આટલું આટલું માથે પડવા છતાં પણ હું સારા નરસાનો વિચાર કરી શકતી નથી. જ્યાં ત્યાં આંખે પાટા બાંધી ઝોકાવું છું? ખરેખર શકિત હીણુ થઇ, અકલ બ્હેર મારી ગઈ; બુધ્ધ કઠોર થઈ, તેથી ન કરવાનું કાર્ય કરૂં છું, દુઃખને ન દામતાં દુઃખને તેડું છું; એ શું કહેવાય? એ નસીબની નબલાઈ? રાજાએ ચેતાવી પણ ન ચેતી.- જબરદસ્ત થઈ રાજાની પાસેથી વધારે સરત કરાવી. એ શું નસીબની ચઢતી કે પડતી? એ કશુએ સમજી શકતી નથી. હું કોઇ પણ જાતની વીદ્યા કે કળા જાણતી નથી. તો પછી આ રથને નીચે કેમ ઉતારી શકીશ? રાજાની આજ્ઞાનો જરૂરં ભંગ થશે, તો રાજા સખ્તમાં સખ્ત શીક્ષા મને કરશે? જોતિષો અને જાદુગરો જે રથને ઉતારી ન શકયા, અને રાજાની શીક્ષાને પ્રાત્ર થયા છે. તો પછી મારામાં શી સકતી છેકે તે રથને હું નીચે ઉતારી શકું? આ કોઈ દેવતાઇ સકતીનો રથ હોવો જોઈએ? દેવતાઈ સકતી વગર આ રથ અધર લટકી શકે નહીં? આ રથમાં કોઇ દેવ કે માનવ હોવો જોઈએ? ખાલી રથ નથી. શા માટે આ રથને આકાશ માર્ગે અધર લટકાવ્યો હશે? તે તો દૈવ જાણે? હવે મારૂં શું થશે? હવે મારી લજ્જા કેમ રહેશે? હવે મારૂં પણ જવાનું? કોને શરણે જવું? કોણ મને બચાવશે? કોણ આ આફતમાંથી ઉગારશે હાં ખચિત તેજ બચાવશે! બચાવશે! જેને શરણે છું. જેને ચર્ણે છું. તેજ બચાવશે? જેણે રતી મુકી આ કાર્ય કરાવ્યું છે

તેજ આ કાર્યને પરીપુર્ણ પાર પાડશે? જેણે મને બે બેવાર કાળના મુખમાંથી બચાવી છે. તે શું આ વખતે કાળના મુખમાંથી મને નહીં બચાવે? એ સકિત તારી વગર હું બીજી સકતીને ચહાતી નથી? એ તાત્કાલીક સકિત તારા વગર હું બીજી કોઈ સકતીનું સ્મર્ણ કરતી નથી. અહરનીશ તારૂં ધ્યાન ધરી તારૂં ગાન કરૂં છું. અંતરમાં તારા નામનો જપ ચાલી રહયો છે. તો પછી મને શા માટે વિચાર કરવો જોઈએ? જેને ચર્ણે છું તેજ તારશે? તેજ મારશે? તેનેજ સંતાપ છે. તેનેજ વિચાર છે. તારી ઉપર મને પુર્ણ વીશ્વાસ છે. અને તારા વીશ્વાસ ઉપર મારૂં કાર્ય કરૂં છું. તારા વીશ્વાસ ઉપર, તારા આસરા ઉપર, તારી સહાયતાથી, તારી દયાથી, હું આ દુનીઆના વીકટ પ્રદેશોમાં ભટકું છું? તારા શિવાય આ જગતને મીથ્યા ગણું છું, તારા વગર આ સંસારને તરણા સમ માનું છું. તુંજ દુઃખભજની, તુંજ દુઃખનીવારણી, તુંજ ભવસાગર તારણી શત્રુ સંહારણી છો. માટે હે સકતી જો તારી ઉપર મારો પુર્ણ ભાવ હોય, અહરનીશ હું તને ચહાતી હઉ, અને તારૂં રટણ કર્યા વગર ક્ષણવાર રહેતી ન હઉ તો, વીપત્તિના બાદળની નીચે ઘેરાયલી તારી નિર્દોષ બાળાને બચાવીશ? આમ સકિતની સ્તુતિ કરતાં કરતાં કોકીલા પાછી ઉંઘને આધિન થઈ ગઈ.'

ચમત્કાર ત્રીજો.

એટલામાં દિવ્ય સ્વરૂપવાળી સકિત ઓરડામાં દાખલ થઈ કોકીલાના મસ્તક ઉપર હસ્ત મુકી ધીમે સ્વરેથી વદીકે, 'એ ભાવિક બાળા સાવધ થઈ સાંભળ. તારા મન તરંગની કલ્પનાઓ-નો ત્યાગ કર. અને હું જે કહું તે તારા ચિ-તમાં પ્રો. તારૂં કલ્યાણ થશે. તારો જશ વધશે. તારા પ્રિતમનો વેરી તારા હાથમાં આવશે તે તને વશ થઈ તારા કાર્યમાં તને સહાયભુત થઈ પડશે ? તુ જરાપણ ડરીશ નહીં, જરાપણ શંકાશીલ થઈશ નહીં, નિર્ભય થઈ તારૂં કાર્ય કરજે ? તારા હાથમા જે ચાર કંકણો છે. તે શંકરની શકતીએ આ રથમાં બેઠેલી અવધપુરના રાજાની અજબકુમારી નામની પુત્રીને આપ્યા હતાં, પણ તે સકિતને આ અજબ-કુમાંરીએ ઠગવાથી, તે સકતીએ આ રથને અધર ઉરાડતી વખતે અજબકુમારીનાં હાથમાંથી કાઢી લઈ, તારા હાથમાં પહેરાવી ગઈ છે, માટે તે કંકણોનું તું રક્ષણ કરજે. કોઈ માગે તો જીવ જતાં પણ આપીશ નહીં, આ કંકણુમાજ તારૂં અને તારા પ્રીતમનું જીવન છે. આ કંકણની સકતીવડે તારા પ્રીતમનાં પ્રાણનું રક્ષણ થશે.? આ કંકણની સકતીથી તારો પ્રિતમ તને મળશે ? તારા હાથના કંકણો જોતા અજબકુમારી બહુ ક્રોધ કરશે. પણ તેણીના ક્રોધથી તું ન ડરતાં, આ કંકણોવડે તેણીના ક્રોધને સમાવી તારે તાબે કરી લેજે.

રથને નીચે ઉતારતી વખતે તું તારા ચિતમાં મારૂં ધ્યાન ધરી તારા બે હાથ ઉંચા કરીશ તો, તરત રથ ભું ભું ભું કરતો નીચે ઉતરી તારી સન્મુખ ખડો રહેશે ? તે વખતે તું સૌની

સમક્ષ રથમાં ચઢી જઇ અજબકુમારીની આંખે તારો હાથ અરાડી અજબકુમારીનો હાથ પકડી નીચે ઉતારજે. જેથી તે તારો ઉપકાર માની તારા ચર્ણ સેવામાં તત્પર થશે.

અહો! સુભાગી બાળા! નીરંતર મનની શું દેવી!! મનમાં થતી દુઃખની વ્યાધી માટે લેશ પણ ચિંતા રાખીશ નહીં. દુઃખ પાછળ સુખ છે. દુઃખમાં ધીરજ રાખી વર્તનાર માણસ સુખ રૂપ સ્થિતીને પહોંચે છે. દુઃખને સુખ સમાન ગણી કાર્ય કરનાર મનુષ્ય આ જગતની જંજાલની જાળને તોડી શકે છે. તું ગુણીયલ છે. તું ચતુર છે. તું દ્રઢ છે. તુ સત્યને ચહાનારી છે, તો પછી તને બીજા કોઈ શું કરશે? તારા ખરા કષ્ટની અણીએ તને સકતી સહાય થાય છે. અને હવે પછી પણ થશે. સકતીનું તું નિરંતર સેવન કરજે. તે સકતી શિવાય અન્ય દેવતાઓનું આરાધન કરીશ નહીં. અંતે તારો જય છે. અંતે તારો મનોભાવ પુર્ણ થશે. જેને તું ચહાય છે. જેને માટે તું રઝળે છે, ભટકે છે, દુઃખ સહન કરે છે, તે તને મળશે. તે તારો ભાવ પુરણ કરશે. તે વિષે તું જરા પણ શંકોચિત્ત થઇશમાં. મહા તપશ્ચર્યા કરનારને પણ સકતી સહાય થતી નથી. તો તને વગર તપશ્ચર્યાએ સકતી પ્રસન્ન થઈ છે. એ શું તારા હવે પછી થનારા ભાગ્યોદયની નીશાની નથી?

આ દેશનો રાજા નાસ્તિક છે, તેની પ્રજા પણ તેવીજ છે. તે કોઈ દેવ દેવીઓને માનતા નથી અને પોતાની સ્વઇ-ચ્છા પ્રમાણે વર્તે છે. તે તારી અદભુત સકતી, તારૂં દીવ્ય સ્વરૂપ

જોઈ નાસ્તીકપણાનો નાશ કરવાને તત્પર થશે. પણ તે નાસ્તીક રાજાનો વીશ્વાસ કરીશ નહીં. તે મહા ઠગારા, ધુતારા અને પારકા માલને હજમ કરનારા છે. પૈસાના લોભી છે. માનના ભુખ્યા છે. સ્ત્રીઓના સ્વરૂપના સોખીન છે. તેઓના કાયદા વીચિત્ર છે. કહે છે કંઈક ને કરે છે કંઇક, બતાવે છે કંઈક, ને આપે છે કંઇક.

તે મહા મુલ્યવાન હીરા રત્નજડિત રથ; અને તે રથમાં બેઠેલી મહા સ્વરૂપા અજબકુમારીને તે અવીચારી અને નાસ્તિક રાજા જોતાજ મોહીત પડશે. પોતાની મોહ વાસના પુર્ણ કરવા માટે, રથ અને રથમાં બેઠેલી અજબકુમારીને અધર ઉપાડી જવાને સારૂં, તારી ઉપર પોતાના બલનો ઉપયોગ કરવા તત્પર થશે. તે વખતે તેનું બળ જોઇ, તું જરા પણ ડગીશ નહીં, જરા પણ ધૈર્ય છોડીશ નહીં; અડગ રહી ઉભી રહેજે. તે નાસ્તીક, વચન ભંગી અને પોતાની દુષ્ટ વાસના પુર્ણ કરવા કાજે ઉન્મદ બનેલા રાજાના બલનો નાશ કરવા માટે, તારા બીછાનામાં એક ચક્ર રાખી જાઉં છું, તે લેજે, અને તે વડે; તે વિકારી રાજાનો અહંકાર ઉતારજે, આ ચક્રથી તેના સૈન્યનો, તેના સૌદર્યનો, અને તેના પરાક્રમનો નાશ થશે. તેના ઉપર લેશ પણ દયા ભાવ ન બતાવતા, તે અનાચારી રાજા અને તેના પાપી અમલદારોને પકડી કાળા-ગૃહ પુરી દેજે. અને આ રથને માટે જે જે લોકોને કાળાગૃ-હમાં પુર્યા હોય તેને મુકત કરજે.

આ વીલાસપુરની સ-તા તેની એક નિષ્ઠા અને નિરંતર સકતીનું સેવન કરનારી શ્રીરંગા નામની કુંવારી કન્યા છે. તેને આપજે. તે સર્વે વાતે નિપુણ છે.

શ્રીરંગાએ પોતાના ધર્મનો ત્યાગ ન કરવાથી, તેના પાપી. પીતાએ તેણીના વ્રતનો, ધર્મનો અને સત્યનો ત્યાગ કરાવવા માટે તેણીને એક કાળા ગૃહમાં કેદ કરી છે. છતાં તે તેનું દુઃખ સહન કરે છે. પણ પોતાનો ટેક મુકતી નથી. એજ સુધ્ધ સાધવીનું ખરૂં લક્ષણ છે. માટે તું આ કાર્ય કરવા પહેલા શ્રીરંગાને કાળા ગૃહમાંથી મુકત કરી લાવ. આ કાળાગૃહ અહીંથી એક ગાઉ દુર છે. અને તે કાળાગૃહની આસપાસ નાગી તરવારોનો પહેરો છે. છતાં તું જા. તને કોઈ જોઈ શકશે નહીં. અને તે કાળાગૃહના સાતમાં ઓરડામાં પડેલી છે. અને તે દરેક ઓરડાપર એક એક તાળું માર્યું છે. તે તાળાપર આ ચક્રને થોકજે એટલે તે તાળું તરત ભાંગી ભુકા થઇ જશે. તને જોતાજ શ્રીરંગા તારી સાથે આવશે. તે તારા દરેક કાર્યમાં તને મદદ કરશે. આ સમે પણ તું તારો સ્ત્રી વેષ ધારણ કરીને જજે, અને આવતી કાલે પણ સ્ત્રી વેષ ધારણ કર્યા વગર જઇશ નહીં. એટલું કહી સકતી અંતર ધ્યાન થઈ ગઈ.

શકતીના વચનામૃત શબ્દો પ્રાસન કરતી કોકિલા તરત ઝબકી ઉઠી. પલંગપરથી નીચે ઉતરી, સાક્ષાત જોગણી સ્વરૂપ ધારણ કરી, હાથમાં ખડગ ચક્ર અને તરવાર લઈ ધમશાળાની બહાર નીકલી. પવન વેગે ચાલતી ચાલતી મન સાથે બોલીકે, "અહો શકતી, તારા ઉપકારનો બદલો મારાથી આ ભવમાં

શું? પણ પહેલા ભવમાં પણ વાળી શકાય એમ નથી તારી ખરેખર રૂણદાર છું, તું કેવી દયાળું છે? તું કેવી ઉદાર વૃતિવાળી છે? તારી દયાનો પાર નથી. તારા વગર વારંવાર મને દુઃખના અખાતમાં કાઢી ધીરજ કોણ આપશે? સહાયતા કોણ આપશે? સન્માર્ગ કોણ બતાવશે? મારા પ્રાણનું રક્ષણ, મારા સૌદર્યનું રક્ષણ, મારા શીલવ્રતનું રક્ષણ આવા વિકટ વખતમાં તારા શિવાય બીજુ કોણ કરશે? તારા આધાર ઉપર, તારા વચનામૃતો ઉપર મારૂં જીવન, ભવિષ્ય સુખ અને દુઃખ લટકેલું છે, જો તે મને વારંવાર બચાવી નહોત, મારા શત્રુઓનો સંહાર કર્યો નહોત તો, તો શું હું અત્યાર સુધી, જીવવા પામી હત? કદી નહી. કયારની આ ક્ષણ ભંગુર સંસારનો ત્યાંગ કરી ચાલી નીકલી હત. તું ખરેખર દેવ 'સકતી છે. તારા કરતા અધિક જાણનાર બીજી કોઈ સકતી નથી. તુંજ સત્ય સ્વરૂપ ધારણ કરનારી સકતી છે. તુંજ મારો પરમેશ્વર, તુંજ મારો પિતા, તુંજ મારો નાથ, તુંજ મારણહાર તુંજ તારણહાર તુંજ, તુંજ ને તુંજ. અહો સકતી ! તારી બાળકીને એકવાર તારા ખરા સ્વરૂપના દર્શન દઈ કૃતાર્થ કર.' આમ દેવીની સ્તુતી કરતી કરતી કોકીલા એક જંગી કીલ્લાની આગલ આવી પહોંચી. તે કીલ્લાની આસપાસ હજારો તરવાર લઈ પારો ભરતા સિપાઇઓના ઘેરાની વચ્ચેથી નીકળી કીલ્લાના બંધ કરેલા દરવાજાને દેવીના દીધેલા ચક્રવડે તોડી નાંખી અંદર દાખલ થઇ. અને તે કાળાગ્રહના સાત ઓરડાના બારણાના ચુરેચુરા કરી નાંખી સાતમાં ઓરડામાં દાખલ થઈ

કોકીલાને દાખલ થતાંજ જોઇ. શ્રીરંગા તરત પોતાની જગ્યાએથી બેઠી થઇ કોકિલાના ચર્ણ પકડી ધીમે સ્વરે કહ્યું કે, 'અહો સત્ય શિરોમણી કોકિલા! તમારો સર્વત્ર વિજય થાઓ? તમારા સત્યસ્વરૂપના દર્શનથી હું કૃત કૃતાર્થ થઇ છું. સકતી અને તમારા પ્રતાપથી મારી બંધન બેડી તુટી ગઈ છે. મારા દોહલા દીવસનો નાસ થયો છે. અને મારા સુખનો સૂર્ય ઉદય થયો છે. બ્હેન કોકિલા તમે મહા દુઃખી છો. તમારા દુઃખમાં હું ભાગ લઇશ. તમારા કાર્યમાં હું મદદ કરીશ. અને તમારા પ્રાણનાથ જે ગુણનીધી કાળા પર્વતની ગુફામાં બે શુધ્ધ થઇ પડ્યા છે. તે હું તમને બતાવીશ. તમે નિર્ભય રહેજો. મારો પિતા નાસ્તિક છે. તે શાકાર કે નિરાકારને માનતા નથી. દાન પુણ્ય કર્તા નથી, અને સાધુ સંતોનો સત્કાર ન કરતાં તેઓને રીબાવી રીબાવી દુઃખ દે છે. મને તેમ વર્તવાને મારા પીતાએ બહુ સમજાવી. પણ મારી શ્રધ્ધા, મારો ભાવ દૈવ સકતી ઉપર હોવાથી, મેં તેમની આજ્ઞાનો અંગીકાર ન કરવાથી મને આ કેદખાનામાં નાખી હતી. છતાં મેં મારી આસ્તાનો ત્યાગ કર્યો નહીં, તોજ તે આસ્તાએ મને આ કાળાગ્રહમાંથી મુકત કરાવી છે. માટે અહો બહેન તમે પણ તમારી આસ્તાનો ભંગ કરશો નહીં. એજ આપ પ્રત્યે મારી પ્રાર્થના છે.'

શ્રીરંગાની અમૃત વાણી શ્રવણ કરતાજ કોકિલા મનમાં સમજી ગઇ કે; 'આ કોઇ દેવાંસી સ્વરૂપ છે. જો તેવું સ્વરૂપ ન હોત તો મારી ભ્યાનક કથાનું વર્ણન કહી સંભળાવત નહીં. એ વન્દન અને પુંજન કરવા લાયક છે. છતાં નમ્રભાવાથી મારા ચરણ પકડી સેવવા મંડી ગઇ. એજ ભકત વત્સલોની

ખુબી છે. ધન્ય છે શ્રીરંગા તારા મનુષ્ય દેહને? ધન્ય છે. તારી જનેતાને કે તારા જેવું રત્ન પ્રાપ્ત કર્યું છે.'

જેમ જેમ આ બંને સત્ય સ્વરૂપા કાળાગ્રહના દરવાજામાંથી બહાર નીકળતી ગઈ, તેમ તેમ તે કાળાગ્રહના દરવાજા બંધ થતાં ગયા. આ કીલ્લાનું રક્ષણ કરનારાઓના સરદારના હાથમાંથી શ્રીરંગાએ તરત તરવાર છીનવી લઇ, કોકિલા અને શ્રીરંગા લશ્કરના ઘેરાની બહાર નીકળી; ધીમે ધીમે સુખ દુ:ખની વાર્તાઓ કરતી ધર્મશાળામાં દાખલ થઈને, પોતાના નિત્ય કર્મકાંડ કરવાના કાર્યોમાં પ્રવૃત થઈઓ.

પ્રિય વાંચક!! હવે આ બંને સતિ સાધવીઓને આ ધર્મશાળામાં રહેવા દે. અને વિલાસપુરનો નાસ્તિક રાજા શું શું તૈયારી કરી રહ્યો છે તે તરફ તારી નજરને ફેંક.

પ્રભાત થતાંજ વિલાસપુરનો રાજા બિછાનાપરથી ઉઠી ઉભો થયો. કાંઈ પણ આચાર વિચારનો, વિચાર કર્યા વગર; પાપી પેટનો ખાડો ભર્યો. વસ્ત્રો સજી પોતાના નિત્યના આસનપર જઈ બેઠો. થોડી ઘડી સુધી મનના ઘોડા દોડાવ્યા પછી સૈન્યાધીપતિને બોલાવીને કહ્યું કે, આજનો રંગ ઓર છે. આજનો ખેલ ઓર છે. આજના ખેલનો નાયક ઓર છે આપણે નાસ્તિક છૈયે, તે આસ્તિક છે. જોઇએ હવે નાસ્તિક ને આસ્તિક વચ્ચેનો ઝઘડો કેમ મટે છે. તે આવનાર આસ્તીક આ રથને કેવી યુકતીથી, કેવા પ્રકારથી ઉતારે છે, તે જોવાનું છે. તે છેતો મહા શકિતવાન, મહા બળવાન અને પરાક્રમી, એમ એની મુખમુંદ્રા દર્શાવતી હતી. તે દબાવ્યો દબાય એમ નથી. સમજાવ્યો સમજે એમ નથી.

એમ મેં કાલેજ તેની ખાત્રી કરી લીધી છે. આ રથને ચમત્કાર જોવા માટે મેં મારો નાસ્તીકપણાનો ભાવ તેને જાણવા દીધો નથી. જો જાણવા દીધો હોત તો, કંઇક નવું રૂપ પ્રગટી નીકળ્યા વગર રહેત નહીં. કદાચ તે રથને નીચે ઉતારશે? પણ તે રથ તેને આપવો નથી? તેની સાથે કરેલી સરત પણ પાળવાની નથી. માટે તે વીર જરૂર પોતાનું પરાક્રમ અજમાવ્યા વગર રહેશે નહીં. માટે તે વીરને તાબે કરવા માટે તમારે તમારા તમામ લશ્કરને હમણાથી એકઠું કરી તેને અનુક્રમે ગોઠવી દેવું અને પાંચ હજારની એક ટુકડીની વચ્ચે તે વીરને અહીં લાવજો. જરા પણ તેને છુટો રાખશો નહીં. જો મારા હુકમનો તમે જરા પણ અનાદર કરશો તો તમને સર્વની સમક્ષ સખતમાં સખ્ત શીક્ષા કરવામાં આવશે.

આજ્ઞા પાલક સૈન્યાધિપતીએ પોતાનું મસ્તક નમાવી, બે હસ્ત જોડી રાજા પ્રત્યે બોલ્યો કે, 'અહો! શીરછત્ર પતિ! આપની આજ્ઞાનુસાર હમણાંજ જઈ સર્વ પ્રકારની વ્યવસ્થા કરૂં છું. એ માટે આપ નીચિંત રહો?'

રાજા—તમે આ રાજના નિમકહલાલ સરદાર છો? તમારી નિમકહલાલી દેખાડવાનો આજનો દિવસ તમારા હાથમાં છે જાઓ મારા સુચવ્યા મુજબની ગોઠવણ કરો. અને તે કર્યા પછી પાંચ હજારની તમે સરદારી લઇને, કોકને તેડી લાવજો. જો જો, જરા પણ વચમાં ગડબડ ઘોટાલો થવો જોઇએ નહીં. તેના જોખમદાર તમે છો?

તેજીને ટુકારાની કે ચાબખાની જરૂર પડતી નથી. આ પ્રમાણે રાજાને કહી સૈન્યાધિપતિ મહેલની નીચે ઉતરી એકદમ ઘોડાને ફેંકતો લશ્કરના કાંપમાં ગયો. અને લશ્કરના તમામ અધિકારીઓને બોલાવીને કહ્યું કે, 'આજે આપણી, અને આપણા રાજાની ઉપર રાહુ રૂપી શત્રુ ચઢી આવનાર છે. તે શત્રુને વશ કરવા માટે, તમને રાજાએ આજ્ઞા કરી છે. આજે કટ્ટાકટ્ટીનો ખરો સમય છે. આજે તમારી નિમકહલાલી, તમારી બહાદુરી બતાવવાનો આજનો રૂડો દીવસ છે. તે અજમાવવાને તમારા લશકર સહિત તમે સજ થઈ નગર અને રાજાના મ્હેલની આસપાસ ફરીવળો. જરાપણ ઢીલ કરશો નહીં. તમને સોંપવામાં આવેલા આ કાર્યમાં કાંઈક પણ ખામી જોવામાં આવશે તો તમને દેહાંત દંડની શીક્ષા કરવામાં આવશે ?

સૈન્યાધિપતીનો આ સખ્ત હુકમ સાંભળી લશ્કરના અમલદારોએ એક ક્ષણમાં પોતાના લશ્કરને સજ કરી. નગર અને રાજાના મ્હેલની આસપાસ પૂરી વળ્યું. તે જોઇ વીલાસપુરના રાજાના આનંદનો પાર રહ્યો નહીં.

આજ તમામ લશ્કર હથ્યાર બંધ થઈ નગરની અને રાજાના મહેલની આસપાસ સા માંટે ઘેરો ઘાલી ઉભું છે. કયો એવો જબરદસ્ત દુશ્મન આ દેશપર ચઢાઈ લઇ આવનાર છે ? આમ વાતો કરતી સકળ પ્રજા પણ જોવાને એકઠી થઇ ગઈ.

સૈન્યાધિપતી પાંચ હજાર લશ્કરની સરદારી લઇ, જ્યાં કોકિલા રહી છે. ત્યાં જઈ ધર્મશાળાની. આસપાસ ઘેરો ઘાલી કોકીલાને બહાર નિકળવાની રાહ જોતો ઉભો.

હવે પોતાનું કાર્ય પરીપુર્ણ કરવાનો સમય નજદીક આવેલો જાણી, કોકીલા અને શ્રીરંગાએ સાક્ષાત જોગણી સ્વરૂપ ધારણ કરીને ધર્મશાળાની બહાર આવી.

પોતાની આસપાસ વિંટલાઇને ઉભેલા કાળસ્વરૂપ સરખા દૈત્યોને જોઈ, શ્રીરંગાએ કોકિલાને કહ્યું કે, અહો સખી ! આ જો !! આ જો !! આ કાળસ્વરૂપ ધારણ કરી ઉભેલા. દૈત્યો કોણ હશે ?"

કોકિલા-સખી ! નિર્ભય રહે ! એ તો તારા નાસ્તિક પીતાના નિચ અને કૃત્ઘ્ની દુતો છે ? કાળને આમંત્રણું કરવા આવ્યા છે ? કાળનું સ્વરૂપ જાણ્યા વગર, કાળને જાળમાં સપડાવવા માટે, પોતાની જાલમ સ-તાની જાળ પાથરી છે.

શ્રીરંગા-આધાર વગરના, શ્રદ્ધા રહિત, અને જગત પીતાની મહા સકિતની અવગણના કરનારા, એવા અલ્પ પ્રાણીઓ જળના માછલા સરખા છે. તેઓથી શું થઈ શકનાર છે ? આમ પાપના ભારા બાંધી, પાપના ભારાની સાથે ઘસડાઈ જવાના છે.

કોકિલા-સખી ! એને તું ન્હાના માછલા સમજતી નહીં? એ મ્હોટા મચ્છો છે ? અને ન્હાના સરખાઓનો ભક્ષ કરવા માટે પોતાનું વિક્રાળ સ્વરૂપ ધારણ કરે છે.

શ્રીરંગા-છેતો ખચિત એમજ, એમાં જરાપણ શક નથી પણ આપની પાછલ આવેલા આ મનુષ્ય રૂપી મચ્છોનું શુ કરવું ? શું આપણે એના ગુન્હેગાર છૈયે ? શું આપણે એના

આધીવાન છેયે ? કે શું આપણે એના તાબેદાર છેયે ? શું આપણે આપણું માન ભંગ કરી, શું આપણે આપણા સત્યનો ત્યાગ કરી, એ મલેચ્છોના પહેરાની વચ્ચે ચાલી આપણું કાર્ય કરવા જૈશું ? એ તો આપણાથી નહીં બને ? એ તો સતિના સતને કલંકિત કરવા સરખું છે. એતો દૈવ સકતીને વગોવનારૂં કહેવાય?

આસ્તિક થઈ નાસ્તિકોનો સ્પર્શ કરવો, એ શુ આપણો ધર્મ છે. નાસ્તિકો હમેશા આસ્તીકોની કસોટી કસ્વા માટે આવો ઉન્માદ કરે છે. માટે એ નાસ્તીકોની ભ્રષ્ટ થએલી બુદ્ધિની શુદ્ધિ કરી સૃષ્ટિ વિરૂદ્ધ કાર્ય ન કરે, તેટલા માટે તેઓના મલીન અસ્વચ્છ, અપવિત્ર અંતકરણમાં ઘર કરી બેઠેલી નાસ્તીકતાનો નાશ કરવાની આ સંધી ઠીક હાથ આવી છે. તો પછી પ્રિય સખી ! એ સંધીને શા માટે ગુમાવવી જોઈએ ?

કોકિલા–પ્રિય સખી ? એ સંધી સાંધવાનો આ સમય નથી. આપણે આસ્તિકતાનો ઝુંડો ઉઠાવી ગુરૂરૂપે બહાર નીકળીએ નથી. એવા નાસ્તીકોને આસ્તીકો બનાવવા માટે મહાધર્મ યુદ્ધ કરવાની જરૂર છે; તે શું આપણાથી થઈ શકે એમ છે ? નહીં. જેમ સોનું ઘડાય તેમ કુંદન થાય. તેમ લોઢુ ઘડાએથી કુંદન બનનાર નથી. તેમ આ બધા લોઢા સમાન છે, તેઓનુ અંતકરણ લોઢા સમાન છે. તે જલદી પીગલી શુદ્ધ થઈ શકે અમ નથી.

શ્રીરંગા–છે તો એમજ. જેનો સ્પર્શ વીજળી કરી શકતી નથી. તો પછી બાજા તો શી રીતે કરી શકે ? એનો અનુભવ મને પુર્ણપણે મળી ચુકયો છે. તો પછી બીજાના કથા તો શુ કહું. ગાય સમાન પુત્રીની ઉપર સીતમ ગુજારવાની બાકી

રાખી નહીં, તો પછી બીજા નિર્દોષો ઉપર જુલમ ગુજારવાને શા માટે પાછી પાની ભરે. પણ સખી! હવે આપે આને માટે શો તર્ક બાંધ્યો.

કોકિલા–તું જોતો ખરી. ચમત્કાર બતાવ્યા વગર એ નમસ્કાર કર્યા વગર રહેનાર નથી. મારથી ભુત પણ નહાસે, ડારાથી બાળક પણ ડરતું રહે. તો પછી આ નાસ્તીકો મસ્તકો નમાવી પુતળાં પેર ન નાચેતો થઇ રહ્યું ને? એ નાસ્તીકો જાણશે કે, અમારા માથાના આસ્તીકો મળ્યા હતા. આસ્તીકોને છેડી, આસ્તીકોના હાથનો સ્વાદ ચાખ્યો હતો. ઈશ્વરપર શુદ્ધ શ્રદ્ધા રાખનાર આસ્તિકો કેવું અદભુત કાર્ય કરી ઉત્તમ ગતીને પામે છે. આસ્તીકોજ આ ભવસાગરના પુલને ઓલંઘા શકે છે. આસ્તિકોજ અચલ કીર્તી પ્રાપ્ત કરે છે. આસ્તીકોજ આ લોક ને પરલોકના સુખને સંપાદન કરી શકે છે. પણ નાસ્તીક નર્કનાજ અધિકારી થાય છે. સખી! જ્યારે આપણા જેવી આસ્તીકોની અદભુત ચમત્કારીક કૃતિ નાસ્તીકોના જોવામાં આવશે. ત્યારેજ તેઓ આસ્તીકોને શરણે જશે.

આમ બંને સખીઓ વાતો કરતી કરતી લશ્કની મધ્ય ભાગમાં જઈ ઉભીઓ. કોકીલાએ તરત તરવારની અણીપર ચક્રને ગોઠવી, તરવારને હાથથી ઉંચી કરીને બોલી કે, ‘અહો નિશાચરો! ઇશ્વરની ગહન ગતીને નિંદનારા રાક્ષસો? ઈશ્વરી નિયમોનું ઉલંઘન કરનારા પીશાચો? ઇશ્વરી જ્ઞાનથી રહીત, ઈશ્વરકળાથી અભણ, અને ઇશ્વરના ગાનમાં મસ્ત બનેલા ભકતો ને દુઃખ દેનારા નર અધમો. તર્ક શકતીને વ્હાનારા પાલતો? જો તમને તમારો પ્રાણ વ્હાલો હોય, જો તમને તમારા સ્ત્રી

બાળકો પ્રિય હોય, જો તમને તમારો વૈભવ ભોગવવો હોય, અને તમારા દેશની હાની થતી અટકાવવી હોય તો, આ ક્ષણે, એક શબ્દોનો ઉચ્ચાર કર્યા વગર, તમારા રાક્ષસી રૂપને સમાવી, તમારા પોલાદ સરખા હાથમાં ધારણ કરેલા ત્રાસ-દાયક હથ્યારોને ભુમાતાને અર્પણ કરી, તમારા મસ્તકોને નમાવી, ઈશ્વરની મહાશકતીરૂપ સાક્ષાત દેવીના નામની સાત-વાર જય બોલાવી, તમારે પઠે પડો. જો આ આજ્ઞાનો ભંગ કરવામાં આવશે તો એક ક્ષણમાં તમારા મસ્તકો છેદી નાખ-વામાં આવશે.

કોકીલાનું ભયંકર સ્વરૂપ જોઈ, તમામ શુરાઓના હાડ ગાત્રો ગળી જવા લાગ્યા. થરથર ધ્રુજવા લાગ્યા. તેજ હીણુ થયા. તેઓના મુખપર લાલીને બદલે શ્યામતા ફેલાઈ ગઈ. જરાપણ આંખ ઉંચી કરી કોકીલા સામે જોઈ શકયા નહીં. આવી દશામાં ઘેરાયલા શુરાઓને જોઇ, કોકીલાએ વીક્રાલ સિંહણની પેઠે ગર્જના કરીને કહ્યું કે, "અહો ચંડાલો જુઓ છો શું? તમારો કાલ તમારી સમીપ આવી ઉભો છે. જરૂર તમારો ભક્ષ કરશે. તેના ભક્ષમાંથી બચવું હોય તો અહીંથી ન્હાસો."

કોકિલાની આ ભયકર ગર્જના શુરાઓની છાતી ફાડી આરપાર નિકળી ગઈ. તો પણ નાસ્તીક શુરાઓએ પોતાની જગ્યાએથી એક ડગલું પણ પાછા હઠ્યા નહીં. તેથી કોકીલાના ક્રોધનો પાર રહયો નહીં. પોતાની ક્રોધાગ્ની પ્રદિપ્ત કરી, દેવીના ચક્રને તરવારની અણીપર ખુબ ફેરવવા લાગી. જેમ જેમ ચક્ર ફરતું ગયું તેમ તેમ ચક્રમાંથી અગ્નીનો વરસાદ વર્ષવા લાગ્યો.

આ બંને સતિઓનું સત પ્રકાશી નિકળ્યું. સતીઓનાં પ્રકાશમય તેજ, અને ચક્રમાંથી નીકળતી અગ્નીના તેજથી સુર્ય પણ સરમાઇ વાદળાઓમાં સંતાઈ ગયો. સર્વ દીશાઓ અંધકાર મય બની ગઇ. આથી સર્વત્ર આહાકાર વર્તી રહયો.

આ જોઇ નાસ્તીકોના સરદારે પોતાના શુરા લડવૈયાઓને કહ્યું કે, 'આ કોઈ પુરૂષ નથી, પણ સ્રીઓ છે. તે મહા પરાક્રમીઓ છે. તેના પરાક્રમ આગળ આપણું પરાક્રમ તરણા સરખું છે. આપણું બળ તુચ્છ સરખુ છે. માટે નાહક જીવનું બળિદાન દેવાને ઉન્માદ કરશો નહીં. જો આપણે, આ સ્રીઓની આજ્ઞા ન પાળતા તેણીઓની ઉપર આપણા જોરનો ધસારો લઇ જઇશું તો પણ તેણીઓ આપણા જોરના ધસારાની પરવા ન કરતાં આ વર્ષતાં અગ્નિથી આપણને બાળી ભસ્મ કરી નાંખશે. રાજાએ તો પુરૂષ ધારીને આપણને મોકળ્યા હતાં. પણ પુરૂષને બદલે સ્રીઓ નીકળી છે. ત્યાં આપણે લાચાર છેયે. માટે બનનાર હુશે તે બનશે. હુવણા તો તમારા 'હથ્યારો ભુમાતાને સોપી માર્ગે પડો. આજ કંઇક નવા જુની થશે? આજનો દીવસ આપણી અને આપણા રાજકર્ત્તાપર ભારી છે. એમ કાંઇક મને ભાસ થાય છે. જો આમ નહોત તો એક પુરૂષને બદલે, બે સ્રીઓ પ્રગટ થઈ પોતાનું આવું સ્વરૂપ ધારણ કરત નહી? તે ખરેખર સ્રીઓ નથી. પણ તે કોઈ જાતની બલા છે. જો તે બલા નહોત તો સુર્ય પણ આભલામાં ભરાઇ ન જાત, સર્વ દીશાઓ અંધકારમય પણ ન બનત. આવો ભય પણ ઉત્પન્ન ન થાત. આ ભયને શું તમે ઓછો સમજો

છો ? આ ભયથી આપણા સરખાના ગાત્ર ગળી ગયા છે, તે પછી ના હીંમતવાનના કેમ ગળી ગયા નહીં હોય ? માટે આ અબલારૂપ સ્ત્રીઓને ન છેડતાં તેણીઓને તેણીની સ્વઇચ્છા મુજબ વર્તવા દો."

પોતાના સરદારના આવા ભય ભરેલા શબ્દો સાંભળતાજ, તમામ શુરાઓએ પોતાના હથ્યાર પૃથ્વીપર ફેંકી દીધા, માથુ નમાવી, પોતાને માર્ગે પડયા.

નાસ્તીકોને નાસતાં જોઇ કોકિલાએ તરત પોતાના ક્રોધને સમાવી, તરવારની અણીપર ફરી રહેલા ચક્રને પાછું લઇ લીધું.

તરવારની અણીપર ફરતા ચક્રમાથી નીકળતી અગ્નીને શાંત થયેલી જોઇને. સુર્યનારાયણ પાછા પ્રગટ થઇ સર્વ દીશાઓને તેજોમય બનાવી દીધી.

કોકીલા અને શ્રીરંગા હુવે નીર્વીઘ્નેથી આગળ ચાલી. જેમ જેમ આ બંને સતીઓ, આગળ માર્ગ ક્રમણ કરવા લાગી. તેમ તેમ તેમની કાન્તી ખીલતી ગઇ. તેણીઓનું અલૌકીક દીવ્ય સ્વરૂપ પ્રકાશ પામતું ગયુ. આવી દીવ્ય સ્વરૂપવાળી સતીઓએ સફેત વસ્ત્રો ધારણ કરેલા છે, કંથમાં પુષ્પોના હારો અરપેલાછે. કપાળમાં શંકરની વિભુતિની આડ તાણેલી છે. હાથમાં શંકરની સકિતના વરદાઇ હથ્યારો ગ્રહણ કરેલા છે; એવી આ મહા સાધવીઓ પોતાની ચક્ષુઓને કોઇ પણ વસ્તુઓની ઉપર ન રાખતા, એકજ સકિતની અથાગ સકિત ઉપર રાખી, એક ધ્યાનથી પોતાનુ કાર્ય કરવાં ધીમે ધીમે પગલે ચાલી જાય છે. તે જોવાને ઉલટેલી મેદની આ

નવીન બાળાઓની અદભુત સકતી જોઇ, તેણીઓનું દીવ્ય સ્વ રૂપ નીહાળી. આશ્ચર્યતાંમાં ડુબી ગઈ. ખરેખર આજ રથને નીચે ઉતારશે ? આજ આ આપણા નાસ્તીક રાજાના અભીમાનને ઉતારશે ? આજ આ આપણા સર્વના નાસ્તીકપણાનો નાશ કરશે ? અત્યાર સુધી કોઇએ આવી આપણા ગર્વાનંદ બનેલા રાજાનો ગર્વ ઉતાર્યો નથી. પણ આ પૃથ્વી માતા જેણીએ સાક્ષાત સાધવીઓનું સ્વરૂપ ધારણ કર્યું છે. તેજ ઉતારશે? આસ્તીકોનો અંશ રહેવા દીધો નથી તો પછી નાસ્તીકો આસ્તીકો કેમ થવા પામે ? શ્રીરંગા જેવી સાક્ષાત દેવીનો અવતાર હતો, તેણીને પણ નાસ્તીક બનાવવા માટે પાપી રાજાએ કાળા ગૃહમાં કેદ નાંખી છે. એ શું થોડુ ઘાટકીપણું કહેવાય ? પુત્રી પ્રત્યે પીતાનો પ્રેમ ભુલી જનાર બીજા પ્રત્યે શું પ્રેમ રાખશે ? શું દયા રાખશે ? શું ચ્હાશે ? શું રક્ષણ કરશે ? એના કરતાં રાક્ષસો પણ સારાં હોય છે, પલ્લે પડેલા, અને શરણે આવેલાને હણુતા નથી. એ રાક્ષસો પણ ઈશ્વર કૃતીને માનનારા અને પુજનારા છે, ઈશ્વરની અગાધ ગતિને ઓલખનારા છે, પણ તેના જેવા નાસ્તીકો નથી. નાસ્તીકોમાંજ દયાનો અંશ નથી, ધર્મનો વાસ નથી. સત્યનો સંગ્રહ તથી. તેથી નાસ્તીકો અઘોર કર્મો કરે છે, ધર્મ કર્મનો ભેદ જાણુતા નથી. આ લોક ને પરલોકનું સુખ સંપાદન કરવાનું સાધન–જ્ઞાન–ધ્યાન ધરાવતા નથી. તેથી અતોભ્રષ્ટ ને તતોભ્રષ્ટ થયા છે. એ ભ્રષ્ટાએ કરીને આપણે પણ સર્વ ભ્રષ્ટ બન્યા છે. એ ભ્રષ્ટા શું કરશે ? ને શું નહી કરે ? એ ભ્રષ્ટા આખા વીલાસપુરને નર્કમાં લઈ જઈ હોમશે ? એ ભ્રષ્ટાથી આ પૃથ્વીપર મહા અનર્થો થયા. છે, અને તે

મહા ઘોર અનર્થોથી પૃથ્વી પણ કંપી ગઇ છે. તે અનથ રૂપી ભાર પૃથ્વી ઝીલી શકતી નથી, તેથી તે ભારને ઉતારવાને માટે પૃથ્વીએ આવું બાળ સ્વરૂપ શા માટે ધારણ કર્યું નહોય? ખરેખર તે પૃથ્વી રૂપ બાળાઓ છે. તે જરૂર આપણો નાશ કરશે? આપણાં પાપના અમાપ તાપમાં આપને તાવશે? ઉગરવું હોય, પાપની ક્ષમા માગવી હોય, આ માનવ જન્મ સફળ કરવો હોય, નાસ્તીકોથી છુટવું હોય, તો આ બાળાના ચર્ણના સ્પર્શ કરી તેમને પુષ્પોથી વધાવો.'

આ પ્રમાણેના ઉદ્દગારો કાઢતી વીલાસપુરની સકળ પ્રજા કોકીલા અને શ્રીરંગાને પુષ્પોથી વધાવા લાગી. અને હર્ષાતુર બની પૂર્ણ પ્રેમભાવથી ગાજી ઉઠી કે, 'અહો પુથ્વી માતા તુમારો જય થાઓ?"

મેઘ ગર્જનાની પેઠે આ હર્ષ ધ્વની ગર્જના કરતો કરતો રાજાના કાનને ફાડી આરપાર નીકળી ગયો.

આ હર્ષ ધ્વનીથી રાજાની છાતી કાંપવા લાગી. રાજાની મનોવૃત્ત બદલાઈ ગઇ, રાજાની સકતી નાશ પામી. રાજાની બુધ્ધી જડ થતી ચાલી. સર્વાંગે રાજાની કાંન્તી ઝાંખી પડી ગઈ. રાજા નીર્માલ્ય જેવો બની, પશુ સરખી વૃત્તી રાખી, શું થાય છે તે જોતો ઉભો.

આ ચમત્કાર જોવાને મળેલી મેદની વચ્ચેથી કોકિલા અને શ્રીરંગા ચાલતી ચાલતી જ્યાં રાજા બેઠો છે ત્યાં આવી પહોંચી. કોકીલા અને શ્રીરંગાને જોતાજ વિલાસપુરના રાજાના ક્રોધનો પાર રહયો નહીં, પણ લાચારીથી, પોતાના ક્રોધને સમાવી મન સાથે કહેવા લાગો કે, 'આ શું જોઊ છું?

દીવસ જોઉં છું, કે રાત્રી જોઉં છું, કે રાત્રીના ત્રીજા પહોરનું સ્વપ્ન જોઉં છું? પુરૂષમાંથી સ્ત્રી કેમ થઇ? શ્રીરંગા કેદમાંથી છુટી કેમ આની સાથે આવવા પામી? કેદખાનું કોણે ત્રોડયું? શું માણુસો નિમકહરામ થઈ શ્રીરંગાને કેદખાનામાંથી છોડી મુકી? આમ કેમ સંભવે? આવો પ્રકાર કેમ બને? કંઈ સુઝ પડતી નથી? આમા કંઇક ભેદ છે. આ ભેદ મારાથી જાણી શકાય એમ નથી. ઉન્માદ કરવો અંહી પાલવે એમ નથી. બલાત્કાર કરવાનો આ સમય નથી આ સ્ત્રીએ પુરૂષ વેષમાં મને ઠગી મારી સાથે વીશ્વાસ ઘાત કર્યો છે. તે મહા પ્રપંચી છે. તે પોતાના પ્રપંચમાં રમી પોતાનું કાર્ય કરવા માગે છે. તે કાર્ય કેમ કરવા દેવું? એક સ્રીના હાથથી કેમ ઠગાવું? જો ઠગશે તો મ્હોટી નામોસી લાગશે? જગતના લોક ધિકારશે? મારી સત્તાની માન્યતા ઘટી જશે. આને માટે શું વિચાર કરવો? વિચાર કરવાની સકતી રહી નથી. તો પછી બને તે જોવું, કે આ બનાવ નં બનવા પામે તે પહેલા આ બંને આસ્તીક બાળાઓને બાણની વૃષ્ટીથી ભેદી નાંખવી. આવી ઉદ્ધતતાઈ અને અધમ નીતિનો ઉપચાર કરતાં પણ, જો આ બાળાઓનો નાશ ન થાય તો—તો પણ હાંસી સાથે અપકીર્તી છેજ. તોપણ લોકો ફીટકાર્યા વગર રહેનાર નથી. આમ કરવા પણ વિચાર દ્રઢ થતો નથી. તેમની ઇચ્છાનુસાર તેમને વર્તવા દેવાની પરવાનગી આપતાં પણ મન કહ્યું કરતું નથી. હવે મનને કયે રસ્તેથી હાથમાં લેવું. મન આમથી તેમ દોડી રહ્યું છે, મન સ્થિર થઇ વિરામ પામતું નથી. મન હાથથી ગયું, મન પોતાની હદ છોડી ગયું

મન માને તોય ભલા, અને ન માને તોય ભલા. પણ એકવાર તો આ બાળાઓ શું કરે તે જોવું. તે જોયા પછી મારે જે કાંઈ કરવું હશે તે કરવાને હું સત્તાવાન છું. હવણા એ મારા અપરાધમા નથી. હવણાં એ મારા તકશીરમાં નથી. માટે તેણીઓને છેડવી નહીં. કયાં જવાની છે ? એ ગમે તેવી તો બાળાઓ છે? એથી શું થનાર છે? એની બુદ્ધી પાનીએ ? તો પછી શા માટે વીચાર કરવો જોઇએ ? તો પછી શા માટે બલતામાં ઘી હામવું જોઇએ? તો પછી શા માટે વ્યાધીને વધારી માથે વોરી લેવી જોઈએ ? એમાં કાંઈ તત્વ હશે તે તો જાણવામાં આવશે? એનામાં કાંઇક ભેદિ વિદ્યા હશે તે પણ જોવામાં આવશે? શ્રીરંગા કેદખાનામાંથી છુટી આ બાળા સાથે કેમ મળી ગઈ તેનો ભેદ પણ જાણવામાં આવશે. વળી આ રથ કેવો અલૌકીક છે, કેવો અમુલ્યવાન છે, અને રથમાં કોણ છે. તે પણ જાણવાની જરૂર છે. માટે એને હવે રથ નીચે ઉતારવાની આજ્ઞા આપવી જોઈએ, આવો વીચાર કરીને રાજાએ તરત કોકિલાને વીનંતી કરી કે, 'નીર્ભય થઇ તમારૂં કાર્ય કરો.

કોકિલા–હે રાજા, એ કાર્ય એમ નહીં થશે?

રાજા–એનુ કંઈ કારણ ?

કોકિલા–વિક્રાલ સ્વરૂપ ધારણ કરી ઉભેલા દૈત્યોની છાંયામાં આ રથ ઘેરાઈ ગયો છે; તેથી તે રથ નીચે ઉતરી શકશે નહી ?

રાજા–દૈત્યની છાંયા સાથે રથનો શું સંબંધ છે?

કોકિલા–રથ દેવતાઇ છે, અને તેમાં દેવતાનો અંશ છે; માટે દેવો દૈત્યોની છાંયામાં ઘેરાયા પછી, મુકત થવા માટે, તે છાંયાને દત્યોનું બાલદાન આપે છે. માટે તમારા દૈત્યોનું બાલદાન દેવું હોય તો ઉભા રહેવા છે.

રાજા–બલીદાન લેશે? બીજું શું કરશે?

કોકિલા–રાજા તારા અભિમાનનો આંકડો ઉતારશે?

રાજા–દેવની હસ્તી જોતો નથી, તો પછી મારા અભિમાનને ખંડીત કરનારથી શા માટે બાયલો બની તારા જેવી ઠગારીને આધીન થઉં? એકવાર ઠગાયો છું, એટલુંજ બસ.

કોકિલા–દેવની હસ્તી નહી માનનારાઓ ઠગારાઓ છે, પણ દેવને માનનારાઓ ઠગારા નથી. તેઓ દેવથી ડરી સૌની સાથે નીતીથી વર્તે છે, માટે રાજા તારા ભવિષ્ય માટે શ્રેય સમજતો હોય તો દેવ પ્રત્યક્ષ છે, દેવ સર્વમા છે, એમ માની તારા નાસ્તિકપણાનો નાશ કર.

રાજા–આવી હઠ કરી, તારી ગૌરવતાનો નાશ કરવા માટે મને વધારે શા માટે ક્રોધિત કરે છે. મારો નાશ થશે તો થવા દે, મારૂ અભિમાન ઉતરશે તો ઉતરવા દે. તેમાં તારૂ શું જનાર છે. તારો દેવ છે અને હું છું. તે કરશે તે હું જોઇશ. પણ તું વિલમ શા માટે કરે છે? તારે જે કરવાનું છે, તે કરી બતાવ; તારાથી ન બનતું હોય તો, ફોકટના પ્રાંપ્રાં મારવા મુકી દઈ અપરાધ બદલ–અપરાધની શીક્ષા ભોગવવા

તર્પરથા. ફોકટનો વખત શા માટે ગુમાવે છે. આવો અમુલ્ય વખત પાછો મલતો નથી આ અમુલ્ય વખતની કીંમતજ નથી ?

કોકીલા–સત્ય છે. રાજા એવોજ વખત પણ તમને પાછો પ્રાપ્ત થવાનો નથી. એવો આ વખત છે. વખતનાજ માન છે. વખતનાજ સુભ ચોઘડીઆ છે. વખતનો વિચાર ન કરતાં પસ્તાસો સત્તાહીણ થશો. સ્વતંત્રતાને નાશ કરાવી પરાધીનતાને વશ થવું પડશે. સમૃદ્ધિ, સંતની ગુમાવી, રાજપદથી ભ્રષ્ટ થશો આ તમારા અસ્ત અને ઉદયની આગમચેતી છે. આ તમારા પ્રારબ્ધના ભવિષ્યની છેલી વાણી છે. હું તો કહી ચુકી છું, કરવું ન કરવું એ તમારી ઈચ્છાનું સાર છે. એટલું કહીને તરત કોકિલાએ દેવીનું સ્મર્ણ કરીને પોતાના બંને હાથ ઉંચા કરયા. હાથ ઉંચા થતાંજ આકાશ ગામી રથ તરત નીચે ઉતરી કોકલા સમીપ ખડો થયો. આ જોઈ કોકિલા તરત રથમાં ચઢી ગઈ, અજબકુમારીની આંખપર બંને હાથ મુકી, અજબકુમારીનો હાથ પકડી નીચે ઉતરી આવી.

આ ચમત્કાર જોઈ, ગર્વાનંદમાં મસ્ત બનેલી, સમગ્ર પ્રજા અચરત પામી. પોતાની કુમતિનો ત્યાગ કરીને, અતિ નમૃતાથી, શુધ્ધ અંતઃકરણથી કોકિલા અને શ્રીરંગાના ગુણ ગાન ગાવા લાગી. હર્ષ ઘેલી બની પુષ્પોનો વરસાદ વરસાવી જયઘોસથી વિલાસપુરની ભુમિને ગજાવી મુકી.

આ હર્ષ ગર્જના રાજાને રૂચી નહીં. આ હર્ષ ગર્જનાથી રાજાના અંગો કાપવા લાગા. આ હર્ષ ધ્વનીથી રાજાના મુખ પરની ખીલી રહેલી ગુલાબ સરખી લાલી ઉડી ગઈ. આ હર્ષ

ગર્જના સાંકી ન શકવાથી, રાજા સિંહની પેઠે ગંભિર ગર્જના કરી બોલી ઉઠયો કે, અરે શૂરાઓ ? જુઓછો શું ! પકડો ઝકડો આ ત્રણે ઠગારીઓને ? દેવ શું ? બલિદાન શું ? બલિદાન વગર રથ કેમ ઉતર્યો ? તેનો તમે તોલ કરો. ? માટે દેવ નથી ? દેવની ગતી નથી ? આતો દેવના નામનું ધતીંગ છે. દેવનો ડારો બતાવી આપણને ઠગવા માગે છે. માટે પકડો.

આ કપટકાળ મૂર્તીના પાપી અંતઃકરણમાથી દુષ્ટ હુકમ નિકળતાજ દુષ્ટ દૈત્યો એ તરત, દુષ્ટ વાસના પૂર્ણ કરવા માટે પોતાના પાપી હાથોને શરમાવનારી એવી તરવારોને ખેંચીને આ ત્રણે બાલાઓની આસપાસ ફરી વળીને વીંટી લીધી.

આ જોઇ કોકિલાએ તરત તરવારની અણીપર ચક્ર મુકીને ખુબ જોસથી ફેરવી બોલી કે, ' હે રાજા તું તારા કુળમાં અંગારો ઉઠયો છે. તારામાં જરા પણ ઇશ્વરનો અંશ નથી. તારામાં જરાપણ સત્યનો વાસ નથી. તને સમશ્યામાં ખુબ સમજાવ્યો પણ તુ ન સમજ્યો. અંતે તે તારો પાપી વિચાર તજીઓ નહીં. જળના ઝરણા પાહાડ સરખાને પણ હચમચાવી મુકે છે તો પછી તમારા બલને આ તરણા સરખી તારૂણીઓ કેમ હચ મચાવી નહી શકે ? કર અને જો. વાવ્યુ તેવું લણ જે. એ બધું તારી દ્રષ્ટી સમક્ષ છે. વીનાશ કાલે વીપ્રરીત બુધ્ધી તેવી તારી ગતિ થઇ છે. ખાડો ખોડે તે પડે. એ સીધ્ધાંતનો તું પુર્ણ અનુભવ લેજે. કરણી તેવી ભરણી થોરમાં ગુલાબના ગુણ કયાંથી હોય ? બાવળના કાંટામાં નમ્રતા, સભ્યતા કયાંથી હોય ? કેસુડા ગમે તેટલા પિલા છે પણ તે શું કનકની બરો

બરી કરી શકશે ? જગતના તિમિરનો નાશ કરનાર સુય સરખા ઓપણ જગતનું કલ્યાણ કરે છે પણ તું તો અકલ્યાન કર્તાછે ? જડવાદાને આવુ જ્ઞાન સાનું હોય! તું સત્યનો સહાયક નથી. તું સત્યનો તોલ કરનાર નથી. તું સત્યનો સંગ્રહ કરનાર નથી, તું સત્યને ચ્હાનાર નથી. પણ અસત્યજ તને પ્રિય છે. અસત્યજ એજ તારો ધર્મ છે. અસત્યજ તારૂં રૂપ છે. તો પછી તું વચન ભંગી થા. તેમાં આશ્ચર્ય શું ? તું દૈવનો નિંદક છે, તુ દૈવનો છેદક છે. માટે દૈવની ગતી તારા જાણવામાં આવે કયાંથી? ઓ મુર્ખ જરા સમજ ! અરે અધમ! તારી ખ્હેરી મારી ગયેલી ઈંદ્રીઓને જાગૃત કર.

આ દેહ નાશવંત છે, આ તન-મન-ધન-રંગ-રાગ-ગાનતાન રાજ સમૃધ્ધિ એ પાણીના પરપોટા સમાન છે. મદ જોબન એ એક ખીલતા ગુલાબ સમાન છે. માટે ચેત મૂર્ખ, ચેત. દેહનું અભિમાન કોનું રહયું છે કે તારૂં રહેશે ? ધર્મ કર્મનો ખેલ ન્યારો છે. એ ધર્મ-કર્મમાં કોઇનો ભાગ નથી. એ ખેલમાં કોણ મેખ મારવા સમર્થ થયું છે કે તું થઈશ ! વિધિના લેખ વિચિત્ર છે, દૈવની ગતી અલૌકિક છે. તેની અવગણના કરે છે. તેને નિંદે છે. તેની મહત્વતાં જાણતો નથી. તો પછી તું શું કરીશ. તું શું જાણીશ. જેવો આવ્યો તેવો જાવાનો છે. સાથે કંઈ આવવાનું નથી. પાપ કર્મના જવાબ દેવા પડશે. માટે ચેત મૂર્ખ ચેત, તારે માથે ભમિ રહેલા કાલનો વિચાર કર. તારો આ અવસર કેવો છે તે માટે તને કહું છું તે તું સંભાળ.

રાગ રેખતો

અવસર તરો પલ પલ જાવે, સુતે તુજે નીંદ કયું આવે.
તેરે શીર જમસા બેરી, ભજન બીન કોન ગત તેરી–ટેક
બડે બડે રાવણસેં રાજે જયાંકે આગે નોબતા બાજે,
જીત્યા સબ લોક દે ડંકા, સોહી ખાલી કર ગયા લંકા–અવ
પુષ્પકી સેજપર સોતા, સલામી દ્રષ્ટસેં જોતા,
કંચનસી દેહકી કાંતી, જરી તન અગ્નીસેં છાતી––અવસર
કેતે ચક્રવતી જે ભુપા, મીલ ગયે ચેહમેં રૂપા,
અંતમેં જંગલકા બાસા, જુઠી હુએ જગતકી આસાં––અવસર
અષ્ટાંગહી ચોગકું સાંધે, નાહીં તેં આયુ બલ વાધે,
અમર કર આપકે અંગા, સોહી કાલે કર દીય ભંગા–અવસર
અમ્રતકા પાન તું કરતાં, વીમાને બેઠકે ફીરતા,
સુરપતી કાલ લે વાયા, તાહીં તેં જુઠી હે માયા––અવસર
જૈસા હે પાણી પરપોટા, ભરૂંસા દેહકા ખોટા,
તાહી તેં વીલંબ ના કીજે, સાધુ સંગ રામ રસ પીજે.
મેરેતા રામસેં મીલના, જહાં નહીં કાલકી કલના,
ઐસે મેં નીશ્ચે કર જાની, મીલે દેવા આય ગુરૂ જ્ઞાની.

શ્રીરંગા–પિતાજી ! આ જગત ક્ષણભંગુર છે. આ જગતની માયા જુઠા છે. કાયા કાચી છે. તે એક દિવસ માટીની સાથે મળી માટી થઈ જાશે. તેનો ગર્વ કરવો, એતો પોતાને હાથે પગમાં કુવાડા મારવા જેવું છે. ફરી ફરીને આ માનવદેહ મળવાનો. નથી. ફરી ફરીને આ રાજ વૈભવો પ્રાપ્ત થવાના નથી.

માટે મોહ માયાનો ત્યાગ કરી સદગુરૂને સરણે જાઓ તોજ તમે ભવસાગર તરી શકશો. જાગૃત થાઓ અને તમારા જેવા દાંભિકો માટે કહયું છે તે સાંભલો.

રાગ—રેખતો

જગતસેં કામ ક્યા તેરા, પ્રભુ ભજ મન તુ મેરા,
સમજ લે બાત યહ સાચી, યાહી બીન સબ ઓર સબ કાચી
લોકનકી પ્રીત સબ જુંઠી, ઠાલી જ્યું વાયુકી મુઠી.
યાતે કછુ બેર નહીં લાગે, તીમીર રવી ઉગતે ભાગે—જ૦
મુરખ જગ બ્રહ્મ તે ભુલે. દેખી કુલ સંપતી પુલે,
સબે યહ ઓસકી બરસા, સોહી કેસે મીટે તરસા—જ૦
વીષયકા નેહ સબ એસા, વીલોના પાનીકા જેસા,
ઇનમેં કછુ હાથ નહીં આવે; ભજન બીન જનમહીં જાવે.
હરી હરી ચીતમેં ધરીયે, જગતકી આસા કયા કરીએ,
લીજે ગુરૂ જ્ઞાનીકા સરના, દેવા નીં હોય ફીર મરના—જ૦

પીતાજી ! એકવાર હરી ભજી લો. હરીનો મહીમાં કેવોછે તે જાણી લો. હરી રસ પીલો. હરી વીના સર્વ મીથ્યા છે. હરી ભજન વીના તારણ નથી, ગતી નથી, માટે હરીના નામનું ભાતુ બાંધીલો. એકવાર હરીનું નામ લીધાથી પાપનો નાશ થાયછે. માટે હું કહું છું તે ચિત્ત દઇ સાંભળોઃ—

હાલતાં હરીને ચાલતા હરી, ઉઠતા હરી કે;
સુરતા લાગી તું સમરી લે, (૨) તો તેની બોલાસે જે;
જયાં લગી આત્મા અંગમાં છે, ત્યાં લગી હરી હરી તુ કે;
દ્રષ્ટ પદાથ સરવે ખોટું ને આત્માં તો અખંડ છે.

કીડી પતંગને બ્રહ્મા લગણુ (૨) એને કાળ ચકરનો ભે.
દીધા સરખું દાન છે અનનું દઈ શકે તો દે જયાં
જુવાનીપણાં તમે જાણુતા નથી, ને સાચા તે વીના બે;
એક છે અંન, બીજુ હરીનુ ભજન, તારી સાનમાં સમજીલે,
એક દહાડો એવો આવશે દીવા વીના નગારાં વાગશે
એક દીન પ્રાણી એવો પણ આવશે તારી સમસાણુ ધખશે ચેહુ
સંસારીયાના પ્રપંચ મેલીને સત ગુરૂને ચરણેરે
ગીરધરદાસ કહે હરી પ્રતાપે એક સત ગુરૂ સાચા છે.

રાજા–બસ. બહુ થયું. તમારા જેવી નીસાચરણીનો બોધ મને કંઇ અસર કરી શકનાર નથી. માટે મારા હુકમને તાબે થાઓ.

પથ્થરપર પાણી રેડવા જેવું જાણીને કોકીલા બોલી કે, 'ઠીકછે. તું એમ સમજનાર નથી. લે હવે તારી કરણીના ફળ ચાખવા તૈયાર થા.' એટલું કહેતાજ કોકીલાએ ચક્રને છોડી દીધું. ચક્રમાંથી નીકળતી અગ્નીએ તમામને ઘેરી લઈ બાળી ભસ્મ કરી નાંખ્યાં.

હજારો લોકોનો નાશ થતાં અને તેઓના મુખમાંથી નીકળતી કાળી ચીસો સાંભળી રાજા ભયભિત બની મન સાથે કહેવા લાગો કે, ' હાય ! આ શું ? આ કેવો ગજબ ? એક ક્ષણુમા કેટલો બધો ફેરફાર ? આ કમકમાટ ઉપજાવનારો દેખાવ જોયો જવાતો નથી. આંખે અધારી આવે છે. ગયું બધું ગયું. એક ઘડીના સ્વપ્નામાં સર્વ ગયું. નહીં હતું જેવું થયું. મુર્ખની આ ગતી છે, અધમની આ દશા છે, મુર્તી

ખંડન કરી સંત સાધુઓને દુઃખ દીધું. ગુરૂ સ્થાપી ગુરૂના વચનામૃતનો પ્યાલો પીધો નહીં, તેનું આ ફળ છે. પાપ ફરી વળ્યું, હવે કેમ જીવાશે? હવે કેમ બચાશે? જીવવાનો કે બચવાનો આસરો રહયો નથી. આ કેવું કૌતક? આ કાળ કે કાળનો અવતાર? શું બધાનો ભક્ષ કરશે? શું બધાને આમ રીબાવી રીબાવીને મારશે? 'ન માન્યું! ન વિચાર્યું! ન કરવાનું કર્યું!! પુત્રીને સંતાપી તેનું આ પાપ ફરી વળ્યું. તેનો આ બદલો લીધો. નસીબ પલટાઈ ગયું, નસીબે આંખે પાટા બંધાવી પાપ રૂપી કુપમાં ઝોંકયો છે. નાસ્તીકોની આ ગતી છેં, નાસ્તીકોનો આમ નાશ થાય છે. હવે શરણુ વગર તારણુ નથી, આસરા વિણુ વાસરો નથી. સત્ય વિના જય નથી. ધર્મ વિના મોક્ષ નથી, આમ આક્રંદ કરતો રાજા પોતાના મંડળ સહિત કોકીલાના ચર્ણમાં મસ્તક નમાવી કહ્યું કે, 'હે વિઘ્નેશ્વરી! અમારા અપરાધને ક્ષમા કરી, અમારો પ્રાણુ બચાવો.

કોકીલાએ કહયું કે, 'જો તમારો પ્રાણુ બચાવવા માગતાં હોતો તમે તમારા શસ્ત્રો તજીદો. તમારો મણી મુગત તમારી પુત્રી શ્રીરંગાના મસ્તકપર મુકો. અને હું તમને જે શીક્ષા કરૂ ત તમે ભોગવવાને તૈયાર થાઓ. તોજ તમારા પ્રાણુની રક્ષા કરવામાં આશે.

કોકીલાના કહેવા મુજબ રાજા અને તેનું મંડળ વર્તવાથી કોકીલાએ તરત આ બધાઓને કાળા ગ્રહમાં પુરી દીધા. અને બીજા તમામ બંધીવાનોને શીક્ષા રૂપ બોધ આપી છોડી

દીધા. કોકીલા તરત બંનેને સાથે લઈ વીલાસપુરના રાજમહેલમાં દાખલ થઈ, શ્રીરંગાને વીલાસપુરની ગાદી આપી, શ્રી રંગાનો વાવટો ચઢાવ્યો, અને બાકી રહેલી પ્રજાને દેવ ભકતો બનાવી દેવની મુર્તીની સ્થાપના કરી.

ઉથલ પાથલ થએલા વિલાસપુરની રાજ સત્તા પુનઃ સ્થાપન કરીને, કોકિલા શ્રીરંગા અને અજબકુમારી એકાંત ભુવનમાં બેસીને નહીં શહન થઈ શકે એવા માથા ઉપર પડેલા મહા દુઃખો અને વિપત્તીઓની ભયાનક કથાનું કથન કરી રહી ઓ હતી. આ દુઃખજનક અને રદયભેદક કાળની કોરનારી કથા શ્રવણ કરતાજ, મહા વિચિત્ર મુર્તી અજબકુમારીનું કઠોર હૈયું દુઃખના ઉભરાથી ભરાઇ આવ્યું. દુઃખના બોજાથી ડબાયેલી અને તે બોજો શહન નહીં કરી શકવાથી આંખમાંથી બોરબોર જેવડા આંસુંઓ ઢાળતી, ઉંડો નિશાશો નાખી ગદગદ કંઠે બોલીકે, 'અહો સખીઓ ! તમે દુઃખીયેણ નથી પણ સુખીયેણ છો. મારા દુઃખ આગળ તમારૂં દુઃખ નહીં જેવું છે. તમો દુઃખને વશ ન થતાં દુઃખની સાથે ટકર જીલી છે. એ દુઃખની ગણના ન કરતાં, તમે તમારા ધર્મની રક્ષા કરી ધર્મ સાચવ્યા છે. દુઃખ રૂપી અખાતોમાં અને દુઃખરૂપી પહાડોની સાથે અથડાતાં છતાં તમે તમારો જન્મ અફળ ન કરતાં સફળ કર્યો છે. બંને ભવ ન બગાડતાં ભવને સુધાર્યા છે. જનેતાની કુખને ન વગોવતાં સોભાવી છે. કુળ ને ન બોરતાં તાર્યું છે. તમે ખોયું નથી, પણ મેળવ્યું છે. તમે કલંકિત નથી પણ નિર્દોષ છો ? સત્ય આગળ દુઃખ તરણા સમાન છે, સત્ય આગળ દુઃખ દુરથી નમસ્કાર કરે છે. સત્યથી શત્રુનો લય થાય છે. એવી સત્યની બલીહારી છે. એથીજ સત્યનો

જાય છે. સત્યથીજ ધૈર્યતા રહી શકે છે. ધૈર્યતાથી દુઃખનો અંત આવે છે. ધૈર્યતા એ સુખનું સ્થાન છે. ધૈર્યતાથી સર્વ સીધ્ધિ સમૃદ્ધિ આવી મળે છે. તે સીધ્ધી સમૃધ્ધિ તમે પ્રાપ્ત કરી છે. અને તે વડે તમારો સ્ત્રી અવતાર સફળ થયો છે. ને થશે? આ જગતના ઉપભોગો ભોગવવાને ભાગ્યશાળી થશો. જગતમાં કીર્તી કોટ ચણશો. સત્યની વિજય પટાકા ઉડાવશો. પુજાશો. પણ મારા જેવી હતભાગીનું શું થશે? મેંતો જશને બદલે અપજેશનો ભારો બાંધ્યો છે. મારા જેવી પાપણીનો પડછાંયો પડતાજ, સૂર્ય પણ સંતાઈ જશે? કમળો પણ કર્માઈ જશે? જળ પણ શુકાઈ જશે? અગ્ની પણ ઓલવાઇ જશે? એ શું ક્ષત્રાણીના ભુષણને દુષણ લગાડનારૂં નહીં કહેવાય? ઉત્તમ કુળને બોરી રૌં રૌં નર્કમાં નોંખ્યાં એ શું થોડું દુઃખ? એ શું થોડું પાપ? એ શું થોડું અઘોર કર્મ? એક ભવમાંથી બે ભવ કર્યા. એ બે ભવમાંથી કેમ છુટીશ? એનું નિવારણ કેમ કરીશ? ન જોયું? ન વીચાર્યું? ઉન્મદ બની નીચ કર્મ કર્યું? તેનું ફળ ચાખ્યું? અપરાધની શીક્ષા મળી? શું કરૂં? કયાંએ જવાનો માર્ગ નથી. અગ્ની પણ સ્પર્શ કરે એમ નથી? જળ પણ સંઘરે એમ નથી? પૃથ્વી પણ માર્ગ આપે તેમ નથી? હવે કહું કોને? કોનો હાથ પકડું? પાપીને કોણ બચાવે? પાપીનો સ્પર્શ કોણ કરે? આ જગતમાં પાપીનો કોઈ સાથી નથી. હાય! કર્મ ફુટી ગયું? હાય! અવતાર એળે ગયો? હવે આ જીવતર શા કામનું છે? હવે આ સુંદર દેહ શા કામની છે? એ ભ્રષ્ટ થયેલી દેહનો કોણ અંગીકાર કરશે? કોઈ નહીં? આ

નષ્ટ થયેલી દેહ પડી જા. બલી ભસ્મ થઈ જા. તારૂં હવે કામ નથી. તું નાશવંત છે. પાપરૂપ છે. ઘોઝારી છે, નીર્દય છે, કઠોર છે. આહાહા! તારો ગર્વ કરનાર, તારા ગર્વને ઉત્તેજન આપનાર, તારા ગર્વને લાડ લડાવનાર, તારા ગર્વને હલાવી પુલાવી મસ્ત બનાવનાર આ જગમાં કોણ સુખી થયું છે? કોણે કીર્તીના નગારા વગડાવ્યા છે? કોણ ભવસાગર તરવા પામ્યું છે કે હું પામીશ? ખરેખર દેહના એ મોહરંગ સમુદ્રના ફીણ, અને રૂવાડાના બાચકા સરખો છે.

કોકીલા! કોકીલા!! મેં તમારો મહા અપરાધ કર્યો છે. મેં તમારા પ્રિતમને મહા દુઃખ દીધું છે. તે અપરાધ બદલ તમારે જે શીક્ષા કરવી હોય તે કરો. તમે મને પ્રાણદાન દીધું છે. તેથી તમારે શરણે છું. તમે મહા સતી છો? દયાળુ છે? ગુણીયેલ છો? તમારા ગુણનો બદલો મારાથી વાળી શકાય એમ નથી.

કોકીલા—અજબકુમારી! અજબ થઈ ખેદ કરીશમાં. બનનાર કદી પણ મિથ્યા થતું નથી. વિધિના લેખ ટળતાં નથી. ભાવીક બળવાન છે. માણસ માત્ર ભુલથી ભરેલું છે. તો પછી તને શ્યો દોષ દેવો?

શ્રીરંગા—બ્હેન! બચિત એમજ છે. પણ થયેલી ભુલને સુધારી પાપનું નીવારણ કરી, સદાચરી બની સદગતિને પામે તોજ માણસની માણસાઇ કહેવાય! શોક કરવાથી કે દુઃખના ઉદગારો કાઢવાથી બગડેલી બાજી સુધરતી નથી! પણ તે સુધારવાનો પ્રયત્ન કરવાથીજ શુધરે છે.

કોકીલા-તેની ભ્રષ્ટ થયેલી બુદ્ધિની કઠોરતાએ કરીને, તેને કાંઈ પણ પ્રયત્ન કરવાની સુઝ પડનાર નથી.

અજબકુમારી-એનું કંઈ કારણ?

શ્રીરંગા-એનું કારણ શું તું જાણતી નથી? શા માટે ભેદનો પડદો ખુલ્લો કરાવવા માંગે છે? નીચ કેવી દશાને પામે છે. તેનો તે પ્રત્યક્ષ દાખલો જોયો છે, છતાં તારા પાપી અંતરને સુધ્ધ કરતી નથી? તારા દુષ્ટ સકલ્પ વીકલ્પોને તજતી નથી? તારી વૃત્તિને બદલતી નથી? તારા પાપી મનોભાવનો ત્યાગ કરતી નથી? તારી ઝેરી આંખમાંથી જરા પણ ઝેર ઓછું કરતી નથી? તો પછી તને તારા બગડેલા ભવને સુધારવાનો પ્રયત્ન કરવાની સુઝ કેમ પડે?

કોકીલા-અજબકુમારી! 'ઉપરકી તો અચ્છી બની, ભીતરમાં તો રામ જાણે' એવી કનીષ્ઠ વાતો કરવી ને સમજાવવી મુકી દે. બહુ થઇ, બહુ કીધી. હવે જરાક રહીને તેનો વીચાર કર. વેર ઝેરનો ત્યાગ કર. સમાન દ્રષ્ટી રાખ. એવો દુષ્ટ સ્વભાવ રાખવાથી તારો માનવ માનખો ન સુધરતાં ધુળમાં રોળાશે?

શ્રીરંગા-રોલાસે? ખચીત્ત રોલાશે? હવે બાકી શું રહ્યું છે? બધુએ વાજતે ગાજતે માંડવે આવશે? તમે તેને ગમે તેટલું કહોની? એતો ભેંસપર પાણી રેડવા સરખું છે?

અજબકુમારી-"હાડીયણને મન હસવું, ને દેડકીનો જીવ જાય" તેવી વાતો શું કરો છો? 'દુઃખ ઉપર દામ.' "પડતાપર પાટું.' કેવું વિચિત્ર બોલવું છે. બળતાને બારવું કે ઠારવું.

શ્રીરંગા—આ કંઈ કોકીલા નથી? કે તારા બોલવાનો તોલ કર્યા વગર તને વશ થઈ જાય? તારા અંતરનો ઉંડો ભાવ હું સારી પેઠે સમજું છું. તેથી મારા સબ્દો તને ખારા લાગે છે? પાપનો પસ્તાવો કરતી નથી પણ પાપનો ભારો બાંધવાનો માર્ગ શોધે છે. ખચિ-ત તને તારા અપરાધ બદલ શીક્ષા થવી જોઇતી હતી. પણ કોકીલાએ ન કીધી એજ મોટી ભુલ છે. એ ભુલનો ભોગ કોકિલાએ આપવો પડશે.

અજબકુમારી—અરેરે? મરતીને શા માટે શબ્દો રૂપી બાણુથી વિંધિ નાંખો છો. નમેરી થઇ માથાથી તે પગ સુધી શા માટે બાળી નાંખો છે. હાય! મારૂં કોઈ નહીં? આમ આક્રંદ કરતી નીચે પડી ગઇ. દાંતની દોઢ વાલી દઇ, આંખની કીકીઓ ઉંચે ચઢાવી લઇ બે શુદ્ધ બની ગઈ.

આ જોઈ કોકિલા તેની સારવાર કરવા જાય છે, તેવીજ શ્રીરંગા ઉભી થઈ કોકીલાનો હાથ પકડી, કોકિલાને કહ્યું કે, 'બ્હેન જરા ધીરજ રાખો. એની આગતા સ્વાગતા કર-કરવાથી તે શુધ્ધીમાં આવે એવી તેની સ્થીતી નથી. એતો પોતાની મેળેજ સુધીમાં આવશે. પડી રહેવા દો અહીં. ચાલો હવે આપણે આપણાં શયન ગ્રહમાં જઇ થાકેલા શરીરને જરાક વિશ્રાંતી આપીએ.

આ બંને સખીઓ અજબકુમારીને અહીં પડતી મુકીને શયન ગ્રહમાં જઈ નીદ્રા દેવીને વશ કરવા માટે પલંગપર આલોટવા લાગીઓ. નિમિશવારમાં નીર્દોષ બાળા કોકીલાતો નીદ્રા દેવીને આધીન થઇ. પણ શ્રીરંગા જે મહા ચતુર હતી

ત્રણ કાળનુ જ્ઞાન ધરાવતી હતી. તે અજબકુમારીનું ચરિત્ર જાણવા માટે જરા પણ નિંદ્રા દેવીને વશ ન થતાં શું ચમત્કાર બને છે, તે જોવાની રાહ જોતી પલંગપર પડી.

પ્રિય વાંચકો ! અત્યાર સુધીમાં અજબકુમારીએ જે કાંઇ કહ્યું હતું તે સુધ્ધ અંતકરણથી નહોતું કહ્યું. કપટ બુદ્ધિથી કહ્યું હતું. તે સર્વે શ્રી રંગા જાણતી હતી પણ કોકિલા જાણતી નહોતી. તેથી શ્રીરંગ કોકિલાની મરજી મુજબ વર્તતી હતી.

મ્હેલની ઘડીયાલમાંથી બારનો ઠોકો પડતાંજ અજબકુમારી આળસ મરડવા લાગી. આસપાસ નજર કરવા લાગી. તેણીના જોવામાં કોઈ પણ ન આવવાથી તરત ઉભી થઇ. તે જોઇ શ્રીરંગા તરત પલંગપરથી ઉતરી બીજા ઓરડામાં દાખલ થઈ. ધીમે ધીમે અજબકુમારી જ્યાં કોકિલા સુતી છે ત્યાં ગઈ. કોકીલાને ભર ઉંઘમાં પડેલી જોતાજ, અજબકુમારીએ પોતાની કમરમાંથી ખંજર કાઢી કહેવા લાગી કે, " ઓ ખંજર! તારૂં વેર લેવા તૈયાર થા. તારા દુઃશ્મનની ખબર લેવા સજ થા. હા એજ દુશ્મન, નહી; દુશ્મનની પ્રિયાંગના. દુશ્મનને બચાવવા, દુશ્મનને ઉગારવા, દુશ્મનને આ જગતનો લ્હાવો લેવરાવવા જાય છે. તે જાવા ન પામે, તે તારો ભોગ થઇ પડે, તોજ મારા સુખનો, વૈભવોનો નાશ કરનાર પહેલો પાપી, મહા ચંડાળ ગુણનીધીનો નાશ થાય. તોજ મારૂં વેર વળે. તોજ સુખની પ્રાપ્તી થાય. હાય ! મારી અદભુત શકિતનુ હરણ કરનાર. આ કોકિલા છે. એ શકિતવડે કોકીલાએ વિલાસપુરના નાસ્તીક રાજાનો અહંકાર ઉતાર્યો છે. તે શકિત કયાં

સુધી તારૂં રક્ષણ કરશે? ક્યાં સુધી તારા હાથને શોભાવશે? હાય! મહા મુસીબતે ગયેલી વસ્તુ હાથ આવી છે. તેને શા માટે જવા દેવી! ભલે લોહીની નિક ચાલે? ભલે આ પ્રાણ ચાલ્યો જાય? તો પણ પાછી પાની નહીં ભરીશ. ચાલ. શું જોય છે? ઢીલ કરમાં, વખત ગુમાવમાં, કાળ સ્વરૂપ ધારણ કર. હાથમાંથી છુટી દુશ્મનની છાતી ફાડી આરપાર નિકળ." આમ બોલતી ને હાથમાં ખંજરને ઉછાળતી, અજબકુમારી કોકિલાને મારવા પલંગપર ચઢવા જાય છે, તેવીજ પલંગપરથી પાછી નીચે પડે છે. તેવીજ અજબકુમારી પાછી બેઠી થઈ, શુરે ચઢીને મન સાથે કહેવા લાગી કે, "હાય! ભુલી? નસીબે ભુલાવી? નસીબે ડુલાવી? ખંજરથી નહી મરે, ખંજરથી એના પ્રાણ નહીં જાય? ખંજરથી હરી ગયેલી શકિત પાછી મને પ્રાપ્ત નહીં થાય? આ ઠેકાણે ખંજરનું કામ નથી. પણ મોહ મંત્રનું કામ છે. મોહ મંત્રથીજ કોકીલાનો નાશ થશે. માટે ચાલ જીવ તારા મોહ મંત્રનો પ્રયોગ ચાલુ કર."

અજબકુમારીના મુખમાંથી આ શબ્દો નીકળતાજ શ્રીરંગા તરત પોતાના શસ્ત્રો સજી લઇ. એકદમ મહેલની નીચે ઉતરી ગઇ, અને કોઈ જોઇ ન શકે તેવી રીતે એક વડના થડમાં ભરાઇ ઉભી.

અજબકુમારીએ તરત મોહ મંત્રનો પ્રયોગ ચાલુ કર્યો, તે પ્રયોગ પુર્ણ થયા પછી અજબકુમારીએ તરત કોકીલાને અધર ઉપાડી માથાપર મુકી મહેલની નીચે ઉતરી. ધીમે

ધીમે આગળ ચાલી. ચાલતી ચાલતી તે શહેરની બહાર નીકળી એક વીસાલ કુવા આગળ આવી, તે કુવામાં કોકીલાને ફેંક દીધી. આ વખતે શ્રીરંગા પણ અજબકુમારીની પાછળ હતી.

આ કુવામાં એક વડ હતો. અને તે વડમાં એક બ્રહ્મ રાક્ષસ રહેતો હતો. જેવી કોકીલા પડી, તેવો તેનો સ્પર્શ રાક્ષસને થતાજ, રાક્ષસે તેને બે હાથની ઉપર ઝીલી લીધી. કોકીલાને પુલ સરખી રાખી, રાક્ષસ કુવાની બ્હાર આવ્યો. તે જોઇ અજબકુમારી જીવ લઈ ન્હાસી. તેને પકડવા માટે શ્રીરંગા તેની પાછલ દોડી.

રાક્ષસે કોકીલાને સુધીમાં આણીને કહ્યું કે, 'અહો બાળા તારા સ્પર્શથી મારા જીવનો ઉદ્ધાર થયો છે. મારા દેહનું કલ્યાણ થયું છે. હવે હું આ પીશાચ યોનીમાંથી છુટી ગયો છું. માટે માગ ! જોઇએ તે માગ ! ! વર આપવા તૈયાર છું.

કોકીલા—અહો રાક્ષસ રાય ! અધમ યોનીમાંથી છુટી મોક્ષપદને પ્રાપ્ત થયા છો. તેના બદલા તરીકે તમે મારી પર પ્રસન્ન થઈ મને વર આપવા તૈયાર થયા છે, તે જાણી મારા આનંદનો પાર રહયો નથી. મને બીજું કંઇ જોતું નથી, માત્ર મને એટલુંજ જોઈએ છે કે, દક્ષીણ દિશાએ આવેલા કાલા પર્વત ઉપર જવુ છું. તે ઉપર હું નિમિશવારમાં જઈ શકું એવો વર મને આપશો ?

રાક્ષસ—પ્રિય બાળા ! તારો સર્વત્ર જય થાઓ. તારી મન ઇચ્છા પુર્ણ થાઓ. તારા કંટકોનો નાશ થાઓ. લે આ મારી જટા આપુ છું, તે લે. તે જટાને, અજબકુમારીવાલા રથને

બાંધજે, જેથી તે રથ અધર ઉડી તને કાળાપર્વતની ઉપર પહોંચાડશે. એટલું કહેતાજ તે બ્રહ્મ રાક્ષસ વાયુ રૂપ થઇ વાયુના તત્વમાં મળી ગયો. કે તરત તેની ઝટા લઇ લીધી.

એટલામાં શ્રી રંગા અજબકુમારીને ગરદનમાંથી પકડી કુવા આગળ આવીને કોકિલાને કહયું કે, "તમને કુવામાં નાખનારને પકડી લાવીછું કહો કે, તેને શી શીક્ષા કરવી છે ?

કોકીલા–બ્હેન શ્રીરંગા ! તું સમજું છે, એટલે તને વધુ શુ કહું. એનેતો મારી ઉપર મ્હોટો ઉપકાર કર્યો છે. તે ઉપકારનો બદલો કેમ વાળવો તે તું જો સમજતી હોય તો તે પ્રમાણે કર. શ્રીરંગાને તો એટલુજ જોતું હતું.

શ્રીરંગા–અરે ઓ દુષ્ટ નિર્લજ ! નફટ નારી, નારી જાતને એબ લગાડનારી કુલટા હજી તારૂ કુલટાપણું મુકતી નથી ? આટલુ આટલું ભોગવે છે, વનવન ભટકે છે. કુટુંબ કબિલાનો વિયોગ સહન કર છે. છતાં તને કાંઈ ભાન આવતું નથી. તું કેવી નિર્દય છે. તું કેવી ઘાતકી છે. આ ઠેકાણે જો કોઈ પુરૂષ હોતતો તને શી શીક્ષા કરત ? કેવી દશાએ પહોંચાડત ? તેનો જરા વિચાર કર. કયાં ગયું તારૂં ઝેરી ખંજર ? કયાં ગયું તારૂં મોહ મંત્ર ? કયાં ગયું તારૂં શુરાતન ? વેર લીધું કે વેરને વધાર્યું. વેરણને મારી કે વેરણને ઉગારી ? તું હવે જીવીને શું કરનાર છે. જીવવા કરતાં મરવુ ભલું છે. તારા જેવીનો આ દુનિયામાં ખપ નથી. તારાથી દુનિયા બગડશે, પણ સુધરસે નહીં. તારૂં જોઈ બીજાઓ શીખશે. તું સ્પર્શ કરવા યોગ્ય નથી. તું વિશ્વાસ કરવા લાયક નથી. તું કયારે નિકન્દન કાઢવા તત્પર

અંઈશ તે કહી શકાતું નથી. તારી આ ચાલ જોઈ, તારી આ ગતિ નિહાળી, તારી આવી અધમ અનીતિ દેખી મને માહા ખેદ થાય છે. મને મહા પસ્તાવો થાય છે કે તું ને તારા જેવી બીજીઓ જગત કર્ત્તાને શું જવાબ દેશો? જગતકર્ત્તાના કોપને બલિદાન દેવા છતા તમારો આ લોક ને પરલોકમાં છુટકારો થવાનો નથી. માટે જા પાપણી. જા તારૂં કાલું કર, મારી ભુમિકાની શીમા છોડીને જા. ગમે ત્યાં જા.

અજબકુમારી—બસ હવે બહુ થયું. ન કહેવાનું હતું તે કહ્યું. હવે કયાં જઉં? કયાં મરૂં? મારનાર પણ તમે છો ને તારનાર પણ તમે છો? જોઈએ તો શરણે લો. જોઇએ તો શીક્ષા આપીને પાવન કરો. પાપી માર્ગે જતી અટકાવો. હું તમારા ચર્ણની રજ છું. તમારી રજથી મારૂં પાપ ઠેલાશે. મારૂં જીવતર સુધરશે. મારૂં બગડેલું ભવીષ્ય શ્રેષ્ઠ નિવડશે. તમ જેવી શીક્ષા દેનાર સાધવીઓ મને કયાં મળશે? ને તેના દર્શન મને કયાં થશે? માટે એ દેવીઓ તૃષ્માન થઈ, મારા અપરાધને ક્ષમા કરી કૃત કૃતાર્થ કરો. મહાન સ્ત્રીઓ અને માહન પુરૂષો, દુરગુણીઓના દુરગુણ ન જોતા, તેના તરફ સમદ્રષ્ટીથી જુવે છે. તેમ તમે પણ મારા દુરગુણો તરફ ન જોતા સમદ્રષ્ટીથી જોશો એવી મારી નમ્ર પ્રાર્થના છે.

કોકીલા—આ વખત તારા અપરાધને ક્ષમા કરવામાં આવે છે. તારા જેવીઓ નમેરી ન થતા તારી ઉપર દયા ભાવ રાંખી, તને તારા અપરાધમાંથી ઉગારવામાં આવે છે. નિતિનો ઠપ

ભણીશ, શારી શીક્ષા ગ્રહણ કરીશ. સર્વની સાથે માતૃભાવથી વર્તીશ, તોજ તારો બગડેલો અવતાર સુધરશે ? તોજ તારા પાપો ધોવાશે ? તોજ ઉંચ ગતીએ પહોંચીશ.

શ્રીરંગા–સ્ત્રી ધર્મ કેવો છે. તે તું શીખી નથી. તે તું જાણી શકી નથી. તે જાણવાનો તેં પ્રયત્ન કર્યો નથી. તેથી તારી આવી, દશા થઈ છે. તેથી તું આવી કઠોર સ્થીતીને પહોંચી છે. જો તારા પીતાએ તને લાડ લડાવ્યા નહોત, અને સ્ત્રી ધર્મના ઉત્તમ પ્રકારનું શીક્ષણ આપ્યું હુત, તો તું આવું ઘોર કર્મ કરવાને કદી પણ ઉન્મદ બની કુળને કલંકીત કરત નહીં. માટે સ્ત્રી ધર્મ કેવો છે તે તું શીખીશ તોજ તારો ઉદ્ધાર થશે ?

અજબકુમારી–એમાં મારા પિતાનો દોષ નથી. મારા પીતા મને શાસ્ત્ર સંબંધી જ્ઞાન અપાવવા માટે અથાગ મહેનત લેતાં હુતા. પણ આ પાપણીએ તેની અથાગ મહેનતને આ ધુળમાં ઢાંકી નાંખી, દુષ્ટ કૃત્ય કરવાને ઉન્મદ બની હતી. તેનો આ બદલો મને મળી ચુકયો છે. હુવે એથી વધારે શું કહું. કેતા અંગમાંથી કંપારી છુટે છે. તકદીર. તકદીર આગળ તદબીર કંઇ કામ આવતી નથી. તકદીર ઉત્તમ હુત. તકદીર ચળકતું હુત. તો આજે આવા મહા સંકટો સેવવા પડત. હશે. એ પણ દોહુલા દીવસ નીકળી જશે. ખરાબમાંથી સારૂં થશે. બગડયું એ સુધરશે. સુધારાનાર હરિ બળવાન છે. જેવી એની ઇચ્છા.

આમ ત્રણે જણીઓ ધર્મનીતીપર સ્વાંદ ચલાવતીઓ મહેલમાં દાખલ થઈઓ. એટલામાં તિમિરનો નાશ કરતાં સુર્ય નારાયણની સ્વારી પધારી વીલાસપુરને જાગૃત કર્યું.

હવે નિત્યનાં નિત્ય કર્મો કરી, નિત્યના નિયમાનુંસાર અન્નદેવનો પ્રસાદ લઇને આ ત્રણે જણીઓ પાછી એકાંન્ત ભુવનમાં બિરાજમાન થઈને ક્ષણ ભર જગત ચર્ચા ચલાવ્યા પછી કોકિલાએ કહયું કે, 'અહો સુભાગી સખી!! ભાગ્યદેવીની ભાગ્ય શાળી પુત્રી ! તું અનેક પ્રકારની વિકટ વ્યાધિઓમાંથી મુકત થઈ સ્વતંત્ર થઈ છે. તારી સ્વતંત્રતાના પડઘા સર્વત્ર પડી રહયાં છે, તારી કીર્તીનો જયઘોષ સર્વત્ર ગડગડી રહયો છે. હવે તને કોઇપણ પ્રકારની અશાંતિ રહી નથી. સર્વત્ર શાંતિ શાંતિ પથરાઈ ગઇ છે. તેથી તારૂ રાજતંત્ર તું નીંવિઘ્નેથી ચલાવ જે. તારા રાજ તંત્ર કાર્યમાં કાંઇપણ અલવલ આવે એવું કાર્ય કરીશમાં. સૌમાં તું પ્રિય થઇ પડે. સૌ તને ચ્હાય, સૌમાં તું પુજાય. સૌ તારા યસોગાન ગાય. સૌ તારી માન્યતા રાખે. સૌ તારી આજ્ઞા પાળે, એવી નીતિથી, એવી લાયકીથી અને એવા પ્રમાણીકપણાથી તારી રાજ સત્તાનો કિલ્લો મજબુત કરજે તારી રાજ સત્તાનો અંકુશ ત્રુટે નહીં. પ્રજા બે દીલ થાય નહીં, એવી યુકતીથી તારી પ્રબલ સત્તાનો અમલ કરજે. સૌનું સારૂં થાય, સૌ ઉંચી સ્થીતિએ પહોંચે; એવી બુધ્ધથી, માયાથી, દયાથી વર્તાજે. તેમાજ તારો શ્રેય છે. તેમાંજ તારી અચલ કીર્તીનો ઉદય છે. રાજ સત્તા પ્રાપ્ત થઇ છે, તેનું અભિમાન ન રાખતા, તેનો ગર્વ ન કરતાં, સૌની ઉપર સમાન દ્રષ્ટિ રાખી, તારા ધર્મો અને કર્મોનો કદીપણ ત્યાગ કરીશમાં. જેમ તું તેનું

સદાહિત સેવન કરતી આવી છે તેમજ કરતી રહેજે. રાજ્ય સ-તાતો દુઃખ મય છે. અકલ્યાણ કર્ત્તા છે. નર્કનું દ્વાર છે. પણ સતિના ધર્મો અને કર્મો સર્વ પાપનો નાશ કરી તારણ કરનાર છે. અંતકાલને સમયે સાથે, રાજ સ-તા, રાજ વૈભવો, રાજ ખજાના આવવાના નથી, પણ સાથે ધર્મ અને કર્મ આવવાના છે. રાજ સ-તા, રાજ વૈભવો, રાજ ખજાનામાં કોઇપણ જબરદસ્તીથી કે સહેલાઇથી ભાગ પડાવી શકે છે. પણ આ ધર્મ કર્મમાં કોઈપણ ભાગ પડાવી શકવા સમર્થ નથી; આટલોજ મારો તને ઉદેશ છે.

હુવે તું આનંદમાં તલ્લીન થઈ છો. આનંદના હુલ્લાસમાં મગ્ન બની છો. તેથી હુલ્લાસના રંગમાં છો. તે રંગમાં રહી હસ્તે મુખડેથી પોતાને ઘેર આવેલી પોતાની પ્રીય સખિને ઉદાર વૃત્તિથી જવાની રજા આપીશ.

શ્રીરંગા—હા! હા!! સખી! હા!!! ઠીક વખત સાંધ્યો છે. ઠીક રંગ જમાવ્યો છે. કેવો ઉપદેશ? કેવી સીખામણ? કેવો ઉ-તમ બોધ? ધન્ય છે સખી! તમારી બુધ્ધિને. ધન્ય છે સખી તમારી ઉંચી શકિતને? તમારા ગુણના જેટલા વખાણ કરૂં એટલા આ સમે થોડા છે. તમારી જેવી સખી મને મળવી દુર્લભ છે. સખી તમારા વગર, કાળની સાથે બાથ ભીડી, કાળના મુખમાંથી મને કોણ છોડવત? આ પદ્ધતીએ કોણ પહોંચાડત? એ સખીને દુઃખી જોઇ, શું હું સુખ ભોગવું. તે સખીને વનોવન ભટકતી રાખીને શું હુ રાજ સ-તા ભોગવું? તે સખિને મહા કષ્ટ વેઠવા દઉં. અને હું આ રાજનું સર્વો-તમ સુખ ભોગવું? સખી ના, ના, એમ નહીં બને.

સખી તારા પ્રેમ આગળ, તારા ગુણ આગળ, તારી બુદ્ધિ આગળ આ રાજ સ-તાને હું તુચ્છ સરખી ગણું છું. આ રાજ વૈભવ અને સંસારનું સુખ મળશે. તારા જેવી ઉદાર વૃત્તિવાળી દયાળું દીલવાળી સખી નહીં મળે? તે સખીને એકલી જવાં દઉ? તે સખીના દુઃખમાં ભાગ ન લઉ. કોણ એવી ભાગ્યહીણ અને નગુણી હશે કે પોતાને કરેલા ગુણનો બદલો વાળી આપવાને મુર્ખાઇ કરે. રાજ એજ પાપનું મુખ્ય સ્થાન છે. તે સ્થાનમા મને નાખવાને તમે રાજી છો? કર્મ બંધનમાંથી મુકત થવા માટે બાપની શીક્ષા કબુલ કરી. તો પછી પાછી કર્મ બંધનમાં પડું. એતો નથીજ બનનાર. મને સુખ વ્હાલું નથી, મને વૈભવ વ્હાલો નથી; પણ મને ખરા સ્નેહીનો ખરો સ્નેહ વ્હાલો છે, તેનો ખરો પ્રેમ મને વ્હાલો છે. માટે હે સખી! જો તમે મને ચ્હાતા હો. તમે મને પ્રિય ગણુતા હો. તો મને તમારી સાથે લઈ જશો. હું તમારા દુઃખ અને સુખની ભાગ્યેણ થવા ઈચ્છું છું. તો તે ઈચ્છા શું તમે નહીં પાર પાડો. તમે જરા પણ મારા મનને દુભવશો નહીં. તમે જરા પણ મારા મનને દુઃખી કરશો નહીં. હું તમારી છું, હું તમારી ચર્ણની અભિલાષી છું. તમે મારા દુઃખમાં ભાગ લીધો છે તો પછી હું સામાટે તમારા દુઃખમાં ભાગ ન લઉં.

કોકિલા—પ્રિય સખી! તારા અમૃત સરખા વેણો પ્રાસન્ન કરતાં મારા આનંદનો પાર રહયો નથી. ધન્ય છે તારી જનેતાની કુખને! સખી મલોતો આવીજ મળજો. સ્નેહનો લોભ રાખનાર સ્નેહને વધારી શકે છે, સ્નેહીનાં દુઃખને ટાળી શકે છે. પણ

જે સ્નેહીના કટા શત્રુઓ છે તે તો સ્નેહીને અને પોતાને દુ:ખ રૂપી ખરાબ સાથે અથડાવી મારે છે. એવાઓથી સ્નેહ ન રાખતાં દુર રહેવામાંજ લાભ છે. પ્રિય સખી ! તને જે રૂચ્યું તે મને ગમ્યું તે જે; કહયું તે મેં શીર સમાન ગણ્યું. તારા વેણ પાછા ફેરવતી નથી. પણ દુ:ખ માત્ર એટલુંજ છે કે આ વિલાસ પુરની રાજ સ-તા કોને આપવી ?

શ્રીરંગા—વિલાસપુરનું ગમે તે થાય. તે સાથે આપણો શું સંબંધ છે. એવી રાજમોહીનીની માયામાં શા માટે લુબ્ધ થવું જોઇએ ? તમારી ઇચ્છામાં આવ્યું તેમ કીધું, અને હવે તેમ કરોતો તમારી વચ્ચે કોણ આવનાર છે.

અજબકુમારી—શ્રીરંગાનું કહેવું ખરૂં છે. બીજાને શા માટે શોધવા જવું પડે. શ્રીરંગાના બાપનેજ પાછું વિલાસપુર સોંપોતો શી હરકત છે.

શ્રીરંગા—મારા પિતાને તો સોંપશોજ નહીં, જો સોપશો તો આસ્તક થયેલી પ્રજાને નાસ્તિક બનાવ્યા વગર કદી પણ રહેશે નહીં. એ આસ્તિકનો પકકો શત્રુ છે.

કોકીલા—એ પણ સત્ય છે. એમ કરવાથી આપણા કરેલાં સ્તુતિ પાત્ર કાર્યને દુખણ લાગશે. તો પછી શી વ્યવસ્થા કરવી તે શ્રીરંગા તુંજ કહેની.

શ્રીરંગા—આપણું કાર્ય આપણે કરી આવીએ ત્યાં સુધી આ વિલાસપુરની સ-તા અજબકુમારીને આપો. આશા છે કે તે સાંગોપાત ચલાવશે. એ ચલાવવામાં એનામાં કંઇક સ-તા છે. એ રાજ સ-તા ચલાવવી મારા જેવી નિરદોષ બાલાનું કામ નથી પણ સર્વે વાતે પ્રપંચી અને ખટપટીનું કામ છે.

કોકીલા–શ્રીરંગા ! અજબકુમારી વીલાસપુરની સત્તા ભોગવી શકશે ? એવી તારી ખાત્રી છે. નવનું તેરતો નહીં વેતરેને ? ઉંધું વેતરશે તો મહા વિમાસણમાં પડવું પડશે. પછી તારી જેવી ઇચ્છા.

અજબકુમારી–નારે ના બાઈ, એ ખટપટમાં કોણ પડે ? એ ઉપાધી શા માટે જોઇએ ? હું તો તમારી સાથે આવીશ, એમાજ મને લાભ છે.

શ્રીરંગા–તારાથી અમારી સાથે આવી શકાય એમ નથી. તેથીજ તને વીલાસપુરની રાજ્ય રાણી બનાવવામાં આવે છે. માટે સાથે આવવાની હઠ ન કરતાં હું કહુ તેમ કરવાને તત્પર થા. તેમાજ તને લાભ છે.

કોકીલા–એમજ છે. તો પછી ધર્મના કામમાં ઢીલ શા માટે કરો છો. અજબકુમારી ભલે થઈ જાય. તું પણ વીલાસપુરની રાજ્યરાણી બની બે ઘડીની સત્તા અમારી ઉપર ભોગવી લે.

અજબકુમારી–હું તો તમારા ચર્ણની રજ છું. શીદને મારી હાંસી કરો છો. તમે રાણી બનાવશો તો બનીશ. મારી કયાં નાં છે.

આ ત્રણે જણીઓ એકમત થતાંજ વીલાસપુરની ગાદીપર મોહોટી ધામધુમથી અજબકુમારીને બેસાડી ને તેની આણ ફેરવી.

અજબકુમારી રાજ્યાભિષક થયા પછી રાજ્યરાણી બની મ્હેલમાં આવી સિંહાસનપર બેઠી કોકિલા અને શ્રીરંગાને

કહયું કે, 'મારી ઉપર તમે કરેલા ઉપકારના બદલા તરીકે તમને અદ્રશ્ય રહેવાની વિદ્યા શિખવું છું, તે શીખો, તેથી તમને તમારા કામમાં બહુ લાભકારી થઈ પડશે,

કોકીલા–તારી એમ ઇચ્છા છે તો અમારી ના નથી, એમ કહીને અદ્રશ્ય રહેવાની વિદ્યા શીખી લીધી અને અજબ કુમારીનો રથ ધોઇ સાફ સુફ કરી તેમા કોકીલા અને શ્રીરંગા વીરાજમાન થઈ, રાક્ષસની દીધેલી ઝટા રથને બાંધી કોકીલાએ કહ્યું કે, 'હે રથ આ ઝટાની આજ્ઞાથી તું આકાશ માર્ગે ઉડી દક્ષીણ દીશાએ આવેલા કાલા પર્વતની ઉપર લઇ જા.'

કોકિલાની આજ્ઞા થતાંજ રથ એકદમ આકાશ માર્ગે ગમન કરવા લાગો અને ગમન કરતો કરતો કાલા પર્વતપર જઇ પહોંચ્યો.

વાંચવા લાયક પુસ્તકો.

	રૂ.	આ.	પૈ
વીલાસ સુંદરી ત્રીજો ભાગ છપાય છે. ...	૦	૧૨	૦
માનસિંહ—અભેસિંહ	૦	૬	
ગુલાબસિંહ—ઠાકોર	૦	૬	૦
ભજન સાગર	૦	૧૨	૦
ભજન ભંડાર	૧	૦	૦
ચિતોડનો ઘેરો અને અનીતીના માઠા પરિણામ ...	૦	૩	૦
બાગો બાહારે ગુલશન	૦	૨	૦
ગુલઝારે ગુલશન	૦	૨	૦
ફરિયાદે બુલબુલ અને કુમરી સંગ્રહ	૦	૨	૦
બાદશાહ અને બીરબલ ૬ ભાગ	૦	૧૨	૦
બાદશાહ અને બીરબલ ૭ થી બાર ભાગ છપાય છે.	૦	૧૨	૦
વિલાસ સુંદરી અને અદભુત જાદુનો પલંગ ...	૦	૬	૦
વિલાસ સુંદરી બીજો ભાગ	૦	૧૨	૦
ભોજ કાલીદાસ ભાગ ૧—૫ છપાય છે ...	૦	૮	૦

ઠે૦ અબદુલ
રહેમાન સ્ટ્રીટ
કમર પ્રેસ

પ્રાગજી પરસોતમ
પ્રીન્ટર અને પબલીશર.

આ ચોપડીઓ મલવાનું ઠેકાણું—માંડવી મસીદ પુલની સામે વશનજી હરીરામ બુકસેલરને ત્યાંથી મલશે.

ઠે૦-વસનજી પરમાણંદ ચાહવાળા-કાળબાદેવી તેલ વાડીને ન

શા. પ્રેમચંદ હઠીસંગ-ત્રાંબા કાંટા